ગુજરાતનું વિશ્વસનિય દૈનિક


# પાક્કો ગુજરાત

RNI NO. : GUJGUJ/2016/67425

02 MARCH, 2026 MONDAY

પેજ 2  દાંતીવાડા ડેમની મુખ્ય કેનાલમાં ગાબડું, એક અઠવાડિયાથી ખેડૂતો પરેશાન

પેજ 3  ખોખરાના પૂર્વ શિક્ષિકા નિરૂબેન દ્વારા ડાકોરના પદયાત્રીઓ માટે ફળ અને નાસ્તાની વ્યવસ્થા કરાઈ

પેજ 7  દેશના સૌથી વ્યસ્ત રેલવે સ્ટેશનના અત્યાધુનિક કંટ્રોલ રૂમનો નજારો

પેજ 5  ડાંગ જિલ્લામાં વિવિધ કાર્યક્રમો સાથે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરાઈ

I Pakkogujarat/ I VOL : 10 I Issue : 344 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com

### ટ્રમ્પે કહ્યું - ઈરાનની ટોપ લીડરશીપ ખતમ :નેતન્યાહુએ કહ્યું - હજુ વધુ હુમલા કરીશું

# ઈઝરાયેલે ઈરાન પર 30 કલાકમાં 2000 બોમ્બ ફેંક્યા

### 1981માં તેહરાનની એક મસ્જિદમાં ભાષણ દરમિયાન ખામેની પર બોમ્બ હુમલો થયો. તે જ વર્ષે એક અન્ય બોમ્બ વિસ્ફોટમાં તત્કાલીન રાષ્ટ્રપતિનું અવસાન થયું. આ પછી થયેલી ચૂંટણીમાં ખામેની ભારે બહુમતીથી જીતીને ઈરાનના ત્રીજા રાષ્ટ્રપતિ બન્યા

• નવી દિલ્હી

ઈઝરાયેલ-અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધનો આજે ત્રીજો દિવસ છે. શનિવારે શરૂ થયેલા આ જંગના પહેલા જ દિવસે ઈરાની સુપ્રીમ લીડર આયાતુલ્લા અલી ખામૈનીનું મૃત્યુ થયું હતું. રવિવારે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે આ હુમલાઓમાં ઈરાનના 48 'નેતાઓ' માર્યા ગયા છે. ઈઝરાયેલી સેનાના જણાવ્યા અનુસાર, યુદ્ધના પ્રથમ 30 કલાકમાં 2,000થી વધુ બોમ્બ ફેંકવામાં આવ્યા છે. આ સમયગાળા દરમિયાન ફાઈટર જેટ્સે 700થી વધુ ઉડાન ભરી છે. ઈરાને વળતા જવાબમાં ઈઝરાયેલ સહિત 9 દેશોમાં આવેલા અમેરિકી બેઝ પર હુમલા કર્યા છે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ કહ્યું છે કે આગામી દિવસોમાં તેહરાન પર હુમલા વધુ તેજ કરવામાં આવશે.

ખામૈનીના મોત પર ઈરાનમાં 40 દિવસનો રાજકીય શોક અને સાત દિવસની રજા જાહેર કરવામાં આવી છે. ઈરાનમાં સત્તા સંભાળવા માટે હાલમાં ત્રણ સભ્યોની એક કામચલાઉ (અસ્થાયી) સમિતિ બનાવવામાં આવી છે. જેમાં દેશના રાષ્ટ્રપતિ મસૂદ પેજેશકિયન, ન્યાયતંત્રના વડા મોહસેની એજેઈ અને ધર્મગુરુ અલીરઝા અરાફી સામેલ છે.

અયાતુલ્લા અલી ખામેનીનો જન્મ 19 એપ્રિલ 1939ના રોજ ઈરાનના ધાર્મિક શહેર મશહદમાં એક મૌલવી પરિવારમાં થયો હતો. તેઓ ખોમેની શાહની નીતિઓ વિરુદ્ધ હતા અને ઈસ્લામિક શાસનની હિમાયત કરતા હતા.

1963માં શાહ વિરુદ્ધ ભાષણ આપવા બદલ તેમની ધરપકડ પણ કરવામાં આવી હતી. ધીમે ધીમે તેઓ સરકાર વિરોધી આંદોલનનો મોટો ચહેરો બની ગયા અને ખોમેનીના વિશ્વાસુ સહયોગી માનવામાં આવવા લાગ્યા. 1979માં ઈરાનમાં ઈસ્લામિક ક્રાંતિ થઈ અને શાહની સરકાર પડી ગઈ. ખોમેની દેશ પાછા ફર્યા અને નવી ઈસ્લામિક સરકાર બનાવી. ખામેનીને ક્રાંતિકારી પરિષદમાં સ્થાન મળ્યું અને બાદમાં તેમને ઉપ



સંરક્ષણ મંત્રી બનાવવામાં આવ્યા.

1981માં તેહરાનની એક મસ્જિદમાં ભાષણ દરમિયાન ખામેની પર બોમ્બ હુમલો થયો. તે જ વર્ષે એક અન્ય બોમ્બ વિસ્ફોટમાં તત્કાલીન રાષ્ટ્રપતિનું અવસાન થયું. આ પછી થયેલી ચૂંટણીમાં ખામેની ભારે બહુમતીથી જીતીને ઈરાનના ત્રીજા રાષ્ટ્રપતિ બન્યા. 1989માં ખોમેનીના નિધન પછી ખામેનીને દેશના સર્વોચ્ચ નેતા એટલે કે 'રહબર' બનાવવામાં આવ્યા. આ માટે બંધારણમાં પણ ફેરફાર કરવામાં આવ્યો. સમર્થકો તેમને ઈસ્લામિક વ્યવસ્થાના મજબૂત રક્ષક માને છે, જ્યારે વિવેચકો તેમના પર કડક અને કટ્ટર શાસન ચલાવવાનો આરોપ મૂકે છે-ઈરાન યુદ્ધ સંબંધિત અપડેટ્સ વાંચવા માટે નીચે બ્લોગ જુઓ

બહેરીનમાં મિસાઈલનો કાટમાળ પડવાથી લાગી આગ, 1નું મોત, 2 ઘાયલ બહેરીનના ગૃહ મંત્રાલયે જણાવ્યું છે કે, તોડી પાડવામાં આવેલી એક મિસાઈલનો કાટમાળ એક વિદેશી જહાજ પર પડતા તેમાં ભીષણ આગ લાગી ગઈ હતી. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, 'આગ લાગવાને કારણે એક એશિયાઈ શ્રમિકનું મોત થયું છે અને અન્ય બે વ્યક્તિઓ ગંભીર રીતે ઘાયલ થયા છે.' હાલમાં આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે અને તેને સંપૂર્ણપણે બુઝાવી દેવામાં આવી છે.અમેરિકાએ બહેરીન, જોર્ડન, કુવૈત, કતાર, સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત (UAE) સાથે મળીને એક સંયુક્ત નિવેદન જાહેર કર્યું છે. આ એવા દેશો છે જેના પર છેલ્લા બે દિવસમાં ઈરાને હુમલો કર્યો છે અને દાવો કર્યો છે કે તે તેમના ક્ષેત્રમાં સ્થિત અમેરિકી ઠેકાણાઓને નિશાન બનાવી રહ્યું છે.'અમે બહેરીન, ઈરાક, જોર્ડન, કુવૈત, ઓમાન, કતાર, સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત સહિત સમગ્ર વિસ્તારમાં સાર્વભૌમ ક્ષેત્રો પર ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનના અંધાધૂંધ અને બિનજવાબદાર મિસાઈલ અને ડ્રોન હુમલાઓની સખત નિંદા કરીએ છીએ. આ અયોગ્ય હુમલાઓએ સાર્વભૌમ ક્ષેત્રોને નિશાન બનાવ્યા છે, નાગરિક વસ્તીને જોખમમાં મૂકી છે અને નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન પહોંચાડ્યું છે.'બયાનમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે ઈરાનની આ કાર્યવાહી એક ખતરનાક તણાવનું કારણ છે જે અનેક દેશોની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન કરે છે અને પ્રાદેશિક સ્થિરતાને જોખમમાં મૂકે છે. નાગરિકો અને યુદ્ધમાં સામેલ ન હોય તેવા દેશોને નિશાન બનાવવા એ બિનજવાબદાર અને અસ્થિરતા પેદા કરતું વર્તન છે.

### મોદીએ UAEના રાષ્ટ્રપતિને કહ્યું- મુશ્કેલીમાં તમારી સાથે, ભારતીયોનું ધ્યાન રાખવા બદલ આભાર

## ઈરાન-ઈઝરાયલ યુદ્ધ: PM મોદીના નિવાસસ્થાને સુરક્ષા સમિતિની બેઠક

• નવી દિલ્હી

અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે સતત બે દિવસથી યુદ્ધ ચાલી રહ્યું છે. મિડલ ઈસ્ટના દેશોમાં ફસાયેલા ભારતીયો અને ભારતમાં સુરક્ષાને લઈને પીએમ મોદીના નિવાસસ્થાને સુરક્ષા સમિતિની બેઠક યોજાઈ. આ દરમિયાન CDS અનિલ ચૌહાણ પણ હાજર રહ્યા.



મીટિંગમાં વેસ્ટ એશિયામાં રહેતા ભારતીયો અને ત્યાં ફસાયેલા લોકોની સુરક્ષા, પરિસ્થિતિ બગડે તો તેનો કેવી રીતે સામનો કરવો, તેના પર ચર્ચા થઈ. હાલમાં, વેસ્ટ એશિયાનું એરસ્પેસ લગભગ બંધ છે. ઈરાનમાં લગભગ 10,000 ભારતીય નાગરિકો રહે છે, અભ્યાસ કરે છે અને કામ કરે છે. જ્યારે 40,000 થી વધુ ઈઝરાયેલમાં રહે છે. ગલ્ફ અને વેસ્ટ એશિયામાં લગભગ 90 લાખ ભારતીયો છે. પીએમએ X પર એક પોસ્ટમાં જણાવ્યું કે તેમણે UAEના પ્રેસિડેન્ટ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન સાથે વાત કરી. તેમણે UAE પર થયેલા હુમલાઓની નિંદા કરી. પીએમએ લખ્યું- 'ભારત આ મુશ્કેલ સમયમાં UAE સાથે ઊભું છે. ત્યાં રહેતા ભારતીય સમુદાયનું ધ્યાન રાખવા બદલ તેમનો આભાર માન્યો. અમે તણાવ ઓછો કરવા, શાંતિ, સુરક્ષા અને સ્થિરતાને સમર્થન આપીએ છીએ.'ખરેખર, ઈરાનના સુપ્રીમ લીડર ખામેનેઈનું ઈઝરાયેલી હુમલામાં મૃત્યુ થયું છે. દેશ-દુનિયાભરમાં આને લઈને પ્રદર્શનો થઈ રહ્યા છે. ભારતમાં પણ શ્રીનગર, લખનૌ, સંભલ, પટના સહિત 15થી વધુ શહેરોમાં પ્રદર્શનની તસવીરો સામે આવી.

## પાકિસ્તાને ફરી ડ્રોનથી જમ્મુ-કાશ્મીરમાં ઘૂસણખોરીનો પ્રયાસ

હાલ સમગ્ર દુનિયા વસુધૈવ કુટુમ્બકમની ભાવના ભૂલી ચૂકી છે. હાલની પરિસ્થિતિ એવી છે કે દુનિયા અનેક યુદ્ધનો સામનો કરી રહી છે. ગઈ કાલે જ ઈરાન પર ઈઝરાયલ અને અમેરિકાએ સંયુક્ત રીતે હુમલો કરીને વધુ એક યુદ્ધ છેડ્યું છે. એવામાં પાકિસ્તાન પણ પાછળ રહેવા માગતું નથી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પાકિસ્તાને વધુ એક વખત જમ્મુ અને કાશ્મીરના પૂંછમાં ડ્રોનથી ઘુસણખોરીનો પ્રયાસ કર્યો છે. જોકે ભારતની જાંબાઝ સેનાએ ફાયરિંગ કરીને પાકિસ્તાનના ઈરાદા પર પાણી ફેરવી નાખ્યું છે. ભારતે જવાબ આપતા ડ્રોનને પીછેહઠ કરવાની ફરજ પડી છે. ભારતીય સેનાના અધિકારીઓએ અહેવાલ આપ્યો છે કે સરહદી સૈનિકોએ રવિવારે વહેલી સવારે જમ્મુ અને કાશ્મીરના પૂંછ ક્ષેત્રમાં નિયંત્રણ રેખા નજીક બેથી ત્રણ નાના ક્વોડકોપ્ટરો દ્વારા હવાઈ ક્ષેત્રનું ઉલ્લંઘન કરવાના પ્રયાસને સફળતાપૂર્વક નિષ્ફળ બનાવ્યો હતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ઘટના સવારે 5:45થી 6:00 વાગ્યાની વચ્ચે બની હતી જ્યારે ક્વોડકોપ્ટરોએ LoC નજીક ભારતીય હવાઈ ક્ષેત્રમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કર્યો હતો.અધિકારીઓએ જણાવ્યું હતું કે સતર્ક ભારતીય સેનાના જવાનો દ્વારા તાત્કાલિક ડ્રોન વિરોધી કાર્યવાહીએ આ પ્રયાસને સફળતાપૂર્વક નિષ્ફળ બનાવ્યો, જેના કારણે ક્વોડકોપ્ટરને પરત ફરવાની ફરજ પડી. આ કોઈ અલગ ઘટના નથી. તાજેતરના દિવસોમાં નિયંત્રણ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ નજીક ઘણા ડ્રોન જોવા મળ્યા છે. ભવિષ્યમાં આવા પ્રયાસોનો સામનો કરવા માટે ભારતીય સેનાએ દેખરેખ અને જાસૂસીમાં વધારો કર્યો છે.

### પશ્ચિમ બંગાળમાં ભાજપની પરિવર્તન યાત્રાની શરૂઆત

## BJP અધ્યક્ષ નીતિન નબીનનો દાવો- બંગાળમાં 50 લાખથી વધુ ઘૂસણખોરોને મતદાર યાદીમાંથી હટાવાયા

• કૂચ બિહાર

ભાજપ અધ્યક્ષ નીતિન નબીને રવિવારે પશ્ચિમ બંગાળના કૂચ બિહાર જિલ્લામાં ભાજપની પરિવર્તન યાત્રાનો પ્રારંભ કર્યો. આ પ્રસંગે સભાને સંબોધતા નબીને દાવો કર્યો કે 50 લાખથી વધુ ઘૂસણખોરોને મતદાર યાદીમાંથી હટાવવામાં આવ્યા છે. આજે અમે બંગાળની આ પવિત્ર ધરતી પરથી ઘૂસણખોરોને સ્પષ્ટ સંદેશ આપવા માંગીએ છીએ કે હવે ઘૂસણખોરોને બહાર કરવાનો સમય આવી ગયો છે. નબીને આરોપ લગાવ્યો કે જે લોકોના નામ મતદાર યાદીમાંથી હટાવવામાં આવ્યા હતા, તેઓ ઘૂસણખોરો હતા અને તેઓ અસલી નાગરિકો માટે બનેલી સરકારી નોકરીઓ અને કલ્યાણકારી યોજનાઓનો લાભ લઈ રહ્યા હતા. સકારાત્મક વિચારસરણી સાથે આપણે નવા બંગાળનું બીજ રોપીશું. આપણે સૌએ તૈયાર થઈ જવું છે અને ઘૂસણખોરોની સરકારથી બંગાળને મુક્ત કરવું છે અને વિકસિત બંગાળનું સ્વપ્ન સાકાર કરવું છે.મમતા દીદી, શું તમે આ જ સોનાર બાંગ્લાનું સ્વપ્ન બતાવ્યું હતું, જ્યાં માત્ર ભ્રષ્ટાચાર હોય, અરાજકતા હોય અને અહીંના લોકોનું શોષણ થતું હોય. હવે અહીંના યુવાનો ખૂબ પરેશાન થઈ ચૂક્યા છે. આ બધાનો હિસાબ લેવા માટે જ આ પરિવર્તન યાત્રા નીકળી રહી છે. જે વંદે માતરમના ગાનથી આખો દેશ આઝાદ થયો, આજે જ્યારે આપણે તેની 150મી જયંતિ ઉજવીએ છીએ, ત્યારે ટીએમસીના સાંસદો સંસદમાં તેને રોકે છે. જે વંદે માતરમે આખા દેશને આઝાદી અપાવી, તે જ વંદે માતરમનું ટીએમસીના સાંસદો અપમાન કરે છે. મમતા દીદી, વંદે માતરમે અંગ્રેજોથી આઝાદી અપાવી હતી અને હવે તે જ વંદે માતરમની ગુંજ બંગાળને તમારી અરાજકતાથી આઝાદ કરશે અને બંગાળને મુક્તિ અપાવશે. આજની આ યાત્રા જે 5,000 કિલોમીટરથી વધુની હશે અને બંગાળના ઘરે ઘરે પહોંચશે. જ્યાં અત્યાર સુધી ફક્ત વચનો અને અહંકારના શબ્દો પહોંચ્યા હતા, ત્યાં ભાજપ પરિવર્તનના અવાજ સાથે પહોંચવાની છે.આપણે ફક્ત ઘૂસણખોરોને જ બહાર નથી કાઢવાના, પરંતુ એવી નિર્ણાયક સરકાર બનાવવાની છે, જે અહીંના લોકોને વિકાસ સાથે જોડી શકે. જે યોજનાઓને મમતા દીદી અહીં લાગુ કરવામાં ઓરમાયું વર્તન કરે છે, તે યોજનાઓને અમે અહીં લાગુ કરીને રહીશું.

## ઈરાન-ઈઝરાયલ યુદ્ધ: અબુ ધાબીમાં ઈરાની હુમલામાં ભારતીય ઘાયલ

### દૂતાવાસે કહ્યું- ખતરાની બહાર છે, ભારતના 15થી વધુ શહેરોમાં વિરોધ પ્રદર્શન

• દુબઈ

ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલના હવાઈ હુમલા સતત બીજા દિવસે પણ ચાલુ છે. ઈરાન મિડલ ઈસ્ટના 9 દેશોમાં ઈઝરાયલ અને યુએસ લશ્કરી ઠેકાણાઓ પર પણ એર સ્ટ્રાઈક કરી રહ્યું છે. આજે સવારે ઈરાનના સર્વોચ્ચ નેતા ખામેનીના મૃત્યુની પુષ્ટિ થઈ છે. આ તરફ ખામેનીના મોત મામલે જમ્મુ-કાશ્મીર, UP અને બેંગલુરુમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા છે. કર્ણાટકના બેંગલુરુમાં શિયા સમુદાયના લોકોએ રેલી કાઢી હતી. આ તરફ દિલ્હીના જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કર્યું છે. મિડલ ઈસ્ટમાં એરસ્પેસ બંધ થવાને કારણે, 1 માર્ચે ભારતીય સ્થાનિક એરલાઈન્સની 350 ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. પાકિસ્તાનના કરાચીમાં હજારો શિયા મુસ્લિમો ખામેનીના મોતનો વિરોધ કરવા માટે રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા. ઈઝરાયલ અને અમેરિકા સામે નારા લગાવતા પ્રદર્શનકારીઓએ અમેરિકન દૂતાવાસમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. સુરક્ષા દળોના ગોળીબારમાં 12 લોકોના મોત થયાના અહેવાલ છે, જ્યારે ઘણા યુવાનો ઘાયલ થયા છે.

ઈરાનના મિડલ ઈસ્ટના રાજ્યો પર તેના હુમલાઓ ચાલુ છે. આજે સવારથી, કતાર, દુબઈ અને અબુ ધાબીમાં મિસાઈલ અને ડ્રોન હુમલાઓ થઈ રહ્યા છે. કતારમાં રહેતા ભારતીયોએ હુમલાના વીડિયો શેર કર્યા છે. આ દરમિયાન, મિડલ ઈસ્ટમાં બગડતી પરિસ્થિતિને કારણે, સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) એ મિડલ ઈસ્ટના દેશોમાં 2 માર્ચે યોજાનારી ધોરણ 10 અને 12 ની બોર્ડ પરીક્ષાઓ મુલતવી રાખી છે. આમાં બહેરીન, ઈરાન, કુવૈત, ઓમાન, કતાર, સાઉદી અરેબિયા અને UAEનો સમાવેશ થાય છે. નવી પરીક્ષાની તારીખો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.રવિવારે સતત બીજા દિવસે પણ અમેરિકા અને ઈઝરાયલના ઈરાન પર હુમલા ચાલુ છે.ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે મિડલ ઈસ્ટમાં પરિસ્થિતિ ઝડપથી બગડી ગઈ છે. વિમાન સેવા બંધ થવાની અસર દુબઈથી ભારત સુધી અનુભવાઈ રહી છે.

### ભારતના ભવિષ્યને ઘડવામાં તમિલનાડુ નિર્ણાયક ભૂમિકા ભજવશે

## PMએ તમિલનાડુમાં 4,400 કરોડના પ્રોજેક્ટ્સ લોન્ચ કર્યા

• ચેન્નઈ

પીએમ નરેન્દ્ર મોદી રવિવારે તમિલનાડુના મદુરાઈ પહોંચ્યા. અહીં તેમણે 4,400 કરોડથી વધુના માળખાગત પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું. તેમણે તમિલનાડુમાં આઠ નવા બનેલા અમૃત ભારત રેલ્વે સ્ટેશન અને ત્રણ નવા ઓલ ઈન્ડિયા રેડિયો એફએમ રિલે ટ્રાન્સમીટરનું પણ ઉદ્ઘાટન કર્યું. ત્યારબાદ મોદીએ સભાને સંબોધિત કરી. મોદીએ કહ્યું, 'તામિલનાડુ રાષ્ટ્રના ભવિષ્યને ઘડવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે. અમારું સામૂહિક લક્ષ્ય વિકસિત ભારત માટે વિકસિત તમિલનાડુ છે.'દરેક ભારતીય 2047 સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે પ્રેરિત છે. તમિલનાડુ રાષ્ટ્રના ભવિષ્યને આકાર આપવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે. અમારું સામૂહિક લક્ષ્ય વિકસિત ભારત માટે વિકસિત તમિલનાડુ છે. કેન્દ્ર સરકાર રાજ્યના સમાવેશી વિકાસ અને પ્રગતિને સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. આપણે બધા જાણીએ છીએ કે તમિલનાડુ અનેક ઉદ્યોગોનું ઘર છે, અને તેમને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારની ઘણી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. 2047 સુધીમાં દરેક ભારતીય દેશના વિકાસમાં યોગદાન આપી રહ્યો છે. તમિલનાડુ પણ આમાં ઝડપથી યોગદાન આપી રહ્યું છે. તમિલનાડુનો સમૃદ્ધ ઈતિહાસ અને વારસો છે. આદિચનલ્લુર જેવા ઐતિહાસિક સ્થળોને વિશ્વ ધરોહર સ્થળો તરીકે વિકસાવવામાં આવશે. છેલ્લા દાયકામાં ભારતીય રેલ્વેમાં ઐતિહાસિક પરિવર્તન આવ્યું છે.

## ગોકુળમાં છડીમાર હોળીની ધામધૂમથી ઉજવણી પોલીસવાળા અને વિદેશીઓ પર છડીઓ વરસાવી

### ગોપીઓએ ભગવાન શ્રીકૃષ્ણના બાળ સ્વરૂપ સાથે હોળી રમી

• મથુરા


ગોકુળમાં રવિવારે છડીમાર હોળી રમાઈ. દુલ્હનની જેમ સજેલી મહિલાઓએ ભગવાન શ્રીકૃષ્ણ અને બલરામના બાળ સ્વરૂપને રંગ લગાવ્યો. ઘૂંઘટમાં ગોપીઓએ ભગવાન પર કપડાંથી વીંટાળેલી છડીઓ વરસાવી. મોટી સંખ્યામાં વિદેશીઓ પણ ગોકુળ પહોંચ્યા. ગોપીઓએ તેમના પર પણ ધનાધન છડીઓ વરસાવી. પોલીસવાળાઓને પણ છોડ્યા નહીં. તેમને જોઈને લોકો બૂમો પાડતા બોલી રહ્યા હતા - 'વધુ મારો, વધુ મારો'. આ પહેલા, નંદભવનથી બપોરે 12.30 વાગ્યે ભગવાન શ્રીકૃષ્ણનો ડોલો નીકળ્યો. તેના પર કનૈયા અને બલરામના બાળ સ્વરૂપ સવાર હતા. લોકો રંગ-ગુલાલ ઉડાડતા ડોલાની આગળ-પાછળ ચાલતા દેખાયા. રસ્તામાં ઠેર ઠેર યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું. ફૂલ, રંગ અને અબીલ વરસાવવામાં આવ્યા. રસ્તા પર મોટા મોટા સ્ટેજ તૈયાર કરવામાં આવ્યા. તેના પર મહિલાઓ સજી-ધજીને ડાન્સ કરતી દેખાઈ. શેરીઓમાં હોળીના ગીતો અને 'જય રાધે, જય કૃષ્ણ'ના ભજનો ગુંજતા રહ્યા. આ પહેલાં, નંદગાંવમાં ગુરુવારે (26 ફેબ્રુઆરી) લઠ્ઠમાર હોળી રમાઈ હતી. સજી-ધજી રાધારાણીની સખીઓએ બરસાનાથી આવેલા હુરિયારો પર લઠ્ઠ વરસાવ્યા હતા. બુધવારે (25 ફેબ્રુઆરી) બરસાનામાં લઠ્ઠમાર હોળી રમાઈ હતી. ત્યારે નંદગાંવથી ગયેલા શ્રીકૃષ્ણના સખાઓ પર બરસાનાની સખીઓએ જોરદાર લાઠીઓ વરસાવી હતી. મથુરા, વૃંદાવન, બરસાના, નંદગાંવમાં લઠ્ઠમાર હોળી થાય છે. પરંતુ ગોકુળમાં છડીમાર હોળીની પરંપરા સદીઓ જૂની છે. માન્યતા છે કે ભગવાન શ્રીકૃષ્ણ અને બલરામે અહીં બાળ લીલાઓ કરી હતી. લોકોને મારવા માટે જે છડી તૈયાર કરવામાં આવે છે, તેના પર કપડું લપેટવામાં આવે છે. તેનાથી ભગવાન શ્રીકૃષ્ણ-બલરામને ઈજા થતી નથી. ગોકુલની છડી માર હોળીમાં બલદેવ વિધાનસભાના ભાજપના ધારાસભ્ય પૂરન પ્રકાશ પહોંચ્યા હતા. આ પ્રસંગે તેમણે બાલ સ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણને શ્રદ્ધાપૂર્વક ગુલાલ અર્પણ કર્યો હતો.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખોઃ 9662420070

# ટ્રાફિકનુ ભારણ ઘટાડવા જગતપુર,ગોદરેજ ગાર્ડન સિટી, ઉમિયા સિટી જંકશન રીડેવલપ કરાશે

• અમદાવાદ

શહેરના જુદા જુદા વિસ્તારમાં આવેલા ટ્રાફિક જંકશનનો સર્વે કરી તબકકાવાર રીડેવલપ કરવા કોર્પોરેશનનુ આયોજન અમદાવાદમાં વિસ્તાર વધવાની સાથે ટ્રાફિકની સમસ્યામા સતત વધારો થઈ રહયો છે. આ પરિસ્થિતિમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના વિવિધ વિસ્તારમાં આવેલા ટ્રાફિક જંકશનનો સર્વે કરાવવામા આવી રહયો છે. ટ્રાફિકનુ ભારણ ઘટાડવા જગતપુર ઉપરાંત ગોદરેજ ગાર્ડન સિટી તથા ઉમિયા સિટી ટ્રાફિક જંકશન રીડેવલપ કરવા રોડ કમિટીમા દરખાસ્ત મંજૂર કરવામા આવી છે.રુપિયા ૮.૫૦ લાખનો ખર્ચ કરવામા આવશે. શહેરના જુદા જુદા વિસ્તારમા આવેલા મોટા અને નાના ટ્રાફિક જંકશનને રીડેવલપ કરવા સર્વે કરાવાઈ રહયો છે. આઈઆરસીની ગાઈડલાઈન મુજબ



તેમા જરુરી સુધારા વધારા કરી જંકશન ડિઝાઈન કરવા મંજુરી અપાઈ હતી.રોડ કમિટીના ચેરમેન જયેશ પટેલે કહયુ, ટ્રાફિક જંકશન ઉપર ટ્રાફિક વોલ્યુમ કાઉન્ટ, સ્પીડ ડીલે સર્વે તથા જંકશન કયુ સર્વે કરાવવામા આવે છે.જંકશન રીડેવલપમેન્ટની કામગીરી ઝડપી બનાવવા સેપ્ટ ઉપરાંત આઈઆઈટી ગાંધીનગર, નિરમા યુનિવર્સીટી ,આઈઆઈટી રામ જેવી સંસ્થાઓ પાસે ડીટેઈલ સર્વે કરાવાઈ રહયો છે.નિરમા યુનિવર્સીટી દ્વારા આ ત્રણ ટ્રાફિક જંકશન રીડેવલપ કરવા ડિઝાઈન તૈયાર કરવામા આવી છે.આગામી સમયમાં આ ટ્રાફિક જંકશન રીડેવલપ કરવામા આવશે.

# દહેગામમાં ચંદન ચોર ટોળકી ત્રાટકી : 10 ઝાડ કાપીને લઈ ગયાંની ફરિયાદ

• ગાંધીનગર

ધામક અનો ઔષધિય ઉપયોગમાં લેવામાં આવતાં ચંદનના વૃક્ષોની ખેતી ખુબ કપરી માનવામાં આવે છે. ત્યારે ગાંધીનગર જિલ્લાના દહેગામમાં દોઢ દાયકાની જહેમત બાદ ઉછેરવામાં આવેલા ચંદનના ૧૦ ઝાડની ચોરી થયાની ફરિયાદ પોલીસ દફતરે નોંધાવવામાં આવી છે. અંદાજે ૩૦૦ કિલોથી વધુ વજન ધરાવતા અને રૂપિયા ૫ લાખ ઉપરાંતની બજાર કિંમત ધરાવતા ચંદનના વૃક્ષોની વિરપ્પન સ્ટાઈલમાં ચોરી ચર્ચાનો વિષય બની છે. દહેગામના કંથરાઈ તળાવ પાસે આવેલા નરેશભાઈ અમીનના ખેતરમાં ચંદન ચોર ટોળકીએ મોડી રાત્રે ચોરીનો કરતબ અજમાવ્યો હતો. અંધારાનો લાભ લઈ તસ્કરોએ એક-બે નહીં પણ પૂરા ૧૦ ચંદનના ઝાડ પર કુહાડો ચલાવી દીધો હતો. જેના પગલે ૧૫ વર્ષથી માવજત કરીને ઉછેરેલા અસામાન્ય અને કિંમતી ચંદનના વૃક્ષો હતાં ન હતાં થઈ ગયા હતાં.

**પરેશાન** આશરે ચાલીસ ફૂટ મોટુ ગાબડું પડ્યું હતું જેના કારણે કેનાલ માં સિંચાઈ માટે અપાતું પાણી બંધ થયું છે

# દાંતીવાડા ડેમની મુખ્ય કેનાલમાં ગાબડું, એક અઠવાડિયાથી ખેડૂતો પરેશાન

## બનાસકાંઠા ના ખેડૂતો ના જીવાદોરી સમાન દાંતીવાડા ડેમ ની મુખ્યકેનાલ માં ચાર દિવસ અગાઉ આશરે ચાલીસ ફૂટ મોટુ ગાબડું પડ્યું

બનાસકાંઠા ના ખેડૂતો ના જીવાદોરી સમાન દાંતીવાડા ડેમ ની મુખ્યકેનાલ માં ચાર દિવસ અગાઉ આશરે ચાલીસ ફૂટ મોટુ ગાબડું પડ્યું હતું જેના કારણે કેનાલ માં સિંચાઈ માટે અપાતું પાણી બંધ થયું છે ત્યારે દાંતીવાડા ડેમ આધારિત સિંચાઈનું પાણી બંધ થતાં કેનાલ આધારિત ખેતી કરતા બનાસકાંઠા અને પાટણ જિલ્લાના ખેડૂતોની હાલત કફોડી બની છે..કેનાલ થી મળતા પાણી ના પગલે ખેડૂતોએ મોટા પ્રમાણ માં રવિ પાક નું વાવેતર કર્યું છે જેમાં હાલમાં ઘઉં, એરંડા,ઘાસચારો, વરિયાળી, સહીત ના પાકો તૈયાર થવા ની અણી ઉપર છે આ તમામ પાકો માં પીયત માટે ના બે પાણ બાકી છે અને કેનાલ માં ગાબડું પડતા પાણી બંધ થયું છે જેને લઈને ખેડૂતો ને હાથ માં આવેલો પાક ખોવા નો વારો આવ્યો છે જેના પગલે ખેડૂતો એ ડેમના અધિકારીઓ સામે ભારે રોષ વ્યક્ત કર્યો છે અને તાત્કાલિક કેનાલ નું સમાર કામકરવા ની માંગ કરી છે.બનાસકાંઠા જિલ્લા માં આવેલા દાંતીવાડા જળાશયમાંથી પસાર થતી આ કેનાલ બનાસકાંઠા તેમજ પાટણ જિલ્લાના કુલ છ તાલુકાના ખેડૂતો માટે સિંચાઈના પાણીનો સ્ત્રોત છે. આ ઉપરાંત, પીવાના પાણી માટે



પણ તેનો ઉપયોગ થાય છે.ત્યારે સિંચાઈ માટે, બનાસકાંઠા જિલ્લાના કુલ 61 ગામોમાં 26,134 હેક્ટર વિસ્તારને પાણી પૂરું પાડવામાં આવે છે. જ્યારે પાટણ જિલ્લાના 49 ગામોમાં 19,689 હેક્ટર વિસ્તારને કેનાલ મારફતે પાણી પહોંચાડવામાં આવે છે.અને પીવાના પાણીની વાત કરીએ તો, પાલનપુર, ડીસા અને દાંતીવાડા તાલુકાના કુલ 87 ગામડાઓને ડેમનું પાણી પૂરું પાડવામાં આવે છે. ત્યારે કેનાલમાં ગાબડું પડવાથી ખેડૂતોને હાલમાં સિંચાઈ માટે મુશ્કેલી વેઠવાનો આવ્યો છે.ત્યારે છેલ્લા ચાર દિવસ થી કેનાલ નું સમારકામ હાથ ધરવામાં આવ્યું છે પરંતુ કેનાલ માં ડેમમાંથી લીકેજ નું પાણી બંધ ના થતાં સમારકામ માં અડચણ ઉભી થઈ છે ત્યારે સમારકામ નું કામ વિલંબ માં પડતા ખેડૂતોએ કરેલા રવિ પાક ના વાવેતર ઘઉં, ઘાસચારો, એરંડા અને વરિયાળી જેવા પાકો તેમજ ઉનાળુ બાજરી નું વાવેતર શરૂ થયું છે અને પાણી બંધ થતાં ઉનાળુ બાજરી કને ઘાસચારાને પણ મોટા પ્રમાણ માં નુકસાન થવા ની ભીતિઓને લઈને ખેડૂતો ની ચિંતા માં વધારો થયો છે.. ખેડૂતો એ આક્ષેપો કરતા જણાવ્યુ હતું કે ડેમમાં જયારે પાણી ની આવક શરૂ થાય એટલે નેતાઓ ડેમ ઉપર આવી ફોટા પડાવે છે પરંતુ આજે કેનાલ માં ગાબડું પડવા ની ઘટના ને ચાર દિવસ જેટલો સમય વીતવા છતાં પણ એક પણ કિસાન નેતા,ધારાસભ્ય કે કિસાન સંઘ ના આગેવાનો એ મુલાકાત લીધી નથી અને ખેડૂતો માટે કોઈ હમદર્દી જતાવી નથી અને ફરી એકવાર ખેડૂતો ને અધિકારીઓ ની બેદરકારી ના કારણે હાથમા આવેલો તૈયાર પાક ખોવાનો વારો આવ્યો છે ત્યારે પાલનપુર તાલુકા ના ખેડૂતો એ દાંતીવાડા ડેમના અધિકારી ઓ સામે ભારે રોષ ઠલાવ્યો છે અને સરકાર દ્વારા પણ ખેડૂતો સામે રહેમ નજર રાખી કેનાલ નું સમારકામ ઝડપી કરાવે તેવી માંગ કરી છે..

જોકે ખેડૂતો નું કહેવું છે કે દાંતીવાડા ડેમના દરવાજા અને કેનાલના સમારકામ માટે દર વર્ષે લાખો રૂપિયાની ગ્રાન્ટ સરકાર દ્વારા આપવામાં આવે છે ત્યારે ચાલુ સિઝનમાં જ ડેમની બાજુમાં જ મુખ્ય કેનાલમાં 40 મીટર જેટલું મોટું ગાબડુ પડ્યું છે ત્યારે ડેમના અધિકારીઓ ની ઘોર બેદરકારી સામે આવી છે.. અને સરકાર દ્વારા જે લાખ રૂપિયા ની ગ્રાન્ટો આવે છે તેમાં ભ્રષ્ટાચાર થયો હોય તેવું સ્પષ્ટ પણે લાગી રહ્યું છે. જેના પગલે હવે ખેડૂતોને ઉભો પાક નિષ્ફળ જાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે જોકે ખેડૂતોનું કહેવું છે કે ડેમમાં જાણે ચોમાસા દરમિયાન પાણી

શિકારી અને શિકારઃ પ્રેમ નહીં, આ એક રમત છે

# કર્મનું વ્યાજ: બીજાને તોડનાર એક દિવસ પોતે તૂટી જાય છે

**દર્શના પટેલ (નેશનલ મેડાલિસ્ટ)**

## જ્યારે વફાદારીની કિંમત પસ્તાવાથી ચૂકવવી પડે છે

માનવ સંબંધોનો પાયો 'વિશ્વાસ' પર ટકેલો હોય છે. પરંતુ આજકાલના સમયમાં કેટલાક લોકો માટે સંબંધ એ લાગણી નહીં, પણ એક 'રમત' બની ગયો છે. કોઈનું દિલ તોડવું, વારંવાર દગો દેવો અને સામેવાળી વ્યક્તિની મજબૂરીનો ફાયદો ઉઠાવવો એ અમુક લોકોની આદત બની જતી હોય છે. પરંતુ યાદ રાખજો, કુદરતના ચોપડે દરેક હિંસા અને દરેક આંસુનો હિસાબ થાય છે.

૧. દિલ તોડવું એ 'દેવું' કરવા જેવું છે

કહેવાય છે કે કોઈની સંપત્તિ લૂંટી લેવી એના કરતા કોઈનો વિશ્વાસ લૂંટવો એ મોટું પાપ છે. જ્યારે તમે કોઈ વ્યક્તિને દગો આપો છો, ત્યારે તમે તમારા જીવનમાં એક 'ભાવનાત્મક દેવું' ઊભું કરો છો. ભલે અત્યારે તમને સજા ન મળે, પણ સમય જતાં આ દેવું વ્યાજ સાથે ચૂકવવું જ પડે છે.

૨. વારંવારની માફી અને સુધારાનો અભાવ

ઘણીવાર દગો આપનાર વ્યક્તિ પકડાઈ ગયા પછી માફી માંગે છે, પણ થોડા સમય પછી ફરી એ જ ભૂલ કરે છે. જ્યારે ભૂલ વારંવાર દોહરાવવામાં આવે, ત્યારે તે 'ભૂલ' નથી રહેતી પણ એ વ્યક્તિની 'પસંદગી' બની જાય છે. જે વ્યક્તિ તમારી માફીને તમારી કમજોરી સમજી લે છે, તેને તમારી લાગણીની કદર ક્યારેય હોતી નથી. સુધારા વગરની માફી એ માત્ર એક છેતરપિંડી છે, જેનો હેતુ માત્ર તમને રોકી રાખવાનો હોય છે જેથી તે ફરીથી તમારો ઉપયોગ કરી શકે.

૩. કમજોરી પર વાર અને બેશરમીની પરાકાષ્ઠા



સૌથી વધુ પીડાદાયક બાબત એ છે કે જ્યારે કોઈ વ્યક્તિ તમારી નબળાઈઓ જાણતી હોય અને તેનો જ ઉપયોગ તમને દુઃખ આપવા માટે કરે. જે તમારી લાચારી જોઈને ખુશ થાય છે, તે ક્યારેય તમારો 'પોતાનો' હોઈ શકે નહીં.

૪. અહેસાસ ક્યારે થાય છે?

દગો દેનારને તરત જ સજા નથી મળતી. સજા ત્યારે મળે છે જ્યારે સમયનું પૈડું ફરે છે. જ્યારે એ જ વ્યક્તિ કોઈ બીજા પર અતૂટ વિશ્વાસ કરે અને તેને બદલામાં 'ધોકો' મળે, ત્યારે તેને સમજાય છે કે લોયલ્ટી (વફાદારી) શું હોય છે. બીજાની આંખના આંસુની કિંમત ત્યારે જ સમજાય છે જ્યારે પોતાની આંખમાંથી આંસુ વહે છે. કુદરતનો ન્યાય મોડો હોઈ શકે, પણ તે હંમેશા સચોટ હોય છે.

૫. તમારું આત્મસન્માન તમારી જવાબદારી

જો કોઈ વ્યક્તિ તમારી ભલાઈનો 'પગલૂછણિયું' (Doormat) તરીકે ઉપયોગ કરે છે, તો એ સંબંધમાંથી બહાર નીકળી જવું એ જ બુદ્ધિમાની છે.

નો કોન્ટેક્ટ રૂલ: જે વ્યક્તિ દરેક ડાળીએ બેસવાના શોખીન હોય, તેમને ક્યારેય કોઈ એક બગીચાની કદર હોતી નથી. મૌન અને દૂરી એ જ આવા લોકો માટે શ્રેષ્ઠ સજા છે.

જીવનમાં વફાદાર રહેવું એ સંસ્કાર છે, અને દગો દેવો એ ચરિત્રની નબળાઈ. જે તમારી નબળાઈ પર હસે છે તે ક્યારેય તમારો નથી હોતો. જે વારંવાર દગો આપીને ફરી માફી માંગે છે, તેને તમારા પ્રેમની નહીં પણ તમારી ઉદારતાની આદત પડી ગઈ છે.

યાદ રાખો, તમે કોઈના માટે ગમે તેટલા સારા બનો, પણ જો સામેવાળી વ્યક્તિના લોહીમાં જ બેવફાઈ હશે, તો તે મોકો મળતા જ ડંખ મારશે. એટલે જ, એવા દેવાદારોને કુદરતના ભરોસે છોડી દો, કારણ કે કુદરત જ્યારે વસૂલાત કરવા બેસે છે ત્યારે કોઈની ભલામણ ચાલતી નથી.

# ઝાડેશ્વરની નર્મદા સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓ પર લાકડીઓ વડે હુમલો, 6 શખ્સો સામે ગુનો દાખલ

## મધરાત્રે બે ગાડીઓમાં આવેલા અજાણ્યા શખ્સોએ વિદ્યાર્થીઓને માર મારી આઈફોન તોડી નાખ્યો

• ભરૂચ,

ભરૂચના ઝાડેશ્વર વિસ્તારમાં આવેલી નર્મદા સંસ્કૃત વેદ પાઠશાળાના વિદ્યાર્થીઓ પર મધરાત્રે જી વલેણ હુમલો થવાની ઘટના સામે આવી છે. વિદ્યાર્થીઓ વચ્ચેની સામાન્ય મસ્તી અને બોલાચાલીનો રોષ રાખી બહારથી આવેલા શખ્સોએ ત્રણ વિદ્યાર્થીઓને લાકડીઓ વડે માર મારી, આઈફોન તોડી જાનથી મારી નાખવાની ધમકી આપતા ભરૂચ 'સી' ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પાઠશાળાના ગૃહપતિ મહેન્દ્રભાઈ શાંતિલાલ જોષીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, વિદ્યાર્થી ઉત્સવ અને અગમ પાંડે વચ્ચે દાદર પર મસ્તી દરમિયાન સામાન્ય બોલાચાલી થઈ હતી. જે બાબતે અગમે ઉત્સવને ધમકી આપી હતી. આ વિવાદ બાદ મધરાત્રે અંદાજે પોણા બાર વાગ્યાના અરસા માં બે ફોર-વ્હીલ ગાડીઓમાં પાંચ-છ શખ્સો પાઠશાળાના સંકુલ પાસે ધસી આવ્યા હતા.




હુમલાખોરોએ સંકુલના હનુમાન મંદિર પાસે પહોંચી વિદ્યાર્થી ઉત્સવને નિશાન બનાવ્યો હતો. એક શખ્સે લાકડી વડે ઉત્સવના પગ અને જાંઘના ભાગે સપાટા માર્યા હતા, જેના કારણે તેના ખિસ્સામાં રહેલો 32,000ની કિંમતનો આઈફોન-11 પણ તૂટી ગયો હતો. ઉત્સવને બચાવવા વચ્ચે પડેલા તેના મિત્રો જય રાવલ અને રાજવીર દવેને પણ હુમલાખોરોએ લાકડીઓ વડે બેફામ માર માર્યો હતો.

ઘટના સ્થળે હાજર ગૃહપતિએ આરોપીઓના નામ પૂછતા તેઓએ પોતાની ઓળખ નેવીલ, મેવા કુંભાર, મુકેશ ચૌધરી, કાળા મોદી અને નવીન પટેલ (તમામ રહે. અંકલેશ્વર) તરીકે આપી હતી. હુમલો કર્યા બાદ આરોપીઓ જાનથી મારી નાખવાની ધમકી આપી વાહનોમાં ફરાર થઈ ગયા હતા.આ મામલે ભરૂચ 'સી' ડિવિઝન પોલીસે ગૃહપતિની ફરિયાદના આધારે તમામ છ શખ્સો વિરુદ્ધ મારપીટ, તોડફોડ અને ધમકી આપવા બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. શૈક્ષણિક સંકુલમાં બનેલી આ ઘટનાને પગલે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ફાળ પડી છે.

# ઓલપાડના તેના બ્રિજ ઉપર અજાણ્યા કાર ચાલકે મો.સા.ને ટક્કર મારતા સર્જાયો ગંભીર અકસ્માત

## ઈજાગ્રસ્ત હાલ બેભાન અવસ્થામાં ખાનગી હોસ્પિટલ ના બિછાને સારવાર લઈ રહ્યો છે.

• ઓલપાડ,તા.૦૧

ઓલપાડ કાંઠા વિસ્તારના તેના બ્રિજ પરથી મો. સા.હંકારી પસાર થતા સુરત શહેરના બમરોલીના ઈલેક્ટ્રીશન કોન્ટ્રાકટરને એક અજાણ્યા કાર ચાલકે ટક્કર મારતા સર્જાયેલા ગંભીર અકસ્માતમાં કોન્ટ્રાકટર હાલ ખાનગી હોસ્પિટલ ના બિછાને બેભાન અવસ્થામાં સારવાર લઈ રહ્યા છે. સુરત શહેરના બમરોલીમાં શૃંગાલ હોમ્સના ફ્લેટ નં: કે/૧૦૪ માં હરેન્દ્ર પ્રતાપસિંહ રાજપતિસિંહ (ઉ.વ.૫૩)રહે છે. ઈલેક્ટ્રીશનનો કોન્ટ્રાકટનું કામ કરતા હરેન્દ્રભાઈ ગત શુક્રવાર, તા.૨૭ ના રોજ બપોરે-૧૨:૦૦ વાગ્યાના સુમારે તેમની મો.સા.નં: જીજે-૦૫,એલ.ટી-૫૭૩૯ હંકારી ઓલપાડ તાલુકાના

પિંજરતથી સુરત જઈ રહ્યા હતાં.તે જયારે તેના બ્રિજ ઉપર પહોંચ્યા, ત્યારે સ્કોડા કંપનીની રેપિડ ફોર વ્હીલ કાર નં: જીજે-૦૫,

જે.એ-૯૮૨૦ ના ચાલકે કાર પૂરઝડપે અને ગફલતભરી હંકારી સામેથી આવતી તેમની મો.સા.ને ટક્કર મારી હતી. જેથી હરેન્દ્રભાઈ મો.સા.સાથે રોડ ઉપર પટકાતા તેમને માથામાં ગંભીર ઈજા તથા શરીરે ઓછી-વત્તી ઈજાઓ થવાથી નવી સિવિલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાયા બાદ વધુ સારવાર અર્થે સુરત શહેરની એક ખાનગી હોસ્પિટલ માં ખસેડાયા હતાં. જ્યાં હાલ તેઓ બેભાન અવસ્થામાં સારવાર હેઠળ છે.

આ બાબતે ઈજાગ્રસ્તનો નાનો ભાઈ ભુપેન્દ્ર પ્રતાપસિંહે ઓલપાડ પોલીસને અજાણ્યા કાર ચાલક વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી હતી.જેના પગલે પોલીસે કાર ચાલક વિરૂધ્ધ કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ અ.હે.કો. પ્રવિણ નાનુ કરી રહ્યા છે.

# બે ખેડૂતો વચ્ચે બબાલ- 'જો બીજી વખત ઝઘડો કરશે તો તને જીવતો નહી છોડું'

ઓલપાડ કાંઠાના નાની નેશ ગામના બે ખેડૂતો ખેતરમાં પાણી બંધ કરવા મામલે બાખડ્યા ઓલપાડ,તા.૦૧ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારના છેવાડાના નાની નેશ(કરંજ)ગામની સીમના ખેતરમાં પાણી બંધ કરવા મામલે એક વૃદ્ધ ખેડૂતને ગામના બીજા ખેડૂતે જાનથી મારી નાંખવાની ધમકીનો મામલો ઓલપાડ પોલીસ મથક સુધી પહોંચ્યો છે.મુળ ઓલપાડ કાંઠાના છેવાડાના નાની નેશ(કરંજ) ગામના વતની અશ્વિનભાઈ મોહનભાઈ પટેલ (ઉ.વ.૬૪)હાલમાં

સુરત શહેરમાં જહાંગીરપુરા મુકામે આશુતોષ નગરીના મ.નં.૩૯ માં રહે છે.તેમની નાની નેશ ગામની સીમમાં બ્લોક નંબર.૧૬૨ ની ચતુરવાળો ઘોડો તરીકે ઓળખાતી ખેતીલાયક જમીન આવેલી છે.તેઓ નિવૃત્ત જીવન ગુજારવા સાથે પોતાની જમીનમાં ખેતીકામ કરે છે. ગત તા.૨૬ મી ફેબ્રુઆરીના રોજ રાત્રે-૮:૦૦ કલાકના સુમારે ગામના ખેડૂત

વિરલ પ્રમોદભાઈ પટેલે તેમની સાથે જુની અદાવતમાં

ખેતરની જમીનમાં પાણી બંધ કરવા બાબતે ગંદી નાલાયક ગાળા- ગાળી કરી તેને ઢીકકા-મુક્કીનો માર માર્યો હતો.આ આરોપી એટલેથી ન અટકતા ખેતરની પાળ ઉપરનો ઢેફો વૃદ્ધ ખેડૂતના માથાના ભાગે મારી ધમકી આપી હતી કે, જો તું બીજી વખત મારી સાથે ઝઘડો કરશે તો 'તને જાનથી મારી નાંખીને જીવતો નહીં છોડું'.

ગઠિયાઓએ લાલજીભાઈને ફસાવવા માટે ખૂબ જ આયોજનબદ્ધ રીતે જાળ બિછાવી હતી

# વાડજમાં રહેતા 75 વર્ષીય વૃદ્ધ સાથે 'ઈમોશનલ બ્લેકમેઈલ' કરી લાખોની ઠગાઈ

• અમદાવાદ

અમદાવાદમાં સાયબર ગઠિયાઓ દરરોજ નવી મોડસ ઓપરેન્ડી અપનાવી નિર્દોષ નાગરિકોને શિકાર બનાવી રહ્યા છે. તાજેતરમાં અમદાવાદના જૂના વાડજ વિસ્તારમાં રહેતા 75 વર્ષીય વૃદ્ધ સાથે 'ઈમોશનલ બ્લેકમેઈલ' કરી લાખોની ઠગાઈ થઈ હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ઠગ ટોળકીએ રડતા-રડતા ફોન કરી વૃદ્ધની દયા જીતી લીધી અને કૂલ 5,55,976 રૂપિયા પડાવી લીધા.

મળતી માહિતી અનુસાર, જૂના વાડજમાં રહેતા લાલજીભાઈ જાદવને ગત 10મી ફેબ્રુઆરીએ 'મોહન' નામના શખસનો ફોન આવ્યો હતો. મોહને રડતા



અવાજે કહ્યું કે, 'મારાથી ભૂલથી ક્લોઝ પેમેન્ટની રકમ તમારા ખાતામાં જમા થઈ ગઈ છે. મારા બનેવી આશિષભાઈ તમને ફોન કરશે, પ્લીઝ તેમને પૈસા પાછા આપી દેજો.' ગઠિયાઓએ લાલજીભાઈને ફસાવવા માટે ખૂબ જ આયોજનબદ્ધ રીતે જાળ બિછાવી હતી. ફોન કર્યા બાદ ઠગે લાલજીભાઈને મોબાઈલ પર ટેક્સ્ટ મેસેજ મોકલ્યા, જેમાં 45,000 અને 50,500 રૂપિયા જમા થયા હોવાનું ખોટું લખાણ હતું. આશિષ નામના બીજા ઠગે ફોન કરી ગૂગલ પે પર પેમેન્ટ રિક્વેસ્ટ મોકલી. વૃદ્ધે સમજ્યા વગર રિક્વેસ્ટ એક્સેપ્ટ કરી, જેનાથી પૈસા તેમના ખાતામાં આવવાને બદલે ઠગના ખાતામાં જવા લાગ્યા. 10મીથી 15મી ફેબ્રુઆરી દરમિયાન અલગ-અલગ બહાને કુલ 5,55,976 રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા.જ્યારે લાલજીભાઈને શંકા ગઈ અને તેમણે બેન્ક સ્ટેટમેન્ટ ચેક કર્યું, ત્યારે તેમના હોશ ઊડી ગયા. ખાતામાં કોઈ રકમ જમા થઈ જ નહોતી, ઉલટાનું તેમના ખાતામાંથી સાડા પાંચ લાખથી વધુ રકમ ઉપડી ગઈ હતી. ત્યારબાદ બંને ઠગના ફોન સ્વીચ ઓફ આવવા લાગ્યા હતા. અંતે, લાલજીભાઈએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# કલોલમાં હરે કૃષ્ણ સેન્ટરે શ્રી ચૈતન્ય મહોત્સવ ઉજવ્યો ભક્તોએ પુષ્પવર્ષા કરી, મહા અભિષેક અને સંકીર્તન થયા



• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં હરે કૃષ્ણ સેન્ટર (ISKCON) દ્વારા શ્રી ચૈતન્ય મહાપ્રભુના પ્રકટ્ય ઉત્સવ નિમિત્તે 'શ્રી ચૈતન્ય મહોત્સવ' અને 'ફૂલોની હોળી'નું આયોજન કરવામાં આવ્યું હતું. પંચવટી વિસ્તારમાં આવેલી અંકિત વિદ્યાલય ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં હરિભક્તો ઉમટી પડ્યા હતા.

આ કાર્યક્રમ રવિવારે, ૧ માર્ચના રોજ સવારે ૧૦:૩૦ કલાકે શરૂ થયો હતો. શ્રી ચૈતન્ય મહાપ્રભુના જન્મોત્સવના પાવન અવસરે આયોજિત આ ઉત્સવમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. મહોત્સવ દરમિયાન ઠાકોરજીનો શાસ્ત્રોક્ત વિધિથી મહા અભિષેક કરવામાં આવ્યો હતો. 'હરે કૃષ્ણ' મહામંત્રના નાદ સાથે ભક્તોએ સંકીર્તનમાં ભાગ લીધો હતો, જેનાથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું.આ મહોત્સવનું મુખ્ય આકર્ષણ 'ફૂલોની હોળી' રહી હતી. જેમાં ઉપસ્થિત ભક્તોએ એકબીજા પર પુષ્પવર્ષા કરીને આનંદ વ્યક્ત કર્યો હતો.આ ઉપરાંત, વિદ્વાન વક્તાઓ દ્વારા શ્રી ચૈતન્ય મહાપ્રભુના જીવન અને તેમના સંદેશ વિશે પ્રેરણાદાયી પ્રવચન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે મહા આરતી કરવામાં આવી હતી અને તમામ ભક્તોએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો.

# ગ્રામ્ય LCB પોલીસે 2 વોન્ટેડ પકડ્યા : ધંધુકા અને સાણંદથી પ્રોહિબિશન, વડોદરાના ગુનાના આરોપી ઝડપાયા

• અમદાવાદ

ગ્રામ્ય LCB એ વિવિધ ગુનાઓના બે વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડ્યા છે. આ કાર્યવાહી LCB દ્વારા શરૂ કરાયેલા અભિયાનના ભાગરૂપે કરવામાં આવી હતી. LCB ગ્રામ્યના હેડ કોન્સ્ટેબલ પુષ્પરાજ સિંહ ચુડાસમા અને કોન્સ્ટેબલ ઘનશ્યામસિંહને મળેલી બાતમીના આધારે ધંધુકા પોલીસ મથકમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનાનો વોન્ટેડ આરોપી અલ્પેશ ઉર્ફે બાડો ડાભી ઝડપાયો હતો. આ ઉપરાંત, LCB ગ્રામ્ય પોલીસે વડોદરાના વાઘોડિયા પોલીસ મથકમાં નોંધાયેલા ગુનાનો વોન્ટેડ આરોપી કાંતિભાઈ પુરોહિતને પણ શોધી કાઢ્યો હતો. કાંતિભાઈ ઘણા સમયથી વોન્ટેડ હતા અને LCB એ સાણંદ ખાતેથી તેમની અટકાયત કરી હતી.

**કૉન્ફરન્સ** 'દસ પ્લાન્ટમાંથી ચારનું ઉદ્ઘાટન 2026માં જ થશે', : કેન્દ્રીયમંત્રી અશ્વિની વૈષ્ણવ

# મહાત્મા મંદિર ખાતે યોજાઈ ગુજરાત સેમિકનેક્ટ કૉન્ફરન્સ : 'વધુ 3 સેમિકન્ડક્ટર પ્લાન્ટમાં ચિપનું ઉત્પાદન શરૂ થશે'

**વૈષ્ણવે જણાવ્યું હતું કે, ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર છેલ્લા 10 વર્ષમાં રૂ.2 લાખ કરોડથી વધીને રૂ.12 લાખ કરોડ સુધી પહોંચ્યું છે**

• ગાંધીનગર

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલી ગુજરાત સેમિકનેક્ટ કૉન્ફરન્સ 2026 દરમિયાન કેન્દ્રીયમંત્રી અશ્વિની વૈષ્ણવ અને મુખ્યમંત્ ભૂપેન્દ્ર પટેલે ગુજરાત સરકારની સાયન્સ, ટેકનોલોજી અને ઈનોવેશન (STI) નીતિ 2026-2031નું અનાવરણ કર્યું હતું. જેમાં કેન્દ્રીયમંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, સાણંદના પ્લાન્ટ બાદ વધુ 3 સેમિકન્ડક્ટર પ્લાન્ટમાં ચિપનું ઉત્પાદન શરૂ થશે, દસ પ્લાન્ટમાંથી એકનું ઉદ્ઘાટન થઈ ગયું છે જ્યારે વધુ ત્રણ પ્લાન્ટમાં પણ 2026માં જ ઉદ્ઘાટન થશે. એટલે કે દસ પ્લાન્ટમાંથી ચારનું ઉદ્ઘાટન 2026માં જ થશે. સાણંદમાં પ્રથમ સેમીકન્ડક્ટર પ્લાન્ટ શરૂ કેન્દ્રીયમંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, ગઈકાલે(28 ફેબ્રુઆરી) ભારતના ઈતિહાસમાં, ઔદ્યોગિક ઈતિહાસમાં એક બહુ મોટો ઐતિહાસિક દિવસ હતો. ગઈકાલે અમદાવાદના સાણંદમાં પ્રથમ સેમીકન્ડક્ટર પ્લાન્ટનું ઉદ્ઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કર્યું અને જે વચન તેમણે દેશ સામે રાખ્યું હતું કે ભારતમાં સેમીકન્ડક્ટર ઉદ્યોગ લાવવો છે, તે વચન તેમણે પૂરું કર્યું ધોલેરા ટાટાની ફેબની મુલાકાતે તેમણે વધુમાં કહ્યું કે, અત્યારે હું અહીંથી




ધોલેરા જઈશ, ટાટાની ફેબ (Tata's Fab) જોવા માટે. સાથે જ, જે પ્રકારનું ઈકોસિસ્ટમ ભારતમાં સેમીકન્ડક્ટર ઉદ્યોગ માટે બની રહ્યું છે, તેમાં ગુજરાતનું ઘણું મોટું યોગદાન છે. આ માટે હું મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો ખૂબ આભાર માનવા માંગુ છું. તેમના 'કર્મયોગી' સ્વભાવને કારણે કામ ખૂબ ઝડપથી થઈ રહ્યું છે.'ગુજરાત સેમિકનેક્ટ કોન્ફરન્સ 2026'નો પ્રારંભ મહાત્મા મંદિર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે 'ગુજરાત સેમિકનેક્ટ કોન્ફરન્સ 2026'નો પ્રારંભ થયો. 'ગુજરાતઃ ભારતનું સિલિકોન ગેટવે' થીમ સાથે યોજાયેલી આ ગ્લોબલ કોન્ફરન્સમાં કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, સાયન્સ-ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયા તથા દેશ-વિદેશના સેમિકન્ડક્ટર ઉદ્યોગના અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.દેશનું ગ્રોથ એન્જિન ગુજરાત હવે ટેક એન્જિન બનશે' મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, પોલિસી સ્ટેબિલિટી, ટ્રાન્સપરન્સી, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અને મજબૂત પોલિટિકલ વિલના કારણે ગુજરાત સેમિકન્ડક્ટર અને ચિપ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે 'ફાસ્ટ મૂવર' બની રહ્યું છે. દેશના ગ્રોથ એન્જિન ગુજરાતને હવે ટેક એન્જિન બનાવવાનો સ્પષ્ટ સંકેત આ કોન્ફરન્સ આપે છે.Dholera SIR દેશનું સેમિકોન સિટી બનવા સજ્જ' મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, Dholera SIR હવે માત્ર બ્લૂપ્રિન્ટ નથી, પરંતુ દેશનું સેમિકોન સિટી બનવા સજ્જ છે. ધોલેરા અને સાણંદમાં ક્વોલિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પ્લગ એન્ડ પ્લે સુવિધાઓ અને આધુનિક લોજિસ્ટિક્સ સાથે એન્ડ-ટુ-એન્ડ ઈકોસિસ્ટમ તૈયાર છે. IIT Gandhinagarમાં નેનો ફેબ્રિકેશન લેબ દ્વારા યુવા સ્કિલ્ડ વર્કફોર્સ તૈયાર કરવાની દિશામાં કામ ચાલી રહ્યું છે. ગિફ્ટ સિટીમાં ડિઝાઈન અને ફાઈનાન્સના સમન્વયથી સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમને મજબૂતી મળી રહી છે.વૈષ્ણવે જણાવ્યું હતું કે, ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર છેલ્લા 10 વર્ષમાં રૂ.2 લાખ કરોડથી વધીને રૂ.12 લાખ કરોડ સુધી પહોંચ્યું છે અને 25 લાખ લોકોને રોજગારી આપી રહ્યું છે. 2047 સુધી ટેક્સ ઈન્સેન્ટિવ્સ અને નીતિ સ્થિરતા દ્વારા ભારત AI આધારિત સર્વિસીસમાં વૈશ્વિક નેતૃત્વ મેળવશે. ગુજરાત પાસે વધારાની વીજળી અને ક્લીન એનર્જી હોવાથી ડેટા સેન્ટર્સ માટે ઉજ્જવળ તક છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, દેશમાં સૌથી વધુ રિટર્ન ઓન ઈન્વેસ્ટમેન્ટની ગેરંટી આપતું રાજ્ય ગુજરાત છે. દેશની માત્ર 5% વસ્તી અને 6% ભૂગોળ ધરાવતું ગુજરાત, ભારતની મેન્યુફેક્ચરિંગ આઉટપુટમાં 18%, GDPમાં 8%, નિકાસમાં 30% અને કાર્ગો હેન્ડલિંગમાં 40%થી વધુ યોગદાન આપે છે. ગુજરાત રોકાણ સાથે સુરક્ષિત ભવિષ્યની ગેરંટી આપે છે.સાયન્સ-ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ કોવિડ દરમિયાન સપ્લાય ચેઈન ખોરવાતાં સેમિકન્ડક્ટર ક્ષેત્રની આવશ્યકતા પર પ્રકાશ પાડ્યો અને જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ભારતે આ પડકારને અવસરમાં ફેરવ્યો છે.


**ડભોઈ – ઉત્સવપ્રિય દર્ભાવતિ નગરી**

# મંગળા આરતીથી રાજભોગ સુધીના દૈનિક દર્શન સમય, સાંજના ખેલ અને રાડ દર્શનનો ભાવવિભોર માહોલ

**હોળી પૂર્વે રાડ ઉડાડવાની પરંપરા** હોળી પછીનો ડોલ ઉત્સવ અને અબીલ-ગુલાલની રમઝટ, ગુજરાતના લોકમેળા અને કવાંટનો ગેર મેળો

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈમાં આવેલ વિવિધ ત્રણ વૈષ્ણવ હવેલીઓમાં થતા રાડના દર્શન ડભોઈ ઝારોલાવાગામા આવેલ શ્રી દ્વારકાધીશ હવેલીમાં રાડ ના દર્શનનો અમૂલ્ય લ્હાવો લેતા વૈષ્ણવજનો ડભોઈ નગરી એટલે ઉત્સવપ્રિય દર્ભાવતિ નગરી તરીકે ઓળખાય છે આ નગરીમાં વૈષ્ણવ હવેલીઓ આવેલ છે. ઝારોલાવાગા માં આવેલ શ્રી દ્વારકાધીશ ની હવેલી, વિશાલાડ વાગામાં આવેલ શ્રીનાથજીની હવેલી જ્યારે ઉમા સોસાયટી ખાતે આવેલ શ્રી છોટે દ્વારકાધીશ ની હવેલી આમ નગરમાં ત્રણ વૈષ્ણવ હવેલીઓ વૈષ્ણવ વિસ્તારોમાં આવેલ છે. આ તમામ વૈષ્ણવ હવેલીઓમાં રોજ નીત નવા ભગવાનને શણગાર સજાવીને દર્શન



સવારથી સાંજ સુધી થાય છે હોળી આવવાના ૧૫ દિવસ પહેલેથી જ મંદિરમાં હોળીનો ડંડો રોપવામાં આવે છે એ દિવસે રાડ ઉડાડવામાં આવે છે ત્યારબાદ અગિયારસથી પૂનમ સુધી આમ સતત પાંચ દિવસ સુધી સાંજે ૬.૪૫ કલાકે મંદિરમાં ભગવાન સમક્ષ રાડ ઉડાડવામાં આવે છે. આ દર્શનનો અમૂલ્ય લ્હાવો વર્ષમાં એક જ વાર મળે છે. જેના કારણે શ્રદ્ધાળુઓ મંદિર ખાતે સાંજે મોટી સંખ્યામાં ઉમટી પડે છે. ડભોઈ નગરમાં આવેલ વૈષ્ણવ હવેલીઓમાં મંગળા આરતીથી માળી શ્રુંગાર દર્શન અને રાજભોગના દર્શન બપોરના બાર વાગ્યા સુધી થાય છે. જ્યારે બપોરના ૧૨ પછી મંદિર બંધ થાય છે. ભગવાન પોઢી ગયેલ હોવાથી મંદિર સદંતર બંધ રહે છે. જ્યારે સાંજના ચાર કલાકથી મંદિર ખુલી જાય છે ત્યારબાદ વિવિધ ખેલના દર્શન થાય છે. જેમાં મુખ્યત્વે સાંજના ૬.૩૦ કલાકે ખુલતા દર્શનમાં રાડ ઉડાડવામાં આવે છે. દર્શન ખૂલ્યા બાદ ૧૦ મિનિટ પછી ભગવાન સમક્ષ રાડ ઉડાડવામાં આવે છે.આ સમયે હોળી એ હોળીએ શ્રદ્ધાળુઓ બૂમો પાડતા હોય છે. મુખ્યાજી રાડ પર કલર નાખે છે તે સમયે મોટો ભડકો અગ્નિનો થાય છે. જેના કારણે ભક્તજનો હોળી એ હોળી એ કરીને વાતાવરણ ગજવી મૂકે છે આ લહાવો અગિયારસ થી પૂનમ સુધી જ મળે છે. આમ હોળીના અગાઉ પાંચ દિવસ સુધી આ દર્શન સાંજે થાય છે જેનો અમૂલ્ય લાભ લેવા શ્રદ્ધાળુઓ અગાઉથી જ આતુરતાથી રાહ જોઈ બેઠા હોય છે. હોળી ધુળેટી નુ પર્વ હિન્દુ સમાજમાં અતિ મહત્ત્વનું ગણવામાં આવેલ છે. ગુજરાતના લોકમેળામાં જેમ તરણેતર નું નામ મોખરે છે એ જ રીતે ગુજરાતની પૂર્વ પટ્ટી છોટાઉદેપુર જિલ્લાના કવાંટ ગામ એ હોળી પછી ભરાતો ગેર નો મેળો પણ મોખરાનું સ્થાન ધરાવે છે.વૈષ્ણવ સમાજના દરેક મંદિરોમાં હોળી પછી ડોલઉત્સવ મનાવવામાં આવે છે. આ ડોલ ઉત્સવ ના દર્શન ચાર ખેલમાં થાય છે. જેને આપણે ધુળેટી કહીએ છીએ પરંતુ ભગવાનના દર્શન ને ડોલ ઉત્સવ તરીકે ઉજવવામાં આવે છે આ ડોલ ઉત્સવમાં મુખ્યાજી દ્વારા વૈષ્ણવજનો ઉપર અબીલ ગુલાલ અને કલર છાંટવામાં આવે છે.

# ખોખરાના પૂર્વ શિક્ષિકા નિરૂબેન દ્વારા ડાકોરના પદયાત્રીઓ માટે ફળ અને નાસ્તાની વ્યવસ્થા કરાઈ

• અમદાવાદ

અમદાવાદના ખોખરા વિસ્તારમાં આવેલ ગોરના કુવા પાસે કૃષ્ણા એપાર્ટમેન્ટમાં રહેતા 77 વર્ષના નિરાધાર વિધવા નિરૂબેન આજે માનવસેવાનું જીવતું જાગતું ઉદાહરણ બન્યા છે. ભાદરવી પૂનમ નિમિત્તે હજારો ભક્તો પગપાળા ડાકોર જઈ રહ્યા છે, ત્યારે આ પૂર્વ શિક્ષિકાએ પોતાના વિધવા પેન્શનની રકમમાંથી પદયાત્રીઓની સેવા કરવાનો સંકલ્પ લીધો છે.'જન સેવા એ જ પ્રભુ સેવા'ના મંત્રને સાર્થક કરતા નિરૂબેન દર વર્ષે પોતાની જમાપુંજી રાજા રણછોડના ભક્તો પાછળ ખર્ચી દે છે.

જ્યાં આજના યુગમાં લોકો આર્થિક સંકડામણની ફરિયાદો કરતા હોય છે, ત્યાં નિરૂબેન પોતાના પેન્શનમાંથી પાણી, લીલી વરિયાળી, ફળફળાદી અને સુકા નાસ્તાની ઉત્તમ વ્યવસ્થા કરે છે. તેઓ ખાસ નજીકના ગામડાઓમાંથી મોટા પ્રમાણમાં લીલી વરિયાળી મંગાવે છે જેથી પદયાત્રીઓને ઠંડક મળી રહે. લાખોના ખર્ચે ચાલતા કેમ્પની સરખામણીએ આ વિધવા માતાની નિસ્વાર્થ સેવા



અનેકગણી ઉમદા સાબિત થઈ રહી છે.

નિરૂબેનની આ અવિરત સેવાને બિરદાવવા માટે શિક્ષણ વિભાગના GCERT ના નાયબ નિયામક ડો. પંકજ મિસ્ત્રી અને પૂર્વ મ્યુનિસિપલ કાઉન્સિલર જ્યોર્જ ડાયસના હસ્તે તેમનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજેશ વાળા, નરેન્દ્રભાઈ પાઠક, શેખર રાજપુત, દુરઈ સ્વામી ગ્રામીણ, દિશા સોનવણે, મહેશભાઈ ઝીલપે, રાજુ મિસ્ત્રી, ભીમરાવ સોનવણે, દેવા મરાઠી, સુંદર કૃષ્ણા સ્વામી અને સુરેશ વાઘેલા સહિતના સામાજિક અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સેટેલાઈટ વિસ્તારમાં વૃદ્ધ દંપતી બન્યા ડિજીટલ એરેસ્ટનો શિકાર

• અમદાવાદ

અમદાવાદ શહેરના સેટેલાઈટ વિસ્તારમાં રહેતા વૃદ્ધ દંપતી ડિજીટલ એરેસ્ટનો શિકાર બન્યા હોવાનું સામે આવ્યું છે. અમેરિકન નાગરિકતા ધરાવતા રાજેન્દ્રભાઈ શેઠ અને તેમના પત્ની કાશ્મીરા શેઠને સાઈબર ગઠીયાઓએ છેલ્લા બે દિવસથી ડિજિટલ એરેસ્ટ કરીને 60 લાખની એફડી તોડાવવા માટે દબાણ કરાયું હતુ..

રાજેન્દ્રભાઈને ગત 25 ફેબ્રુઆરીએ મુંબઈ ક્રાઈમબ્રાન્ચના નામે કોલ આવ્યો હતો.. નરેશ ગોયલના મની લોન્ડ્રિંગના કેસમાં તેમના આધારકાર્ડ અને બેંક એકાઉન્ટનો ઉપયોગ થયો હોવાનું અને તેમની ધરપકડ કરવાની વાત કરી બનાવટી અધિકારી અને કોર્ટ બતાવીને ડરાવ્યા હતા.. બે દિવસ સુધી સિનિયર સિટીઝનને ડિજિટલ એરેસ્ટ રાખીને આરોપીઓએ પ્રોપર્ટીની માહિતી મેળવી બેંકમાંથી એફડી તોડવા માટે દબાણ કર્યુ હતુ.. આરોપીઓની ધાકધમકીથી રાજેન્દ્રભાઈએ 15 લાખની એફડી તોડાવી રૂપિયા પોતાના સેવિંગ ખાતામાં



પણ નખાવ્યા હતા.. જો કે સમગ્ર મામલે રાજેન્દ્રભાઈએ સેટેલાઈટ પોલીસને જાણ કરી હતી.. પોલીસ જ્યારે તેમના ઘરે પહોંચી ત્યારે પણ આરોપીઓ ફોન પર વાતચીત કરતા હતા.. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને આરોપીઓ સાથે ફરિયાદીની વાતચીત બંધ કરાવી.. કાઉન્સિલિંગ કરીને વૃદ્ધ દંપતિને સાઈબર ઠગોની જાળમાંથી મુક્ત કરાવ્યા

# અડાલજ ટોલ પ્લાઝા પાસે ટ્રક અને 3 કાર વચ્ચે અકસ્માત : હાઇવે પર ટ્રાફિક જામ, પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી



• ગાંધીનગર

અમદાવાદ-મહેસાણા હાઈવે પર અડાલજ ટોલ પ્લાઝા નજીક ટ્રક અને ત્રણ કાર વચ્ચે ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો. આ ઘટનાને કારણે હાઈવે પર ભારે ટ્રાફિક જામ થયો હતો, જેને પગલે વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.આ અકસ્માત અમદાવાદથી મહેસાણા તરફ જતા માર્ગ પર થયો હતો. એક ટ્રક અને ત્રણ કાર એકબીજા સાથે અથડાતા આ ઘટના બની હતી.અકસ્માતની ગંભીરતાને કારણે હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. ટ્રાફિક જામની સમસ્યાને કારણે વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો.ઘટનાની જાણ થતાં જ હાઈવે રૂટ પેટ્રોલિંગની ટીમ અને સ્થાનિક પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. પોલીસે ઝડપથી કાર્યવાહી કરીને અકસ્માતગ્રસ્ત વાહનોને રોડની સાઈડમાં ખસેડ્યા હતા.

**બબાલ થતાં હુમલો કરવામાં આવ્યો તેમાં લાકડી, ધોકા લઈને ફરી વળેલા**

# વાવોલ વિસ્તારનો બનાવ : સમાધાન કરવાની વાતમાં યુવક અને પરિવાર પર ૧૫ શખ્સોએ હુમલો કર્યો

• ગાંધીનગર

શહેરના વાવોલ વિસ્તારમાં આવેલા તરપોજ વાસમાં જૂના અકસ્માતની અદાવતમાં ૧૫ જેટલા શખ્સોના ટોળાએ એક પરિવાર પર લાકડીઓ અને ધોકા વડે હિંસક હુમલો કર્યો હતો. સમાધાન કરવા દરમિયાન ખર્ચો આપવાના મુદ્દે બબાલ થતાં હુમલો કરવામાં આવ્યો તેમાં લાકડી, ધોકા લઈને ફરી વળેલા આરોપીઓ દ્વારા ઘરની બહાર પડેલા બે ટુ વ્હિલર પણ તોડી નાખવામાં આવ્યા હતાં.

આ બનાવ ફરિયાદી કેશાજી ધુળાજી ઠાકોર સહિત તેમના પરિવારના સભ્યોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ફરિયાદ મુજબ, ગત ૨૬ ફેબ્રુઆરીના રોજ વાવોલ કિર્તીધામ રોડ પર એક એક્ટિવા સાથે અકસ્માત થયો હતો. આ અકસ્માતના સમાધાન



અને ખર્ચની બાબતે બોલાચાલી થયા બાદ, બીજા દિવસે સવારે બજરંગજી ઠાકોર, લાલજી ઠાકોર અને સાવન ઠાકોર સહિત ૧૫ શખ્સોનું ટોળું પૂર્વ આયોજિત કાવતરું રચી ફરિયાદીના ઘરે ધસી આવ્યું હતું. હુમલાખોરોએ ફરિયાદીના ઘરની બહાર પડેલા એક્ટિવા અને બાઈકમાં તોડફોડ કરી નુકસાન પહોંચાડયું હતું. આરોપીઓએ લાકડીઓ અને ધોકાથી હુમલો કરતા ફરિયાદીને માથામાં પાંચ ટાંકા આવ્યા છે, જ્યારે તેમના પુત્ર રાકેશ અને ભાણા દશરથજીને હાથે ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ થતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

# ડભોઈ પોલીસ સ્ટેશન ખાતે 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમનું આયોજન

## "ત્રણ વાત તમારી, ત્રણ વાત અમારી" સંવાદ કાર્યક્રમ

• ફકીરા ખત્રી ડભોઈ



ડભોઈ પોલીસ સ્ટેશન ખાતે 'તેરા તુજકો અર્પણ કાર્યક્રમ રૂ. 1.51 લાખનો મુદ્દામાલ મૂળ માલિકોને પરત કરાયો ડભોઈ પોલીસ સ્ટેશનમાં નાયબ પોલીસ અધિક્ષક (DySP) આકાશ પટેલના અધ્યક્ષ સ્થાને 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ગુનામાં કબજે કરેલો કે શોધાયેલો મુદ્દામાલ તેના અસલી માલિકો સુધી પારદર્શક રીતે પહોંચાડવાનો હતો મુદ્દામાલની વિગતવાર માહિતી પોલીસ દ્વારા વિવિધ ટેકનિકલ માધ્યમો અને કાયદાકીય પ્રક્રિયા બાદ કુલ રૂપિયા 1,51,150 ની કિંમતની ચીજવસ્તુઓ અને રોકડ અરજદારોને પરત કરવામાં આવી હતી સાયબર ક્રાઈમ રિફંડ: સાયબર ફ્રોડનો ભોગ બનેલા 4 અરજદારોના કિસ્સામાં પોલીસે ત્વરિત કાર્યવાહી કરી હતી. કોર્ટ ઓર્ડર મેળવીને અરજદારોના બેંક એકાઉન્ટમાં કુલ રૂ. 37,150/- પરત ખેંચાવ્યા હતા મોબાઈલ રિકવરી: CEIR પોર્ટલ અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી પોલીસે 5 અરજદારોના ખોવાયેલા કે ચોરાયેલા મોબાઈલ શોધી કાઢ્યા હતા, જેની બજાર કિંમત અંદાજે રૂ. 62,000/- થાય છે.સોનાની લગડી: એક અરજદારની ખોવાયેલી સોનાની લગડી (કિંમત અંદાજે રૂ. 52,000/-) પણ શોધી કાઢીને સન્માનપૂર્વક પરત કરવામાં આવી હતી ત્રણ વાત તમારી, ત્રણ વાત અમારી સંવાદ આ પ્રસંગે માત્ર મુદ્દામાલ પરત જ નહીં, પરંતુ જનતા અને પોલીસ વચ્ચેના સેતુને મજબૂત કરવા માટે "ત્રણ વાત તમારી, ત્રણ વાત અમારી" કાર્યક્રમ પણ યોજાયો હતો. આ અંતર્ગત સ્થાનિક આગેવાનો અને અરજદારોએ પોતાની સમસ્યાઓ રજૂ કરી હતી પોલીસ અધિકારીઓએ કાયદો-વ્યવસ્થા જાળવવામાં નાગરિકોના સહકાર અને સતર્કતા વિશે માર્ગદર્શન આપ્યું હતું મહાનુભાવોની ઉપસ્થિતિઆ કાર્યક્રમમાં ડભોઈ ડિવિઝનના DySP આકાશ પટેલ, ડભોઈ પી .આઈ. (PI) જે. એમ. ચાવડા અને પોલીસ સ્ટાફના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. પોતાની મહેનતની કમાણી અને કિંમતી વસ્તુઓ પરત મળતા અરજદારોના ચહેરા પર ખુશી જોવા મળી હતી અને તેઓએ ડભોઈ પોલીસની કામગીરીની પ્રશંસા કરી હતી.ડભોઈ પોલીસની સફળતા: 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ હેઠળ ૧.૫૧ લાખનો મુદ્દામાલ પરત કર્યો.2: ગુમાવેલા મોબાઈલ અને સાયબર ફ્રોડના નાણાં પરત મળતા અરજદારોમાં ખુશીની લહેર.

દલીલો

## બિલ્ડર જમણેરી તો જમણા કાન પાસેથી ગોળી કેવી રીતે નીકળી?

# સુરતના તુષાર ઘેલાણી આત્મહત્યા કેસમાં સ્ત્રીમિત્ર પૂનમની જામીન અરજીની સુનાવણી દરમિયાન ચોંકાવનારી દલીલો

## તુષાર ઘેલાણી જમણેરી હોવા છતા માથામાં જમણા ભાગેથી ગોળી નીકળતા બચાવ પક્ષે શંકા વ્યકત કરી

• સુરત

સુરતમાં ટોક ઓફ ધ ટાઉન બનેલા જોલી ગ્રુપના જાણીતા બિલ્ડર તુષાર ઘેલાણીના આપઘાત કેસમાં રોજ રોજ નવા ફણગાઓ ફૂટી રહ્યાં છે. દુષ્પ્રેરણાના ગુના હેઠળ ધરપકડ કરાયેલી તુષાર ઘેલાણીની સ્ત્રીમિત્ર પૂનમ ભદોરીયાની જામીન અરજીમાં પણ નવા નવા ખુલાસાઓ થઈ રહ્યાં છે. પૂનમના વકીલે કોર્ટમાં દલીલો કરતા હાજર સૌ કોઈ પણ ચોંકી ઉઠ્યા હતા. કારણકે મૃતક તુષાર ઘેલાણી જમણેરી હતા તો પછી જમણા કાન પાસેથી ગોળી બહાર કેવી રીતે નીકળે? તેમજ પોલીસે તુષારભાઈના પરિવારના સભ્યોના નિવેદનો શા માટે નથી નોંધ્યા..? તેવા આક્ષેપો સાથે આક્ષેપિત પૂનમબેન તરફે જામીન અરજીની દલીલો કરવામાં આવી હતી. આ આખી ઘટના હત્યા હતી અને તેને આત્મહત્યામાં ફેરવવાના આક્ષેપો પણ થતા હાજર સૌકોઈ ચોંકી ઉઠ્યા હતા. સરકાર પક્ષે આ દલીલોનો જવાબ આપવા માટે મુદત માંગવામાં આવી હતી. તુષાર ઘેલાણી જમણેરી હોવા છતા માથામાં જમણા ભાગેથી ગોળી નીકળતા બચાવ પક્ષે શંકા વ્યકત કરી.

તુષાર ઘેલાણીએ આત્મહત્યા કરી લેતા સ્ત્રીમિત્ર સામે ગુનો નોંધાયો હતો

મળતી માહિતી પ્રમાણે, સિટીલાઈનની સંગમ સોસાયટીમાં રહેતા તુષાર હરજીભાઈ ઘેલાણીએ ગત 1 ફેબ્રુઆરીના રોજ ઘરમાં ગોળી મારી લીધી હતી અને હોસ્પિટલમાં સારવાર બાદ તા. 5મીના રોજ તેમનું મૃત્યુ થયું હતું. આત્મહત્યાને લઈને તુષારભાઈની પુત્રી તન્વીએ વેસુમાં રહેતી પૂનમ ભદોરિયાની વિરુદ્ધ ફરિયાદ આપતા પોલીસે પૂનમની સામે આત્મહત્યાની દુષ્પ્રેરણનો ગુનો નોંધીને તેની ધરપકડ કરી હતી.

પૂનમે જામીન મુક્ત થવા માટે એડવોકેટ વિનય શુક્લા મારફતે કોર્ટમાં અરજી કરી હતી. જેમાં વકીલ દ્વારા દલીલો કરાઈ હતી કે, તુષારભાઈ જમણેરી હતા અને તેઓ પોતાની રોજિંદી કામગીરી તેમજ લખાણ અને બીજા અન્ય કામો જમણા હાથે કરતા હતા. તો પછી તુષારભાઈને ડાબા કાનેથી ગોળી વાગીને જમણા કાન પાસેથી કેવી રીતે નીકળી? તે શંકા ઉપજાવે છે. ફરિયાદ પક્ષ દ્વારા જે મિલકતો પચાવી પાડવાની વાત કરાઈ છે, તેમાં રજિસ્ટ્રાર સમક્ષ તુષારભાઈએ પોતાની સ્વેચ્છાએ અને સાક્ષીઓની સ્વેચ્છાએ મિલકતો ટ્રાન્સફર કરી છે.પોલીસ તપસામાં સામે આવેલી વિગત મુજબ તુષારભાઈએ પોતાની લાઈસન્સવાળી લામા (LLAMA) જર્મન મેડ રિવોલ્વર વડે ડાબા કાનની પાછળના ભાગે ગોળી મારી દીધી હતી. ગોળી એટલી નજીકથી અને જોરથી મારવામાં આવી હતી કે એ માથું ફાડીને આરપાર નીકળી ગઈ હતી અને સામેની દીવાલ સાથે અથડાઈને નીચે પડી હતી.

ઉમરા પોલીસ દ્વારા કરવામાં આવેલી પ્રાથમિક તપાસમાં એક અત્યંત ચોંકાવનારી વિગત સામે આવી છે. તપાસ દરમિયાન પોલીસને તુષારભાઈના રૂમમાંથી જે રિવોલ્વર મળી એમાં મેગઝિન ઈન્સર્ટ કરેલું નહોતું. સામાન્ય રીતે પિસ્તોલમાં મેગઝિન ન હોય તો એને ખાલી માનવામાં આવે છે, પરંતુ આ કિસ્સામાં રિવોલ્વરની ચેમ્બરમાં એક ગોળી પહેલેથી જ લોડ થયેલી હતી.

આત્મહત્યાને લઈને તુષારભાઈના પરિવારમાં ફરિયાદી સિવાય અન્ય કોઈ વ્યક્તિ જેમ કે તેઓના ભાઈ, પિતા સહિતનાઓના નિવેદનો કેમ નથી લેવાયા? તુષારભાઈએ રાત્રે એક વાગ્યે આત્મહત્યા કરી તો તેઓને સૌથી પહેલા કોણ અને કેવી રીતે હોસ્પિટલ લઈ ગયું? તે અંગે પણ પોલીસે યોગ્ય તપાસ કરી નથી. અરજદાર પૂનમે તો ઘટનાને લઈને સૌપ્રથમ પોલીસને જાણ કરીને આ ઘટનાની યોગ્ય તપાસ કરવાની માંગ કરી હતી, અને ત્યારબાદ ત્રાહિત વ્યક્તિના કહેવાના કારણે તુષારભાઈની પુત્રીએ ફરિયાદ કરી અને પોલીસે ગુનો પણ નોંધી દીધો? જે શંકા ઉપજાવે છે. સ્કૂલ બાબતે જે આક્ષેપો થયા છે, તેમાં તુષારભાઈની સંમતિથી પાર્ટનરશિપ ડીડ બન્યા છે અને તેઓની મિલકતમાં જ તેઓ લાંબા સમય સુધી રહ્યા છે તો પછી મિલકત પચાવી પાડવાની વાત કેવી રીતે કહી શકાય? બચાવપક્ષ દ્વારા સાંસદ મોહન ડેલકર સહિતનાઓના આત્મહત્યાઓના ઉદાહરણો આપીને હત્યાની ઘટનાને આત્મહત્યામાં ખપાવવાનો પ્રયાસ કરાઈ રહ્યો હોવાના આક્ષેપ કર્યા હતા અને અરજદાર પૂનમબેનને જામીન મુક્ત કરવાની માંગ કરાઈ હતી. બચાવપક્ષની દલીલો બાદ મુખ્ય જિલ્લા સરકારી વકીલ દ્વારા સમય માંગવામાં આવતા કોર્ટે અરજી મંજૂર કરીને આવતીકાલની મુદત આપી હતી.તુષાર ઘેલાણીના મોત બાદ દીકરી તરફથી પૂનમ ભદોરિયા સામે ગુનો નોંધાવવામાં આવ્યો છે.

## બાલારામ- અંબાજી અભ્યારણ્ય વિસ્તારમાં જંગલ કટીંગ તથા

# વન્યપ્રાણીઓના રહેઠાણને થયેલ નુકશાન અંગેના ગુનાના કેસમાં જામીન અરજી નામદાર સેસન્સ કોર્ટ, પાલનપુર દ્વારા પણ નામંજુર

અમીરગઢ વન્યજીવ રેન્જ ના બાલારામ-અંબાજી અભ્યારણની સીમામાં આવેલા ખાપા જંગલ વિસ્તારમાં આરોપીઓ દ્વારા ગેરકાયદેસર રીતે અંદાજીત 1000 મીટર ગેરકાયદેસર રીતે રસ્તો બનાવી આશરે 70 જેટલા વૃક્ષો ધરાશાયી કરાયા હતા. આ ઘટનામાં વિવિધ પક્ષીઓના માળા તથા વન્ય પ્રાણીઓના નેસ્ટ-રહેઠાણને ગંભીર નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું.

આ બાબતે અમીરગઢ રેન્જ દ્વારા વન્યજીવ સંરક્ષણ અધિનિયમ-1972 મુજબ ગુનો નોંધી આરોપીઓને પકડવામાં આવેલ હતા. ત્યારબાદ આરોપીઓ દ્વારા મહેરબાન બીજી એડિશનલ ડિસ્ટ્રીક કોર્ટ, પાલનપુર ખાતે જમીન અરજી દાખલ કરવામાં આવી હતી. સરકારશ્રી પક્ષે સરકારી વકીલ શ્રી ડી.એચ. છાપીયા દ્વારા અભ્યારણના સંરક્ષણના હિતમાં



મજબૂત દલીલો તથા રજૂઆત કરવામાં આવી હતી . દ્વિતીય એડિશનલ ડિસ્ટ્રીક્ટ કોર્ટ , પાલનપુર ના મહેરબાન ન્યાયાધીશ શ્રી જે.કે. કાનાણી સાહેબે દ્વારા ગુનાની ગંભીરતા ધ્યાને લઈ તારીખ 28/02/2026 ના રોજ આરોપીઓની જામીન અરજી નામંજૂર કરવાનો હુકમ કર્યો હતો.

નામદાર કોર્ટ તેમના ચુકાદામાં એવી હકીકત નોંધાવે છે કે તે વૈજ્ઞાનિક રીતે સાબિત થાય છે કે વાઈલ્ડ લાઈફ તથા જંગલને પ્રિઝર્વ કરવાથી ઈકોલોજીકલ બેલેન્સ તથા ફૂડ ચેન જળવાઈ રહેશે .કોર્ટ એવું જણાવે છે કે બંધારણના આર્ટિકલ 51(a) (g) પ્રમાણે ભારતના દરેક નાગરિકની પણ પર્યાવરણ તથા વાઈલ્ડ લાઈફનું રક્ષણ કરવાની ફરજ છે .કોટે એવું પણ નોંધાવે છે કે મનુષ્ય પાસે ખોરાક ના વિકલ્પ હોય છે. પરંતુ વાઈલ્ડ લાઈફ પાસે ફૂડ ચેઈન સિવાય કોઈ માર્ગ નથી હોતો જેથી આરોપીઓ દ્વારા જંગલ સફાઈ કરવામાં આવી તેનાથી વાઈલ્ડ લાઈફના નેચરલ , હેબીટાટ ડિસ્ટર્બ થયા છે તેમજ પર્યાવરણના ઈકોલોજીકલ બેલેન્સ ને પણ નુકસાન થયું છે .નામ.કોર્ટે એવું પણ નોંધ્યું છે કે જે રીતે મનુષ્ય ને ડીગ્નિટી થી રહેવા અધિકાર છે તે રીતે વાઈલ્ડ લાઈફને પણ રહેવાનો અધિકાર છે .કોર્ટે એવું નોંધે છે કે વન અધિકારી પોતાની હિંમત તથા કર્તવ્ય દાખવી આવા આરોપી ને પકડી પાડી ફરજ પાલન કરેલ છે. તે અંગે પ્રશંસા પણ પાઠવી છે.વધુમાં કોર્ટ એવુ વિચારી ધ્રુજી ઉઠી છે કે કીડી ,મકોડા, ઉધઈ તથા કરોળિયા જેવા અસંખ્ય નાના નાના જીવજંતુઓ આરોપીઓના આવા નિર્દય કૃત્ય વૃક્ષોને જળમુળ થી ઉખાડવાના કારણે નાશ થયા હશે.....

અત્રે ઉલ્લેખનીય છે કે સદર ચુકાદો બનાસકાંઠા જ નહીં પરંતુ સમગ્ર ગુજરાત માં વન અને વન્યજીવ સંરક્ષણ અને સંવર્ધન કરવાની દિશામાં ખૂબ જ મહત્વપૂર્ણ બની રહેશે..

# ડભોઈ શહેર લાલ બજારની શિવશક્તિ હોટલ માં ગેસ સિલિન્ડર લીક થતા ભીષણ આગ

## નિયમ વિરુદ્ધના સિલિન્ડર વપરાતા હોય તો તેની તપાસ કોણ કરશે?

• ફકીરા ખત્રી ડભોઈ




ડભોઈ શહેરના સૌથી વ્યસ્ત ગણાતા લાલ બજાર વિસ્તારમાં આવેલી 'શિવશક્તિ હોટલ માં આજે અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ગેસ સિલિન્ડરમાં સર્જાયેલી ખામીને કારણે લાગેલી આ આગમાં ગ્રાહકોના જીવ તાળવે ચોંટ્યા હતા આકસ્મિક આગ હોટલમાં રોજની જેમ ગ્રાહકોની અવરજવર હતી ત્યારે અચાનક ગેસ સિલિન્ડરમાં ટેકનિકલ ખામી સર્જાતા આગ લાગી હતી. આગની જ્વાળાઓ જોઈને હોટલમાં બેઠેલા ગ્રાહકો જીવ બચાવવા બહાર દોડી આવ્યા હતા નાસભાગનો માહોલ: લાલ બજાર જેવો ભરચક વિસ્તાર હોવાથી આગના સમાચાર વાયુવેગે ફેલાયા હતા, જેના કારણે સ્થાનિકોમાં પણ ભારે ફફડાટ અને નાસભાગ જોવા મળી હતી સ્થાનિકોની સતર્કતા: ફાયર બ્રિગેડ પહોંચે તે પહેલાં સ્થાનિક લોકોએ હિંમત બતાવી હતી. હોટલમાં રહેલા ફાયર સેફ્ટીના બોટલો (અગ્નિશામક યંત્રો) નો ઉપયોગ કરી આગ પર કાબુ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. સદનસીબે સમયસર આગ પર કાબુ મેળવી લેવાતા મોટી દુર્ઘટના ટળી હતી ગંભીર સવાલો અને તપાસની માંગ

આ ઘટનાએ તંત્રની કામગીરી અને હોટલ સંચાલકોની બેદરકારી સામે અનેક સવાલો ઉભા કર્યા છે સિલિન્ડરનો પ્રકાર: હોટલમાંથી આગ લાગેલી હાલતમાં બે બોટલ મળી આવ્યા છે. શું આ કોમર્શિયલ સિલિન્ડર હતા કે અન્ય જો નિયમ વિરુદ્ધના સિલિન્ડર વપરાતા હોય તો તેની તપાસ કોણ કરશે?

જવાબદારી કોની?: લાલ બજાર જેવી સાંકડી અને ભીડભાડ વાળી જગ્યાએ જો મોટી હોનારત થઈ હોત અને જાનહાનિ થઈ હોત, તો તેનો જવાબદાર કોણ તંત્રની નિષ્ક્રિયતા: શું જવાબદાર અધિકારીઓ દ્વારા આવી હોટલોમાં ફાયર સેફ્ટી અને ગેસ કનેક્શનનું નિયમિત ચેકિંગ કરવામાં આવે છે? કે પછી માત્ર દુર્ઘટનાની રાહ જોવામાં આવે છે?

# રજીસ્ટારથી લઈને ૩૬ પ્રકારના વિવિધ પદો માટે ૧૩૦ જગ્યાઓ અંગે જાહેર કરેલ ભરતી પ્રકિયા સામે મોટાપાયે ગોઠવણ?

• અખબારી યાદી

ગુજરાત યુનિવર્સિટીમાં ભરતી પ્રક્રિયામાં 'લાગવગ અને ગોઠવણ' એ લાયકાત : મુખ્યમંત્રીશ્રી અને શિક્ષણમંત્રીશ્રી ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા સુનિશ્ચિત કરે

મહેનત કરીને ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા સામાન્ય-મધ્યમ વર્ગના યુવાનોને ક્યારે નોકરીની તક મળશે? : જો પારદર્શિતા સુનિશ્ચિત કરવામા નહીં આવે તો કાયદાકીય કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. રાજ્યની સૌથી જુની યુનિવર્સિટીમાં ભરતી પ્રકિયામાં મોટાપાયે ગોલમાલ, ગેરરીતિ અને લાયકાતના ધોરણે માત્ર 'લાગવગ' તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે. ગુજરાત યુનિવર્સિટીના સત્તાધિશોના મળતિયા અને ગોઠવવાનો સ્પષ્ટ આરોપ સામે પર્દાફાશ કરતાં એન.એસ.યુ.આઈના પુર્વ રાષ્ટ્રીય સંયોજક ભાવિક સોલંકીએ જણાવ્યું હતું કે ગુજરાત યુનિવર્સિટી ધ્વારા અગાઉ ૩ વર્ષ પહેલા જાહેર કરેલ ભરતી પ્રકિયા લાંબા વિવાદ બાદ નવેસરથી ડિસેમ્બર -૨૦૨૫માં રજીસ્ટારથી લઈને ૩૬ પ્રકારના વિવિધ પદો માટે ૧૩૦ જગ્યાઓ અંગે જાહેર કરેલ ભરતી પ્રકિયા સામે મોટાપાયે વિવાદ થાય અને લાગતા વળગતાને અગાઉથી જ 'ગોઠવી' દેવાના હોય તે રીતે કાર્યવાહી ચાલી રહી હોય તેવી માહિતી ગુજરાત યુનિવર્સિટીની સત્તાવાર વેબસાઈટ પરથી સ્પષ્ટ જાહેર થાય છે, ત્યારે મહત્વના પદો પર એક પદ પર ચોક્કસ એક જ ઉમેદવારને માન્ય કરીને ભરતી પ્રકિયા માત્ર દેખાવ પૂરતી હોય તેવી ગોઠવણ કોઈપણ સમજી શકે તેમ છે. ગુજરાત યુનિવર્સિટીના સત્તાધિશોને સમગ્ર રાજ્યમાંથી મહત્વના પદો માટે કોઈ લાયકાતવાળો ઉમેદવાર મળતો નથી કે પછી ગોઠવણમાં મુશ્કેલી હોય તેવું જણાય છે. પી એ ટુ રજીસ્ટારના ૩૩ ઉમેદવારોમાંથી ૧ જ, પી એ ટુ વી.સી માટે ૩૩ ઉમેદવારો માંથી માત્ર ૨ જ, ફીઝીકલ એજ્યુકેશન ડાયરેક્ટર માટે ૧૨ ઉમેદવારોમાંથી માત્ર ૧ જ અને યુનિવર્સિટી એન્જિનિયર માટે ૭ ઉમેદવારોમાંથી માત્ર ૧ જ લાયકાત ધરાવતા હોય તે કેટલે અંશે સત્ય હોય શકે? શું આ ગોઠવણનો ભાગ હોય તેમ જણાતું નથી? શું અગાઉથી જ ઉમેદવારોને ખાનગી રીતે 'ચકાસણી - ગોઠવણ' બાદ જ લાયક ગણવામાં આવ્યા છે?

## શ્રી શક્તિસિંહ ગોહિલનું કાર્યાલય સાંસદ રાજ્યસભા, રાષ્ટ્રીય પ્રવક્તા એ.આઈ.સી.સી

ઈરાન વિરુદ્ધ ઈઝરાયલ + અમેરિકાના યુદ્ધના કારણે અનેક ગુજરાતીઓ મુશ્કેલીમાં મુકાયા છે. ઈરાન અને ઈઝરાયલ ઉપરાંત અબુધાબી, દુબઈ, બહેરીન, કતાર અને અન્ય ગલ્ફ દેશોમાં ડ્રોન હુમલાઓ, મિસાઈલ અને હવાઈ હુમલાના સતત અહેવાલો મળ્યા કરે છે, ત્યારે અસરગ્રસ્ત વિસ્તારોમાં મોટી સંખ્યામાં ગુજરાતી સમુદાયના સભ્યો રહે છે.ભારત સરકાર અને રાજ્ય સરકારે તેમની સલામતી, સુરક્ષા અને તેમના વ્યવસાયો અને કાર્યસ્થળોના રક્ષણ માટે પૂરતી વ્યવસ્થા કરવી જોઈએ જો આપણા સમુદાયના સભ્યો ગુજરાતમાં પાછા ફરવા માંગતા હોય તો ભારત અને ગુજરાતના અધિકારીઓએ સુરક્ષિત ગુજરાત આવવા તેમના માટે મફત વ્યવસ્થા કરવી જોઈએ તેમ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું. અમેરિકા અને અન્ય દેશોમાં જઈ રહેલા ગુજરાતીઓની ફ્લાઈટ દુબઈ, કુવૈત કે અબુધાબીમાં રોકાય તો તેઓ ત્યાં જ ફસાઈ ગયા છે. ગુજરાતના નડિયાદના પ્રિતેશભાઈ પટેલ તથા હીનાબેન પટેલના પરિવારે રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલનો સંપર્ક કર્યો અને જણાવ્યું કે પ્રિતેશભાઈ અને હીનાબેન અમેરીકા જતા હતા, પરંતુ કુવૈત ખાતે ફસાયા છે. ઉમરા કરવા ગયેલ અનેક ગુજરાતી યાત્રિકો સાઉદી અરેબિયાના એરપોર્ટ પર ફસાયા હોવાની માહિતી મળી છે. આ યાત્રિકોનો મુશ્કેલી વર્ણવતો વિડીયો પણ મળેલ છે.

## કેસુડાના ફુલમાંથી સાબુ બનાવી

# રાધે કૃષ્ણ મિશન મંડળ" ના બહેનોને વર્ષે અંદાજે રૂ. ૨ થી ૨.૫૦ લાખ આવકની પ્રાપ્ત કરી

• રાજપીપલા,તા 1



નર્મદાના કેસુડાના ફુલમાંથી સાબુ બનાવી રાધે કૃષ્ણ મિશન મંડળ" ના બહેનોને વર્ષે અંદાજે રૂ. ૨ થી ૨.૫૦ લાખ આવકની પ્રાપ્તિ કરી છે. એકતાનગર સ્થિત એકતાનર્સરીના હેન્ડીક્રાફ્ટ યુનિટ સ્ટોલમાં કેસુડાના ફૂલોથી બનતા હર્બલ સાબુની ખૂબ માંગવધી છે (DAY-NRLM) હેઠળ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, નર્મદા દ્વારા રાધેક્રિષ્ના મિશન મંગલમ જૂથને સ્ટાર્ટઅપ, રિવોલ્વિંગ, કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ તથા કેશ ક્રેડિટ લોનની સહાય મળી છે સ્ટેચ્યુ ઓફ યુનિટી આસપાસ અને પોતાના ખેતરોમાંથી કેસુડાના ફૂલો એકત્રિત કરી ઘરે જ સાબુ બનાવીએ છીએ નર્મદાના વનવિસ્તારમાં કેસૂડો વૃક્ષ ખીલી ઊઠ્યા છે પ્રવાસીઓ માટે વિશેષ આકર્ષણ ઉપરાંત આ કુદરતી સંસાધન સ્થાનિક મહિલાઓ માટે રોજગારીનું મહત્વપૂર્ણ સાધન પણ બની રહ્યું છેકોઠી ગામના "રાધે કૃષ્ણ મિશન મંડળ"ના પ્રમુખ શ્રીમતી નીરૂબેન તડવીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૨માં ૧૦ બહેનો સાથે મંડળની શરૂઆત કરવામાં આવી. સરકાર ની દીનદયાળ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, નર્મદા દ્વારા સ્ટાર્ટઅપ ફંડ રૂ. ૨૫૦૦, રિવોલ્વિંગ ફંડ રૂ. ૧૫,૦૦૦, કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ રૂ. ૧,૫૦,૦૦૦ તથા કેશ ક્રેડિટ લોન રૂ. ૨,૫૦,૦૦૦ની સહાય મળેલ છેવધુમાં નીરૂબેન તડવીએ જણાવ્યું કે, વર્ષ ૨૦૨૪માં કેસુડાના ફૂલો તથા અન્ય વનસ્પતિમાંથી હર્બલ સાબુ બનાવવાની તાલીમ મેળવી ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું. સ્ટેચ્યુ ઓફ યુનિટી આસપાસ અને પોતાના ખેતરોમાંથી કેસુડાના ફૂલો એકત્રિત કરી ઘરે જ સાબુ બનાવવામાં આવે છે, જેને મેળાઓમાં, ગામોમાં અને હોમ ડિલિવરી દ્વારા વેચાણ કરવામાં આવે છે. આ પ્રવૃત્તિથી વર્ષે અંદાજે રૂ. ૨ થી ૨.૫૦ લાખની આવક પ્રાપ્ત થાય છે. સરકારના સહયોગથી મંડળની બહેનો આત્મનિર્ભર બનીને અન્ય મહિલાઓને પણ રોજગારી માટે પ્રોત્સાહિત કરી રહી છે.એકતાનગર ખાતે આવેલ એકતાનર્સરી સ્થાનિક મહિલાઓ માટે કૌશલ્ય વિકાસ અને રોજગારનું સશક્ત કેન્દ્ર બની છે. અહીં હેન્ડીક્રાફ્ટ યુનિટ સ્ટોલમાં કાર્યરત ગોરા ગામના સુમિત્રાબેન તડવીએ જણાવ્યું હતું કે કેસુડાના હર્બલ સાબુની ગરમીના સમયમાં માંગ વધે છે .

# ડાંગ જિલ્લામાં વિવિધ કાર્યક્રમો સાથે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરાઈ

### ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર પ્રેરિત અને પ્રયોશા




ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર પ્રેરિત અને પ્રયોશા પ્રતિષ્ઠાન સંચાલિત પ્રયોશા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા 'ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેકનોલોજી'' થીમ આધારીત રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી ૩ જી ફેબ્રુઆરી થી ૨૮ ફેબ્રુઆરી દરમ્યાન તજજ્ઞોના વ્યાખ્યાનો, વિજ્ઞાન પ્રદર્શન, આકાશ દર્શન, ફન વિથ સાયન્સ, સાયન્સ કવીઝ, સાયન્સ ફિલ્મ શો, હેન્ડ્સ ઓન એક્ટિવિટી જેવી પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી. ઉપરોક્ત તમામ પ્રવૃત્તિઓ નું આયોજન પ્રયોશા લોક વિજ્ઞાન કેન્દ્ર તેમજ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં કરી વિધાર્થીઓની વિજ્ઞાન પ્રત્યે રુચિ વધે તે માટે ના ખાસ પ્રયત્નો કરવામાં આવ્યા. ડૉ. સી.વી. રામનના જીવન અને શોધ કાર્ય આધારિત ફિલ્મ શો નો ખાસ આયોજન કરી તેમના જીવન અને શોધ કાર્ય વિશે વિધાર્થીઓ ને માહિતગાર કર્યા.હેન્ડસ ઓન એક્ટિવિટી અંતર્ગત વિવિધ પ્રયોગો નું નિદર્શન કરી તેના પાછળના વૈજ્ઞાનિક સિધ્ધાંતોની સમજ કો- ઓર્ડીનેટર રતિલાલ સૂર્યવંશી દ્વારા આપવામાં આવી હતી.

## ડાકોર ખાતે ભગવાન રણછોડરાયજી ના દર્શનાર્થે મહેસાણા થી પગપાળા જતા સંઘે આ વર્ષે ૧૧માં વર્ષમાં પણ સતત યાત્રા પૂર્ણ કરી

છેલ્લા ૧૦ વર્ષથી અખંડ શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે ડાકોર ખાતે ભગવાન રણછોડરાયજી ના દર્શનાર્થે મહેસાણા થી પગપાળા જતા સંઘે આ વર્ષે ૧૧માં વર્ષમાં પણ સતત યાત્રા પૂર્ણ કરી મહારાજ ના મુવાડા છીપડી ખાતે પોહચ્યો. આ અવસરમાંકપડવંજ કઠલાલ ના ધારાસભ્ય શ્રી રાજેશભાઈ ઝાલા ને 52 ગજની પવિત્ર ધજા સાથે આગળ વધતા સંઘની ધજાની પૂજા કરવાનો સન્માન મળ્યો મારા માટે આધ્યાત્મિક આનંદ અને ગર્વની ક્ષણ રહી ફાગણ સુદ પૂનમના પવિત્ર દિવસે ભરાતા ડાકોરના મેળામાં સૌ ભક્તજનોને હાર્દિક શુભકામનાઓ. ભગવાન રણછોડરાયજી સૌના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ વરસાવે તેવી પ્રાર્થના.

**માંગ** પોરબંદર તાલુકાના બરાડા વિસ્તારમાં આવેલ વિસાવાડા(મુળ દ્વારકા) નામક એક ગામ આવેલું છે

# વિંઝાત ભગતના વિસાવાડાના મુળ દ્વારકાધિશ મંદિરને પ્રવાસન ધામમાં સામેલ કરવા માંગ

### પ્રતાપભાઈ કેશવાલાએ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાને પત્ર પાઠવી સુવિધાઓ વિકાસની કરી રજૂઆત

• ગોસા(ઘેડ) તા.૦૧

પોરબંદર તાલુકાના બરાડા વિસ્તારમાં આવેલ વિસાવાડા(મુળ દ્વારકા) નામક એક ગામ આવેલું છે. આ ગામ ધાર્મિક દ્રષ્ટિએ ઘણું મહત્ત્વનું છે. કહેવાય છે કે જુના જમાનામાં હિન્દુસ્તાનના દરેક રાજ્યોમાંથી યાત્રાએ આવતા પદયાત્રીઓ,સંઘો, સાધુસંતોને વિસાવાડા ગામના ભાવિક ભક્તજનો રોકીને ખાવાપીવાની, રોકાવાની તેમજ વિસામો લેવાની તમામ સગવડો કરી આપતા તથા તે સંઘોની તથા સાધુસંતોના રસાલાઓની હૃદય થી તથા મનના ભાવથી જે આગતા સ્વાગતા કરતા. બરડા પંથકમાં આવેલ આ વિસાવાડા ગામમાં મહેર સમાજની વધુ વસ્તી છે. મહેર જ્ઞાતિ શૂરવીરતા,બહાદુરી, બલીદાનો, શૌર્યતા અને દિલેરીમાં પંકાયેલી છે. તેવીજ રીતે ઈમાનદારી, ધર્મમય અને પરોપકાર મહેરબાની માટે પણ પંકાયેલી કોમ છે. ત્યારે આવી દિલેરી અને ધાર્મિકતાસભર આ મહેર જ્ઞાતિમાં વિસાવાડા ગામમાં એક મહાન ભક્ત થયેલા છે. તેઓનું નામ વિંઝાત ભગત હતું. વિસાવાડા ગામ મુળ દ્વારકાના નામથી પણ જાણીતું છે. વિંઝાત ભગત કેશવાલા કે જેઓને નિરંજન નિરાકાર શ્રી કૃષ્ણ પરમાત્માએ





વિંઝાત ભગત કેશવાલા



સાક્ષાત્કાર દર્શન આપ્યા. એવા વિસાવાડા મુળ દ્વારકાધિશ મંદિરને પ્રવાસન ધામમાં આવરી લેવા પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ પ્રતાપભાઈ પરબતભાઈ કેશવાલાએ કેન્દ્રીય મંત્રી અને પોરબંદર લોકસભાના સાંસદ મનસુખભાઈ માંડવીયાને પત્ર પાઠવી રજૂઆત કરી છે.

પત્રમાં તેમણે જણાવ્યું છે કે વિસાવાડા ગામે આવેલ મુળ દ્વારકાધિશનું મંદિર અત્યંત પ્રાચીન અને પુરાતત્વ દૃષ્ટિએ મહત્વપૂર્ણ તીર્થસ્થળ છે. અહીં હજારોની સંખ્યામાં વિવિધ રાજ્યોમાંથી યાત્રાળુઓ અને પ્રવાસીઓ દર્શનાર્થે આવે છે. મંદિરનો ઈતિહાસ ઈ.સ. ૧૨૬૨ સુધી પહોંચે છે, જ્યારે વિંઝાત ભગત કેશવાલાને ભગવાન દ્વારકાધિશે પ્રસન્ન થઈ દ્વારકાથી વિસાવાડા આવીને બીરાજમાન થયા હોવાનું માનવામાં આવે છે. ત્યારથી વિસાવાડા ગામ "મુળ દ્વારકા" તરીકે ઓળખાય છે.મંદિર સાથે અનેક આસ્થાઓ જોડાયેલી છે. ખાસ કરીને રાજસ્થાનના અમુક સમાજોમાં લગ્ન પહેલાં વર-વધૂ દ્વારા અહીં આવી ભગવાનના હાથે પાકી છાપ લગાવવાની પરંપરા આજે પણ જળવાઈ છે. મંદિરના પટાંગણમાં નાના-મોટા મળી કુલ ૨૨ જેટલા અન્ય મંદિરો પણ આવેલ છે, જેના કારણે આ સ્થળનું ધાર્મિક મહત્વ વધુ વધે છે.તેમ છતાં હાલ મંદિર આસપાસ પ્રવાસીઓ માટે જરૂરી સુવિધાઓનો અભાવ હોવાનું તેમણે પત્રમાં ઉલ્લેખ કર્યો છે. દર વર્ષે હજારો યાત્રાળુઓ આવતા હોવા છતાં પૂરતી વ્યવસ્થા ન હોવાથી મુશ્કેલીઓ ઊભી થાય છે. તેથી વિસાવાડા ગામ અને મુળ દ્વારકાધિશ મંદિરને સત્તાવાર રીતે પ્રવાસન ધામમાં સામેલ કરી જરૂરી માળખાકીય સુવિધાઓ વિકસાવવાની માંગ કરવામાં આવી છે.પત્રમાં વધુમાં ઉલ્લેખ છે કે વિસાવાડા ખાતે દરિયા કિનારે બીચ મંજૂર થયો છે તથા વિસાવાડાથી હર્ષદ સુધી આશરે ૧૨ કિ.મી.નો કોરિડોર વિકાસ પામી રહ્યો છે. આવનારા સમયમાં પ્રવાસીઓની સંખ્યા નોંધપાત્ર રીતે વધવાની શક્યતા હોવાથી સમયસર આયોજન કરવાની જરૂરિયાત દર્શાવવામાં આવી છે.આ આવેદનપત્રની નકલ કેબિનેટ મંત્રી અને પોરબંદર ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડીયા તથા પૂર્વ કેબિનેટ મંત્રી અને પૂર્વ ધારાસભ્ય બાબુભાઈ બોખીરીયાને પણ મોકલવામાં આવી હોવાનું જાણવા મળે છે.

### ભરતભાઈની કારકિર્દી સાહસિક કિસ્સાઓથી ભરેલી રહી છે

# ડાંગ પોલીસના કર્તવ્યનિષ્ઠ એ.એસ.આઈ. ભરતભાઈ પટેલ ૩૯ વર્ષની બેદાગ સેવા બાદ નિવૃત્ત

**ખાખીની ગરિમા વધારી** ભરતભાઈએ પોતાની કારકિર્દીની શરૂઆત ૦૫/૦૨/૧૯૮૭ ના રોજ વલસાડ જિલ્લામાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે કરી હતી



કહેવાય છે કે ખાખી એ માત્ર ગણવેશ નથી, પણ જવાબદારીનું બીજું નામ છે. આ વિધાનને સાર્થક કરતા ડાંગ જિલ્લા પોલીસ દળના અનાર્મ એ.એસ.આઈ. (બકલ નંબર ૪૪૫) ભરતભાઈ મણીલાલ પટેલ આજે તા. ૨૮/૦૨/૨૦૨૬ ના રોજ ૩૯ વર્ષ અને ૨૧ દિવસની દીર્ઘ અને પ્રસંશનીય સેવા પૂર્ણ કરી વય નિવૃત્ત થયા છે. પોલીસ વિભાગમાં નિષ્ઠાપૂર્વકની કામગીરી બદલ તેઓ એક આદર્શ પોલીસ કર્મી તરીકે ઉભરી આવ્યા છે.

સેવા પ્રવાસની શરૂઆત

ભરતભાઈએ પોતાની કારકિર્દીની શરૂઆત ૦૫/૦૨/૧૯૮૭ ના રોજ વલસાડ જિલ્લામાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે કરી હતી. ૧૯૯૦ માં વલસાડ જિલ્લામાંથી ડાંગ પોલીસ વહીવટી જિલ્લો અલગ થતા તેઓ મૂળ મહેકમ ડાંગ જિલ્લામાં બદલાયા હતા. ત્યારથી લઈને આજ દિન સુધી, એટલે કે છેલ્લા ૩૬ વર્ષથી તેઓએ ડાંગ જિલ્લાની ભૌગોલિક અને સામાજિક પરિસ્થિતિઓ વચ્ચે મક્કમતાથી ફરજ બજાવી છે.

વિવિધ સ્તરે બજાવેલી ફરજ

પોતાની ૩૯ વર્ષની નોકરી દરમિયાન તેઓએ વિવિધ મહત્વના સ્થળોએ સેવા આપી છે, જેમાં:

* વલસાડ પોલીસ હેડક્વાર્ટર અને નવસારી ટાઉન પોલીસ સ્ટેશન.
* ડાંગ જિલ્લામાં આહવા પોલીસ સ્ટેશન, એલ.સી.બી., વઘઈ પોલીસ સ્ટેશન તેમજ ચીચલી અને સુબીર આઉટ પોસ્ટ.
* પ્રતિનિયુક્તિ (Deputation) હેઠળ ડાંગ નશાબંધી અને આબકારી વિભાગમાં નોંધપાત્ર કામગીરી.
* સૌથી મહત્વનું, સ્ટેટ આઈ.બી. ગાંધીનગર (આહવા સેન્ટર) ખાતે સતત ૧૭ વર્ષ સુધી બાજ નજર રાખી ગુપ્તચર વિભાગમાં પોતાની કાબેલિયત પુરવાર કરી.

કામગીરી અને સિદ્ધિઓ

ભરતભાઈની કારકિર્દી સાહસિક કિસ્સાઓથી ભરેલી રહી છે. તેઓએ પેરોલ ફર્લો જમ્પ કરનાર મર્ડર જેવા ગંભીર ગુનાના નાસતા-ફરતા આરોપીઓને પકડવામાં સફળતા મેળવી હતી. આ ઉપરાંત, ચોરીના વણઉકેલાયા ગુનાઓ શોધી કાઢવા, મુદ્દામાલ રિકવર કરવો અને માદક દ્રવ્યો (ગાંજા) ના કેસો કરવામાં તેમની સક્રિય ભૂમિકા રહી હતી. ખાસ કરીને સને ૧૯૯૨-૯૩ અને ૧૯૯૭-૯૮ ના સમયગાળામાં ડાંગ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની કપરી સ્થિતિમાં તેઓએ જીવના જોખમે ફરજ બજાવી હતી.

તેમની આ ઉત્કૃષ્ટ સેવા બદલ તેમને અત્યાર સુધીમાં કુલ ૨૬ રોકડ ઈનામો અને આઈ.બી. ની કામગીરી દરમિયાન ૦૮ જેટલા પ્રશંસાપત્રો એનાયત કરવામાં આવ્યા છે.

## આમોદમાં લોહીતરસ્યા શ્વાનોનો કહેર, બાળકની ચીસથી ગુંજી ઉઠ્યું પ્રશાસનનું પાપ, તંત્રની નિંભરતા વચ્ચે માસૂમોના જીવ જોખમમાં

• આમોદ

આમોદ શહેર જાણે હડકાયા શ્વાનોના હવાલે હોય તેવી ભયાનક સ્થિતિ નિર્માણ પામી છે. તંત્રના પોલા દાવાઓ અને કાગળ પરની કામગીરીની પોલ ખોલતા કિસ્સામાં વાંટા વિસ્તારમાં ૧૨ વર્ષના માસૂમ બાળક પર જીવલેણ હુમલો થતા સમગ્ર પંથકમાં રોષની જ્વાળા ભભૂકી ઉઠી છે. મદ્રેસાથી ઘરે પરત ફરી રહેલા નિર્દોષ બાળકને ફાડી ખાવાનો પ્રયાસ કરનાર આ શ્વાનો હવે આમોદના રસ્તાઓ પર યમદૂત સમાન સાબિત થઈ રહ્યા છે. અગાઉ પણ ભરબજારમાં અને મસ્જિદ પાછળના વિસ્તારોમાં બાળકોની આંખો ફોડી નાખવા સુધીના હુમલાઓ થયા હોવા છતાં પ્રશાસન હજુ પણ કોઈ મોટી જાનહાનિની રાહ જોઈને બેઠું હોય તેવું લાગી રહ્યું છે. પાલિકા દ્વારા અગાઉ કરવામાં આવેલી દેખાડાની કામગીરી માત્ર ધૂળ નાખવા બરાબર સાબિત થઈ છે, કારણ કે શ્વાનોનો આતંક ઓછો થવાને બદલે વધુ લોહિયાળ બન્યો છે. વારંવારની રજૂઆતો અને હોબાળા છતાં તંત્રની આ ગુનાહિત બેદરકારીએ સ્થાનિકોના જીવ તાળવે ચોંટાડ્યા છે.જો સત્તાધીશો હજુ પણ કુંભકર્ણની નિદ્રામાંથી જાગીને આ શ્વાન-રાજનો કાયમી ઉકેલ નહીં



લાવે, તો રોષે ભરાયેલી જનતા રસ્તા પર ઉતરે તેવી પૂરેપૂરી શક્યતા છે. આમોદની જનતા હવે ઠાલા આશ્વાસનો નહીં, પણ રસ્તા પર સુરક્ષિત ચાલવાની ખાતરી અને આ લોહીતરસ્યા શ્વાનોથી કાયમી મુક્તિ ઝંખે છે. આમોદની જનતાના લોહીથી ખરડાયેલા રસ્તાઓ પાલિકાના સત્તાધીશોની નિંભરતાની ચાડી ખાઈ રહ્યા છે. પાલિકા તંત્ર માત્ર કાગળ પર ઘોડા દોડાવવા અને આંકડાબાજીમાં વ્યસ્ત છે, જ્યારે વાસ્તવમાં શહેરના રસ્તાઓ પર હિંસક શ્વાનો રૂપી યમદૂતો ખુલ્લેઆમ તાંડવ કરી રહ્યા છે. જનતાનો રોષ હવે સીમા વટાવી ચૂક્યો છે. લોકોનો સવાલ છે કે શું પાલિકાના અધિકારીઓ માત્ર એસી ઓફિસોમાં બેસીને કોઈ માસૂમનો ભોગ લેવાય તેની રાહ જોઈ રહ્યા છે? અત્યાર સુધીની ઠાલી અને દેખાડા પૂરતી કામગીરીએ પાલિકાની પોલ ખોલી નાખી છે. શહેરના કરદાતા નાગરિકો હવે કોઈ પણ બહાનાબાજી સાંભળવા તૈયાર નથી. જો આ રક્તપાત સમાન સમસ્યાનો ૨૪ કલાકમાં કાયમી અને ધારદાર ઉકેલ નહીં આવે, તો ઉગ્ર આંદોલનના ભડકા પાલિકાના સત્તાધીશોની ખુરશીઓ હચમચાવી દેશે તે નક્કી છે. આમોદની જનતા હવે આશ્વાસનો નહીં, પણ પરિણામ ઝંખે છે.

# હોળી ધુળેટીના પર્વને લઈ મલેકપુરના બજારમાં ઉજાસ

• વીરભદ્ર સિંહ સિસોદીયા
મહિસાગર



મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના મલેકપુરના બજારમાં છેલ્લી ઘડીએ રવિવારનો માહોલ હોવાથી ઘરાકી નીકળતા વેપારીઓ ખુશ જોવા મળ્યા હતા

હોળી ધુળેટી પર્વને લઈને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે મલેકપુરના બજારમાં પિચકારી, કલર, ઢોલ સહિતની ખરીદી માટે લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે.

હોળી ધુળેટીના પર્વને લઈ મળેકપુરના બજારમાં નાના-મોટા ઢોલ મળી રહ્યા છે. મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના મળેકપુર પંથકમાં હોળી ધુળેટી પર્વને લઈ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

હોળી ધુળેટીના ગણતરીના દિવસો બાકી રહેતા મલેકપુરના વેપારીઓ ઘરાકી નીકળે એવી આશાએ પોતાની દુકાનો સજાવી રહ્યા છે. લોકો પણ પરિવાર સાથે બજારમાં આવીને પિચકારી, રંગ અને ઢોલ જેવી સામગ્રી ખરીદી રહ્યા છે.

બાળકોમાં ખાસ ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને બજારમાં રોનક વધી છે. વેપારીઓને પણ સારો ધંધો થવાની આશા છે. તેમજ છેલ્લે રવિવાર ના રોજ મોડે સુધી પણ હોળી અને ધૂળેટીના પર્વ ને લઈને ઢોલ ની માંગ માં ને કલરની માંગ માં ખરીદી માટે વધારો થયો હતો.ગામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારોમાં હોળી ના ગીતો ની .ઢોલના તાલે દેશી ગામઠી ભાષામાં ફાગ ગીતો ગવાય છે .આમ હોળી ના પર્વની ઉજવણી કરવામાં માટે મલેકપુર નું બજાર ઢોલ ના નાદથી ગુંજી ઉઠ્યું હતું.

## અખિલ ભારતીય પંચાંગ પરિષદ અને ગાયત્રી પ્રત્યક્ષ પંચાંગ દ્વારા આયોજિત સન્માન સમારોહ યોજાયો



સ્થળ: શ્રી શ્રીમાળી કેળવણી મંડળ, ગોલ્ડન જ્યુબિલી હોલ, મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી આજે, ૨૦૮૨ ના ફાલ્ગુન મહિનાના બારમા દિવસે, શનિવારના શુભ પ્રસંગે, ગાયત્રી પંચાંગ સુવર્ણ જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. આ કાર્યક્રમ અખિલ ભારતીય પંચાંગ પરિષદના નેજા હેઠળ યોજાયો. આ બે દિવસીય કાર્યક્રમમાં ભારત અને વિદેશના 110 થી વધુ કેલેન્ડર નિર્માતાઓ, કથાકારો, પંડિતો અને વેદાચાર્યો ભાગ લેશે. આ કાર્યક્રમમાં વિશેષ અતિથિઓ દ્વારકેશલાલજી વૈષ્ણવાચાર્ય પીઠાધીશ્વર મહારાજ, શ્રી રણછોડલાલજી (વૈષ્ણવાચાર્ય), શ્રી પ્રવીણ તોગડિયા, હિન્દુ સનાતની સમ્રાટ, ચૈતન્ય શંભુ મહારાજ અને ભગવદ ઋષિ સોલા વિદ્યાપીઠ હશે.આ કાર્યક્રમ અંતર્ગત, આંતરરાષ્ટ્રીય કેલેન્ડર નિર્માતાઓ દ્વારા એક ખાસ ચર્ચાનું આયોજન કરવામાં આવશે.

### રૂ.૪ લાખના ચેક પરત કેસમાં બોન્ડ રાઈટરને એક વર્ષની સજા, રૂ. ૮ લાખ વળતર ચૂકવવાનો કોર્ટનો હુકમ

# જુરીબાગ મકાન સોદા મામલે ફરીયાદી તરફેણ ના વકીલોની દલીલોમાં તથ્ય જણાતા કોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો

• ગોસા(ઘેડ) તા.૦૧

પોરબંદર માં જુરીબાગમાં મકાન ના સોદામાં આપેલ રૂ.૨-૨ લાખના બે ચેક બેંકમાંથી રિટર્ન થતાં તે ફરિયાદ કોર્ટ માં ચાલી જતા ફરિયાદી મહિલા ના વકીલોનો દલીલોમાં તથ્ય જણાતા પોરબંદરનાં બોન્ડ રાઈટરને એક વર્ષની સજા અને રૂ.૮ લાખ વળતર પેટે ચૂકવવાનો કોર્ટ દ્વારા હુકમ કરવામાં આવ્યો છે.\ આ કેસની વિગત એવી છે કે પોરબંદરમાં મકાન ના સોદા પેટે આપેલા ચેક પરત (Dishonour of Cheque) મામલામાં નામદાર એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ અને પ્રિન્સીપલ સિવિલ જજ બી.જે. પટેલની કોર્ટ દ્વારા મહત્વપૂર્ણ





ચુકાદો આપવામાં આવ્યો છે. કોર્ટે પોરબંદર ના જાણીતા બોન્ડ રાઈટર આરોપી જયેશ હેમરાજ સવજાણી (રહે. પોરબંદર)ને એક વર્ષની સાદી કેદની સજા તેમજ રૂા. ૮,૦૦,૦૦૦/- વળતર પેટે ફરીયાદીને ચુકવવાનો હુકમ કર્યો છેફરીયાદ મુજબ, ફરીયાદી મંજુલાબેન બાબુભાઈ કિશોર તથા તેમના પતિએ જુરીબાગ વિસ્તાર માં મકાન ખરીદવા માટે આરોપી સાથે સોદો કર્યો હતો. આરોપીએ પોતાનું જુરીબાગ સ્થિત મકાન વેચવા સંમતિ દર્શાવી હતી તેમજ ફરીયાદીનું બોખીરા સ્થિત મકાન લેવાની પણ સંમતિ આપી હતી. જુરીબાગના મકાનની કિંમત વધુ હોવાને કારણે ફરીયાદી તથા તેમના પતિએ આરોપીને રૂા. ૪,૦૦,૦૦૦/- રકમ ચુકવી હતી.

પરંતુ બાદમાં જાણવા મળ્યું કે જુરીબાગનું મકાન બેંકમાં ગીરવે રાખેલ હતું અને લોન બાકી હોવાને કારણે બેંક દ્વારા મકાન સીલ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આરોપીએ ફરીયાદીને રૂા. ૨,૦૦,૦૦૦/- ના બે ચેક આપ્યા હતા, પરંતુ બંને ચેક પરત ફરતા ફરીયાદીએ કોર્ટમાં ફરીયાદ દાખલ કરી હતી.

નામદાર કોર્ટએ ફરીયાદી પક્ષના વકીલોની દલીલો અને રજૂ થયેલા પુરાવાઓને ધ્યાનમાં લઈ ફરીયાદમાં તથ્ય જણાતાં આરોપીને એક વર્ષની સાદી કેદ તથા રૂા. ૮ લાખ વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે.

# રૂપિયાની જેમ મશીનમાંથી અનાજ નીકળશે ગુજરાતમાં આવી ગયું અન્ન પૂર્તિ ATM

### કલોલથી પ્રારંભ, રેશનિંગની લાઇનમાંથી મુક્તિ મળશે

• અમદાવાદ

બટન દબાવો અને અનાજ લઈ લો.... જેમ ATMમાંથી રૂપિયા નીકળે છે તેવી જ રીતે હવે ગુજરાતમાં ATMમાંથી 24 કલાક અનાજ પણ મળી શકશે. આ મશીનનું નામ અન્ન પૂર્તિ ગ્રેઈન ATM છે. લોકોએ કલાકો સુધી રેશનિંગની દુકાન બહાર લાઈનમાં ઊભું રહેવું નહીં પડે. આ મશીન આજે કલોલમાં ખુલ્લું મુકાશે. આ ઉપરાંત કેન્દ્ર સરકારે સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (CBDC) આધારિત એક એવી વ્યવસ્થા ચાલુ કરી છે. જેમાં QR કોડ સ્કેન કરવાથી રેશનકાર્ડ ધારકને અનાજ મળી રહેશે. આ બન્ને સિસ્ટમ શું છે અને કેવી રીતે કામ કરે છે તે જાણવા દિવ્ય ભાસ્કરે ગુજરાતના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના અધિક મુખ્ય સચિવ મોના ખંધાર સાથે વાતચીત કરીને વધુ માહિતી મેળવી હતી. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ દેશના 81 કરોડ લોકોને સરકાર વિના મૂલ્યે રાશન આપે છે. કેન્દ્ર સરકાર દર મહિને ઘઉં અને ચોખા આપે છે. જ્યારે રાજ્ય સરકાર રાહત દરે તુવેરની દાળ, ચણા, ખાંડ અને મીઠું આપે છે.



હવે ગુજરાત સરકાર રાશન કાર્ડધારકોને વસ્તુઓ મળી રહે તે માટે અન્ન પૂર્તિ ગ્રેઈન ATM મશીન મૂકશે. આ મશીનમાંથી લાભાર્થીને પેકિંગ કરેલું અને લૂઝ એમ બન્ને પ્રકારનું અનાજ મળી શકશે. માત્ર 35 સેકન્ડમાં 25 કિલો અનાજનું વિતરણ થશે. જે વજન, મૂલ્ય અને ગુણવત્તાની દ્રષ્ટિએ સંપૂર્ણ સચોટ હશે. આ મશીન 24 કલાક ચાલુ રહેશે. ગાંધીનગરના કલોલમાં આજથી તેની શરૂઆત કરાશે. કલોલમાં રેશન કાર્ડધારકો માટે મૂકાનારા આ મશીનને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ખૂલ્લું મૂક્યું હતું. દરેક વસ્તુના પેકેટના અલગ અલગ ખાના રહેશે. એક વસ્તુ માટે 200 કિલોની કેપેસિટી છે. મશીન ખાલી થઈ જાય પછી જ નવા પેકેટ મુકવા તેવું જરૂરી નથી. થોડા પેકેટ બચેલા હોય ત્યારે તેને અપલોડ કરી શકાય છે. કેન્દ્ર સરકારના ઘઉં અને ચોખા છુટક મળે છે. જ્યારે રાજ્ય સરકારનું અનાજ પેકિંગમાં મળશે તેથી બન્ને પ્રકારના વેન્ડિંગ મશીન મુકવામાં આવશે. લાભાર્થીના ડેટા બેઝ સાથે મશીનનો સોફ્ટવેર ઈન્ટિગ્રેટ કરાશે. જેથી લાભાર્થીની વિગતો મળી જાય. જે લાભ મળવાનો હોય તે પ્રમાણે લાભાર્થી જે પણ સિલેક્ટ કરે તે વસ્તુઓ સીધી વેન્ડિંગ મશીનથી તેને મળી જશે. કલોલ બાદ તબક્કાવાર ગુજરાતના બીજા જિલ્લાઓમાં આવા મશીન મુકાશે. કલોલમાં ગુજરાત સ્ટેટ સિવિલ સપ્લાય કોર્પોરેશનના ગોડાઉન ખાતે આ મશીન મુકવાનું નક્કી કરાયું છે. કેમ કે તેની આજુબાજુ સસ્તા અનાજની 6 દુકાનો છે એટલે તે સ્થળને પસંદ કર્યું છે. જ્યારે અન્ય શહેરોમાં ગોડાઉન સિવાયની જગ્યાઓ પણ પસંદ કરાશે. મશીનમાં આ રીતે પેકેટ ગોઠવેલા હોય છે.

**વિરોધ** ગાંધીનગરમાં પિતા આવતાં ભાંડો ફૂટ્યો; બંનેની બોર્ડ પરીક્ષા ચાલતી 'તી

# પ્રેમિકાના પિતાએ દરવાજો બંધ કરી દેતા પ્રેમીએ ગળાફાંસો ખાધો:સગીરાની એકલતા જાણીને સગીર ઘરમાં ઘૂસ્યો

### ગાંધીનગરમાં સગીર પ્રેમી પંખીડાની કુમળી વયના પાંગરેલા પ્રેમ પ્રકરણનો કરુણ અંત આવ્યો હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે

• ગાંધીનગર

ગાંધીનગરમાં સગીર પ્રેમી પંખીડાની કુમળી વયના પાંગરેલા પ્રેમ પ્રકરણનો કરુણ અંત આવ્યો હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. 15 વર્ષની પ્રેમિકા ઘરે એકલી હોવાનું જાણીને 17 વર્ષનો પ્રેમી ઘરમાં ઘૂસ્યો હતો. દરમ્યાન સગીરાના પિતા ઘરે પહોચી જતાં બન્નેનો ભાંડો ફૂટી ગયા હતો. જેના પગલે દીકરીને બહાર કાઢી પિતાએ રૂમમાં સગીરને પુરી દઈ પરિવારને બોલાવ્યા હતાં. જોકે ત્યાં સુધીમાં ડરના માર્યા સગીરે પંખે સાડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. સગીરાની ધો.10ની અને મૃતક સગીરની ધો.12ની બોર્ડ પરીક્ષા ચાલુ છે. સમગ્ર ઘટના મામલે ચિલોડા પોલીસ મથકના ચોપડે નોંધાઈ છે.કહેવાય છે કે, પ્રેમ આંધળો હોય છે પણ જ્યારે કુમળી વયનો પ્રેમ સમજ્યા વિનાની આંધળી દોટ મુકે છે ત્યારે તેનું પરિણામ ગંભીર આવતું હોય છે. આવો જ એક ચોંકાવનારો કિસ્સો પોલીસ ચોપડે અકસ્માતે મોતના ગુના હેઠળ નોંધવામાં આવ્યો છે. ચિલોડા પોલીસ મથકની હદ વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં બે પરિવારો સામ સામે રહે છે. જેમના સગીર દીકરો દીકરી એકજ સ્કૂલમાં અભ્યાસ કરતા હોવાથી સ્વભાવિક રીતે સાથે સ્કૂલે આવતા જતા હતાં.જેમાં એક પરિવારની 15 વર્ષની દીકરી ધોરણ 10 અને બીજા પરિવારનો 17 વર્ષના દિકરાની ધોરણ 12ની બોર્ડની પરીક્ષા ચાલી રહી છે. આ દરમ્યાન જ સગીરે સગીરાના ઘરે રૂમમાં પંખે ગળાફાંસો ખાઈ લેતા ચકચાર મચી ગઈ છે. વાત જાણે એમ છેકે, પાડોશી હોવા ઉપરાંત સગીર સગીરા સ્કૂલમાં સાથે અભ્યાસ કરતા હોવાથી બંને વચ્ચે કુમળી વયનો પ્રેમ કેટલાય સમયથી પાંગર્યો હતો. આ વાતથી બંને પરિવારો સાવ અજાણ હતાં. પરંતુ એક દિવસ સગીર પ્રેમ પ્રકરણનો ભાંડો ફૂટી ગયો હતો. જેથી દીકરીના પિતાએ સામે પક્ષે જાણ કરી હતી.




એ વખતે સગીર પ્રેમીના ફુવાએ આ બાબતે ફરીવાર ફરિયાદ નહીં આવે તેવી બાહેધરી આપી હતી. આ તરફ સગીર દીકરી પર પણ પરિવારે પાબંધીઓ લાદી દીધી હતી. એટલે બંનેને છેલ્લા કેટલાય સમયથી એકલતામાં મળવું મુશ્કેલ બની ગયું હતું. એવામાં સગીરાની માતાને બીમારીના લીધે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ગઈકાલે પત્નીની સરભરા માટે પતિ હોસ્પિટલે ગયા હતાં. એ સમયે પ્રેમિકા એકલી હોવાનું જાણીને પ્રેમી ઘરમાં ઘૂસી ગયો હતો. બંનેને એમ હતું કે લાંબો સમય એકલા વિતાવવા મળશે.પરંતુ થોડી વારમાં બહારથી દરવાજો ખટકાવામાં આવતા પ્રેમી પંખીડા ગભરાઈ ગયા હતા. જેના પગલે પ્રેમી રૂમમાં સંતાઈ જતા સગીરાએ દરવાજો ખોલતા જ સામે પિતાને જોઈને અંદરથી ફફડી ગઈ હતી. બાદમાં પિતા ઘરમાં પ્રવેશતા જ રૂમમાંથી સગીર મળી આવ્યો હતો. આ વાતથી તેમણે બન્નેને ઠપકો પણ આપ્યો હતો. બાદમાં તેમણે સમગ્ર ઘટના સગીરને ફુવાને ફોન કરીને જાણ કરી હતી. જેથી ફુવાએ બહારથી દરવાજો બંધ કરી દેવાનું જણાવી પોતે ઘરે આવી રહ્યાં હોવાનું જણાવ્યું હતું.જેના પગલે રૂમનો દરવાજો બંધ કરી દીકરીને લઈને પિતા ઘરની બહાર નીકળી ગયા હતાં. જેની થોડીવાર પછી સગીરના ફુવા સોસાયટીમાં આવી પહોંચ્યા હતા. બાદમાં બંને જણા ઘરનો દરવાજો ખોલીને અંદર પ્રવેશ્યા હતા. જોકે ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હતું. 17 વર્ષના સગીર પ્રેમીએ ડરના માર્યા પંખાએ સાડી બાંધીને ગળે ફાંસો ખાય જીવન ટૂંકાવી લીધું હતું.આ દ્રશ્ય જોઈને પરિવારના બંને મોભીના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. આ બનાવની જાણ થતા ચિલોડા પોલીસ પણ ઘટના સ્થળે દોડી ગઈ હતી. જેમાં હાલમાં બંને પરિજનોના નિવેદનો પણ નોંધવામાં આવ્યા હતા. જેના પગલે પોલીસે અકસ્માતે મોતનો ગુનો હાલના તબક્કે નોંધ્યો છે.


### પાલતૂ મળી 500થી વધુ કૂતરાને રસી મૂકાઈ

# શ્વાનોને હડકવા સહિત 10 જીવલેણ બીમારીથી બચાવવા રસીકરણ કેમ્પ

**કેમ્પનું આયોજન** રખડતા શ્વાનને દત્તક લેવા લોકોને જાગૃતિ કરાશે, રખડતા શ્વાનને દત્તક લેવા આયોજન

• વડોદરા

વડોદરા ખાતે રાખડતા શ્વાન તેમજ પાળતી શ્વાન માટે રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્વાનોને હડકવા તેમજ વિવિધ 10 જીવલેણ બીમારીઓ સામે રક્ષણ આપવા માટે નિઃશુલ્ક રસીકરણ કેમ્પ યોજવામાં આવ્યો હતો. એનિમલ લવર્સ દ્વારા શહેરના વિવિધ વિસ્તારમાં રખડતા શ્વાનને પકડીને લાવવામાં આવ્યા હતાં. ખાસ કરીને નાના બચ્ચાઓને રસી મૂકવામાં આવી હતી. સામાન્ય રીતે ઘરની બહાર દરેક લોકો આ શ્વાનને ખોરાક આપતા જ હોય છે, પરંતુ તેઓ તેની જવાબદારી સ્વીકારે અને તેને જો કઈ થાય તો તેને સારવાર અપાવે તે માટે કેમ્પ યોજવામાં આવશે. જે લોકો રખડતા શ્વાનને દત્તક લેવા માગતા હશે તેઓને સમજ આપવામાં આવશે. રખડતા શ્વાનના રસીકરણ માટેનો નિઃશુલ્ક કેમ્પ સૌપ્રથમ વખત આયોજિત કરવામાં આવ્યો હતો. સમગ્ર ગુજરાતમાં પ્રથમ વખત આવો કેમ્પ યોજાયો હોવાનું આયોજકોએ જણાવ્યું હતું. છેલ્લા કેટલાક સમયથી રખડતા શ્વાનના હુમલાના ઘટનાઓ વધી છે. ત્યારે આવા કેમ્પ થકી માત્ર શ્વાન જ નહીં, પરંતુ નાગરિકોના જીવનું જોખમ પણ અટકશે તેવું આયોજકોનું માનવું છે. તો શહેરના જે લોકો શ્વાનને પાળે છે, તેઓ પણ રસીકરણ માટે આવ્યા હતા. 500થી વધુ શ્વાનને રસી મૂકવામાં આવી હતી.વડોદરા શહેરમાં રખડતા શ્વાનને દત્તક લેવા માટે પણ આયોજન કરવામાં આવશે. કેમ્પમાં એનિમલ લવર સૃષ્ટિ પટેલે જણાવ્યું હતું કે, રખડતા શ્વાનને પણ દત્તક લેવા માટે લોકોમાં જાગૃતિ લાવવામાં આવશે. સામાન્ય રીતે ઘરની બહાર દરેક લોકો આ શ્વાનને ખોરાક આપતા જ હોય છે, પરંતુ તેઓ તેની જવાબદારી સ્વીકારે અને તેને જો કઈ થાય તો તેને સારવાર અપાવે તે માટે કેમ્પ યોજવામાં આવશે. જે લોકો રખડતા શ્વાનને દત્તક લેવા માગતા હશે તેઓને સમજ આપવામાં આવશે. રખડતા શ્વાનના રસીકરણ માટેનો નિઃશુલ્ક કેમ્પ સૌપ્રથમ વખત આયોજિત કરવામાં આવ્યો હતો. સમગ્ર ગુજરાતમાં પ્રથમ વખત આવો કેમ્પ યોજાયો હોવાનું આયોજકોએ જણાવ્યું હતું. છેલ્લા કેટલાક સમયથી રખડતા શ્વાનના હુમલાના ઘટનાઓ વધી છે. ત્યારે આવા કેમ્પ થકી માત્ર શ્વાન જ નહીં, પરંતુ નાગરિકોના જીવનું જોખમ પણ અટકશે તેવું આયોજકોનું માનવું છે.



# અધેવાડામાં માથામાં ગંભીર ઈજાથી યુવકનું મોત:બે દિવસ પૂર્વે અવાવરૂ જગ્યામાંથી યુવકનો મૃતદેહ મળ્યો હતો

### પોસ્ટમોર્ટમ કરતા પીએમ રિપોર્ટમાં માથાના ભાગે ગંભીર ઈજાથી મોત થયું હોવાનું સામે આવ્યું

• ભાવનગર

ભાવનગરના અધેવાડા વિસ્તારમાં બે દિવસ પૂર્વે અવાવરૂ જગ્યાએ બાવળીયામાંથી યુવકની શંકાસ્પદ લાશ મળતા ચકચાર મચી ગઈ હતી. વાડીએ કામ માટે ગયેલો યુવક ઘરે પરત ન ફરતા તપાસ દરમિયાન તેની મોટરસાયકલ અને બાદમાં લાશ મળી આવી હતી. જેનું પોસ્ટમોર્ટમ કરતા પીએમ રિપોર્ટમાં માથાના ભાગે ગંભીર ઈજાથી મોત થયું હોવાનું સામે આવ્યું છે. ભરતનગર પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવ અંગે ભરતનગર પોલીસ મથકથી મળતી માહિતી મુજબ, અધેવાડા ઝાંઝરીયા રોડ દે.પૂ વાસ વિસ્તારમાં રહેતા મૃતકની પત્ની ખાટુબેન મથુરભાઈ પરમારે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ અનુસાર તા. 25 ફેબ્રુઆરીના રોજ સવારના 7 વાગ્યે તેમના પતિ મથુરભાઈ પરમાર (ઉ.વ 41) પોતાની મોટરસાયકલ લઈને વિરેન્દ્રસિંહ રાજેન્દ્રસિંહની વાડીએ ઘઉંને પાણી પીવડાવવા માટે ઘરેથી નીકળ્યા હતા. બપોરના જમવા માટે તેઓ ઘરે પરત ન ફરતાં પરિવારને ચિંતા થઈ હતી. બપોરના ચાર વાગ્યે દીકરાને જગાડીને વાડીએ તપાસ કરવા મોકલતા મથુરભાઈ ત્યાં હાજર ન હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ પરિવારજનો તથા જ્ઞાતિના લોકોએ આજુબાજુના વાડી વિસ્તારમાં આખી રાત શોધખોળ કરી હતી, પરંતુ મથુરભાઈનો કોઈ પતો લાગ્યો ન હતો. જ્યારે તા.26 ફેબ્રુઆરીના રોજ સવારના સમયે મથુરભાઈની શોધખોળ દરમિયાન શિવમ અમૃત સોસાયટી નજીક ડી-માર્ટ જવાના રસ્તા પર કાચા માર્ગ ઉપર તેમની મોટરસાયકલ મળી આવી હતી.નજીકની બાવળની ઝાડીમાં તપાસ કરતા સિમેન્ટની વડી પાસે મથુરભાઈની લાશ મળી આવી હતી, જેમાં તેમના માથા અને કપાળના ભાગે ગંભીર ઈજાઓ સાથે લોહી નીકળતું જોવા મળ્યું હતું. ઘટનાની જાણ થતા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ કરી અને લાશને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.



# બરોડા ડેરીની ચૂંટણી પહેલા રાજકારણ ભારે ગરમાયુ

### પ્રક્રિયા દરમિયાન દિનુમામાને હરિફ ઉમેદવાર વિષે પૂછતા જ બરાબરના અકળાયા

• વડોદરા

બરોડા ડેરીની ચૂંટણી પહેલા રાજકારણ ભારે ગરમાયુ છે. ચૂંટણી પહેલા આક્ષેપ - પ્રતિ આક્ષેપ કરવામાં આવી રહ્યાં છે. આ ચૂંટણી પહેલા ઉમેદવારોએ એક બીજાના ચારિત્ય ઉપર પણ છાંટા ઉડાડવાની શરૂઆત કરી દીધી છે. ત્યારે આજે ડેરીના વર્તમાન પ્રમુખ દિનેશ પટેલ ( દિનુમામા) તેઓના પ્રતિસ્પર્ધીએ કરેલા આક્ષેપ અંગે પૂછતા અકળાઈ ગયા હતા અને મીડિયા સાથે વાતચીત કરતા કરતા જ ચાલવા માંડયા હતા. દિનુમામાને મીડિયા દ્વારા સવાલ પૂછવામાં આવ્યો કે, ભાસ્કર પટેલે કહ્યું હતું કે... બસ આટલું બોલતા જ દિનુમામા અકળાઈ ગયા હતા અને કહ્યું હતું કે, ભાસ્કર તો કઈ મારા કરતા મોટો... સીએમ છે? મુખ્યમંત્રી છે? મીડિયાએ પાછું પૂછ્યું કે એ આક્ષેપ કરે છે કે... તો દિનુ મામા પાછા અકળાઈને કહે છે કે એ કહેતો હોય તો એને પૂછો. અને તેમ કહીને તેઓ ઈન્ટરવ્યૂ આપતા આપતા ચાલતી પકડે છે.ઉમેદવારીપત્ર ભરવાના દિવસે પાદરાના દિનુમામાના પ્રતિસ્પર્ધી ભાસ્કર પટેલે ગંભીર આક્ષેપ કર્યા હતા અને દિનુમામાના ચારિત્ય ઉપર પણ આંગળી ચીંધી હતી. જો કે ત્યાર બાદ દિનુમામાએ એમ કહ્યું હતું કે, જો તે આ આરોપ સાબિત નહીં કરે તો હું 25 કરોડનો બદનક્ષીનો દાવો કરીશ. અને ત્યાર બાદ સમગ્ર મામલો ગરમાયો હતોબરોડા ડેરીની ચૂંટણી માટે આજે ફોર્મ ચકાસણી કરવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. 26 ફેબ્રુઆરી ફોર્મ ભરવાની અંતિમ તારીખ હતી જે બાદ આજે ચૂંટણી અધિકારી દ્વારા ફોર્મ ચકાસણી કરવી તેમજ વિવિધ ઝોનમાં વાંધા આપવા માટે પ્રતિનિધિઓને સાંભળવામાં આવ્યા હતા. જેમાં કેટલાક ઝોનમાં ઉમેદવારો અથવા તેઓના પ્રતિનિધિઓએ વાંધા રજૂ કર્યા હતા.બરોડા ડેરીની ચૂંટણીમાં કુલ 13 ઝોનમાં ચૂંટણી પ્રક્રિયા યોજવામાં આવશે. જેમાં આજે 13 પૈકી 66 ઝોનમાં કુલ 11 વાંધા રજુ કરવામાં આવ્યા હતા.

# જવેલ્સ સર્કલ નજીક રિક્ષા પલટી જતાં યુવાનનું મોત:અન્ય ચાર લોકોને નાની-મોટી ઈજા પહોંચતા સરટીમાં ખસેડાયા



• ભાવનગર

ભાવનગર શહેરના જવેલ્સ સર્કલ નજીક આજે સવારના સમયે રિક્ષા પલટી જતાં એક યુવાનનું ઘટનાસ્થળે જ કરુણ મોત થયું હતું. આ અકસ્માતમાં અન્ય ચાર લોકોને પણ ઈજા પહોંચતાં તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં પોલીસે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.ભાવનગર શહેરના જવેલ્સ સર્કલ નજીક આજરોજ સવારના સમયે રિક્ષા પલટી મારી જતાં અક્ષરપાર્ક રોડ ખારિયા હનુમાન પાસે કુંભારવાડામાં રહેતા મહેશ નાથુભાઈ ચૌહાણનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે અકસ્માતમાં અન્ય ચાર લોકોને ઈજા થતાં તેમને સારવાર માટે સરટી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, તમામ લોકો કડીયા કામ કરતા મજૂર હતા અને મજૂરીએ જઈ રહ્યા હતા, તે દરમિયાન આ અકસ્માત સર્જાયો હોવાનું સામે આવ્યું છે.

### ગર્ભાશયના કેન્સર સામે લડત રક્ષાકવચ

# વડોદરાની 15 હજારથી વધુ દીકરીઓને HPV રસી અપાશે, સોમવારથી અર્બન હેલ્થ સેન્ટર ખાતેથી આરંભ થશે

• 1વડોદરા

મહિલાઓમાં ગર્ભાશયના મુખના કેન્સર એટલે કે, સર્વાઈકલ કેન્સરને જડમૂળથી નાબૂદ કરવાના હેતુથી સરકાર દ્વારા 14 વર્ષની દીકરીઓને મફત એચપીવી રસી આપવાનું અભિયાન શરુ કરવામાં આવ્યું છે. વડોદરા ખાતે સોમવાર તા. 2 માર્ચથી રસીકરણ સત્ર શરુ કરવામાં આવશે. વડોદરા મહાનગરપાલિકાના સ્થાયી સમિતિ અધ્યક્ષ ડૉ. શીતલભાઈ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, પ્રારંભિક તબક્કામાં શહેરના 40 અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે તા. 2 માર્ચને સોમવારના રોજ રસીકરણ સત્રો યોજવામાં આવશે. આ કામગીરી માટે 142 એએનએમ તથા 67 સ્ટાફ નર્સની મદદથી સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે.



વડોદરા શહેરમાં લગભગ 15,033 કિશોરીઓને આવરી લેઈ રસીકરણ લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા સોમવારથી રસીકરણની કામગીરી રાબેતા મુજબ તમામ અર્બન પ્રાઈમરી હેલ્થ સેંટર ખાતેથી સવારે 10 વાગ્યાથી પ્રારંભ કરવામાં આવશે.


સ્થાયી સમિતિના અધ્યક્ષ ડો. શીતલ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, હાલમાં વડોદરા શહેરને કુલ 4,647 HPV રસીના ડોઝ પ્રાપ્ત થયા છે. જેમા 1 જાન્યુઆરી, 2011થી 29 ફેબ્રુઆરી, 2012 વચ્ચે જન્મેલી લગભગ 14 વર્ષની કિશોરીઓને આ રસી મુકવામાં આવશે. હેડ કાઉન્ટ સર્વે દ્વારા લાભાર્થીઓની ઓળખ કરવામાં આવશે. રસીકરણ બાદ 30 મિનિટ સુધી નિરીક્ષણ હેઠળ રાખવામાં આવશે. 24×7 હેલ્પલાઈન નંબર 104 ઉપર ફૉન કરી નાગરીકો માહિતિ મેળવી શકશે. આ અભિયાનનો સમયગાળો 3 મહિના (90 દિવસ) રહેશે. વડોદરા શહેરની તમામ લક્ષિત કિશોરીઓ અને તેમના વાલીઓને આ અભિયાનમાં સક્રિય સહભાગી થાય તેઓ આગ્રહ કરવામાં આવ્યો છે.

# દેશના સૌથી વ્યસ્ત રેલવે સ્ટેશનના અત્યાધુનિક કંટ્રોલ રૂમનો નજારો

### રોજની 1700 ટ્રેનનું સંચાલન, દર દોઢ મિનિટે આવે છે એક ટ્રેન, દિવસમાં 31 લાખ લોકોની મુસાફરી

• મુંબઈ

મુંબઈ, જેને ક્યારેય ન ઊંઘતું શહેર કહેવામાં આવે છે, તેના અવિરત દોડતા રહેવા પાછળનું સૌથી મોટું કારણ તેની લોકલ રેલવે સેવા છે. પશ્ચિમ રેલવેના મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન દ્વારા કરવામાં આવતું સંચાલન માત્ર ભારત જ નહીં, પરંતુ વિશ્વના રેલવે નેટવર્ક માટે એક અભ્યાસનો વિષય છે. તાજેતરમાં પશ્ચિમ રેલવેના સીનિયર ડિવિઝનલ ઓપરેશન મેનેજર અરુણ કુમાર મીના સાથેની વાતચીતમાં મુંબઈની આ જીવાદોરીના અનેક રોમાંચક અને આશ્ચર્યજનક પાસાઓ સામે આવ્યા છે. મુંબઈ પશ્ચિમ રેલવેના પાટા પર દરરોજ ટ્રેનોનો જે રેલો જોવા મળે છે, તે આંકડાકીય રીતે અત્યંત પ્રભાવશાળી છે. અધિકારી મીનાના જણાવ્યા મુજબ, માત્ર સબર્બન (લોકલ) સેક્શનમાં જ દરરોજ 1414 ટ્રેનો દોડાવવામાં આવે છે. આ સિવાય લાંબા અંતરની મેલ અને એક્સપ્રેસ ટ્રેનોની સંખ્યા 200થી વધુ છે, જ્યારે અર્થતંત્રના પૈડાં ગણાતી 100 જેટલી માલગાડીઓ પણ આ જ નેટવર્ક પરથી પસાર થાય છે. આમ, દૈનિક ધોરણે કુલ 1600થી 1700 ટ્રેનોનું સફળતાપૂર્વક સંચાલન કરવામાં આવે છે.



આ ટ્રેનોમાં મુસાફરી કરતા લોકોની સંખ્યાની વાત કરીએ તો, દરરોજ આશરે 30થી 31 લાખ મુસાફરો માત્ર લોકલ ટ્રેનોમાં મુસાફરી કરે છે. આ આંકડો સ્વિટ્ઝર્લેન્ડ કે સિંગાપોર જેવા દેશોની વસ્તીના નોંધપાત્ર હિસ્સા સમાન છે. આટલી વિશાળ જનસંખ્યાને સુરક્ષિત અને સમયસર તેમના ગંતવ્ય સ્થાને પહોંચાડવી એ રેલવે તંત્ર માટે દરરોજ એક નવી કસોટી સમાન હોય છે.

મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનનું કાર્યક્ષેત્ર બે મુખ્ય ભાગમાં વહેંચાયેલું છે. જેમાં 'મેઈન લાઈન' ચર્ચગેટથી શરૂ થઈને સુરત સુધી વિસ્તરેલી છે, જેનું અંતર અંદાજે 266 કિલોમીટર છે. બીજી તરફ 'તાપ્તી લાઈન' ઉધનાથી જલગાંવ સુધી જાય છે, જે આશરે 306 કિલોમીટર લાંબો રૂટ છે. આ વિશાળ નેટવર્ક પર 29થી વધુ મુખ્ય સ્ટેશનો આવેલા છે, જે મુંબઈના રહેણાંક અને વ્યાપારી વિસ્તારોને જોડે છે. ચર્ચગેટથી શરૂ કરીને મરીન લાઈન્સ, ગ્રાન્ટ રોડ, મુંબઈ સેન્ટ્રલ, દાદર, બાંદ્રા, અંધેરી, બોરીવલી અને છેક વિરાર સુધીના સ્ટેશનો પર મુસાફરોનો અવિરત પ્રવાહ જોવા મળે છે. દરેક સ્ટેશનની પોતાની ભૌગોલિક અને વ્યાપારી લાક્ષણિકતાઓ છે, જેને ધ્યાનમાં રાખીને ટ્રેનોના સ્ટોપેજ અને સમયપત્રક નક્કી કરવામાં આવે છે.

આટલી ગીચતા અને ટ્રેનોની સંખ્યા હોવા છતાં અકસ્માત વિના ટ્રેનો કેવી રીતે ચાલે છે? તેનો જવાબ છે - અદ્યતન સિગ્નલિંગ સિસ્ટમ. રેલવે અધિકારીના જણાવ્યા અનુસાર, મુંબઈ ડિવિઝનમાં મુખ્યત્વે બે પ્રકારની સિસ્ટમ કાર્યરત છે. ઓટોમેટિક બ્લોક સિગ્નલિંગ (ABS) આ સિસ્ટમ લોકલ ટ્રેનોના સંચાલન માટે કરોડરજ્જુ સમાન છે.

**15 લાખની લાંચનો કેસ** — વચેટિયા પરવાનાની કોંગ્રેસ ખેસમાં તસવીર વાઇરલ

# સમીર સાથેની જુગલબંધી ACBના રડારમાં, મદીના મસ્જિદ પાસેની છ માળની બિલ્ડિંગમાં તપાસ શરૂ

### પરવાનાની તસવીરો મામલે સુરત શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાલાએ સ્પષ્ટતા કરી છે કે, 'પરવાના નામનો કોઈ વ્યક્તિ કોંગ્રેસમાં હોદ્દેદાર નથી

• સુરત

સુરતના લાંચ પ્રકરણમાં 8 દિવસથી ફરાર આરોપી પરવાના ઉર્ફે ઈસ્માઈલ પઠાણે ધરપકડથી બચવા કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી છે. બીજી તરફ, સોશિયલ મીડિયા પર પરવાનાની કોંગ્રેસના ખેસ સાથેની તસવીરો વાઈરલ થતાં રાજકીય ગરમાવો આવી ગયો છે. એન્ટી કરપ્શન બ્યુરો હાલ પરવાનાના સાથીદાર સમીર પર વોચ રાખી રહી છે, કારણ કે, સમીર તેને કાયદાકીય છટકબારી શોધવામાં મદદ કરતો હોવાની ACBને આશંકા છે.

પરવાના ઉર્ફે ઈસ્માઈલ પઠાણ લિંબાયત વિસ્તારમાં કોંગ્રેસના એક કાર્યક્રમમાં હાજર રહ્યો હોય તેવી તસવીરો હાલ સોશિયલ મીડિયામાં વહેતી થઈ છે. આ તસવીરોમાં તે કોંગ્રેસનો ખેસ ધારણ કરેલો જોવા મળે છે. લાંચ જેવા ગંભીર ગુનામાં સંડોવાયેલા આરોપીના તાર કોંગ્રેસ સાથે જોડાયેલા હોવાની ચર્ચાએ જોર પકડતા પક્ષ રક્ષણાત્મક મોડમાં આવી ગયો છે.

પરવાનાની તસવીરો મામલે સુરત શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાલાએ સ્પષ્ટતા કરી છે કે, 'પરવાના નામનો કોઈ વ્યક્તિ કોંગ્રેસમાં હોદ્દેદાર નથી. આ ટાઉટોની આખી મંડળી છે અને અધિકારીઓ તેમના બોસ છે. અમે પોતે જ 15 દિવસ પહેલા મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલને આ પરવાના અને ભ્રષ્ટ અધિકારીઓ વિરુદ્ધ લેખિત ફરિયાદ કરી હતી.

ACBને શંકા છે કે પરવાનાને ફરાર રહેવામાં અને કાયદાકીય કાર્યવાહીથી બચવામાં તેનો સાથીદાર સમીર સતત મદદ કરી રહ્યો છે. સમીર એક વખત છત્રી લગાવી સીમ કાર્ડ વેચતો હતો. હાલ તેણે પોતાની છાપ બિલ્ડર તરીકે લિંબાયતમાં બનાવી છે. આ પરવાના અને સમીરની ટોળકી દ્વારા લિંબાયત વિસ્તારમાં ભાગીદારીમાં અનેક ગેરકાયદે બાંધકામો કરવામાં આવ્યા હોવાની વિગતો સામે આવી રહી છે. હાલ એસીબી આ ટોળકીની નાણાકીય વ્યવહારો અને પ્રોપર્ટીના કાગળોની તપાસ કરી રહી છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે, મદીના મસ્જિદ નજીક એક વિવાદિત 6 માળની બિલ્ડિંગ ઉભી કરી દેવામાં આવી છે. આ બિલ્ડિંગમાં પરવાના અને તેની ટોળકીનું



રોકાણ હોવાની શક્યતા છે. સ્થાનિક રહીશો પણ આ ટોળકીના ત્રાસથી કંટાળીને હવે પોલીસ સ્ટેશનમાં રજૂઆત કરવાની તૈયારી કરી રહ્યા છે. ઝોન ઓફિસની બિલકુલ નજીક એક જીમ બનાવવામાં આવ્યું છે. ACB તપાસ કરી રહી છે કે આ જીમમાં પરવાના કેટલા ટકાનો ભાગીદાર છે. આ ભાગીદારી પેપર પર છે કે પછી ગેરકાયદેસર રીતે વહીવટ ચાલી રહ્યો છે તે અંગેના પુરાવા એકત્ર કરવામાં આવી રહ્યા છે. સરકારી કચેરીની નજીક જ ચાલતા આ ગોરખધંધાથી તંત્રની કામગીરી પર પણ સવાલો ઉઠ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, પરવાના, સમીર અને તેમની સાથે જોડાયેલા કેટલાક શખ્સોએ લિંબાયત વિસ્તારમાં રીતસરનો આતંક મચાવ્યો હતો. ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને ફસાવીને તેમની પાસેથી નાણાં ખંખેરવાનું કામ આ ટોળકી કરતી હતી. અધિકારીઓ સાથેની સાંઠગાંઠને કારણે આ ટોળકી અત્યાર સુધી બેફામ બનીને ફરતી હતી.

લાંચ પ્રકરણમાં દબાણ વધતા સસ્પેન્ડેડ કાર્યપાલક એન્જિનિયર વિપુલ ગણેશવાળા આખરે હાજર થઈ ગયા છે. એન્જિનિયરની પૂછપરછમાં અનેક મોટા ખુલાસા થવાની શક્યતા છે. હવે ACBનું આગામી લક્ષ્ય પરવાના છે, જેના માટે અલગ-અલગ ટીમો બનાવીને તેના સંભવિત ઠેકાણાઓ પર તપાસ તેજ કરવામાં આવી છે.

કોંગ્રેસના જણાવ્યા અનુસાર, પરવાના ક્યારેક પત્રકાર તરીકે તો ક્યારેક રાજકીય કાર્યકર તરીકે ઓળખ આપી લોકોને છેતરતો હતો. આ ટોળકી અલગ-અલગ વેશ ધારણ કરીને ભ્રષ્ટાચાર આચરતી હતી. હાલમાં એસીબી આ નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદ લઈ રહી છે.


### પિતા-પુત્ર-ભત્રીજા સહિત એક જ પરિવારના 3ના મોત

# સુરતના વરાછા ઓવરબ્રિજ પર ઉભેલા ટ્રેક્ટર પાછળ બાઈક ઘૂસી જતા ગમખ્વાર અકસ્માત

**બે માસૂમ બાળકો અને પિતાનું મોત** — ભાઈની સાસુનું અવસાન થતા મળીને પરત ફરતા નડ્યો અકસ્માત

• સુરત

સુરત શહેરના વરાછા વિસ્તારમાં એક હ્રદયદ્રાવક અકસ્માતની ઘટના સામે આવી છે. હીરાબાગથી કામરેજ તરફ જતા વરાછા ઓવરબ્રિજ પર બંધ હાલતમાં ઉભેલા એક ટ્રેક્ટર પાછળ મોટરસાયકલ અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં એક જ પરિવારના પિતા પુત્ર અને ભત્રીજા સહિત ત્રણ સભ્યોના કરુણ મોત નીપજ્યા છે, જ્યારે એક મહિલા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ છે.મળતી માહિતી મુજબ, ગત તારીખ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ રાત્રે આશરે 11.30 વાગ્યાના સુમારે શૈલેષભાઈ માણીયા (રહે. પાસોદરા) પોતાની પત્ની કૃપાબેન અને પુત્ર મન અને ભાઈ વિજયનો પુત્ર મંત્ર સાથે વરાછા ઉમીયાધામ રોડ પર



આવેલ સોના એપાર્ટમેન્ટથી પોતાના ઘરે જઈ રહ્યા હતા. તેઓ જ્યારે હીરાબાગથી કામરેજ તરફ જતા ઓવરબ્રિજ પર પહોંચ્યા, ત્યારે ત્યાં અંધારામાં કોઈ પણ પ્રકારના રિફ્લેક્ટર કે સાઈન બોર્ડ વગર એક ટ્રેક્ટર બંધ હાલતમાં ઉભું હતું. અંધારાને કારણે ટ્રેક્ટર ન દેખાતા શૈલેષભાઈની મોટરસાયકલ સીધી ટ્રેક્ટર પાછળ ધડાકાભેર અથડાઈ હતી.અકસ્માત એટલો ભયાનક હતો કે પરિવારના ચારેય સભ્યોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. રાહદારીઓની મદદથી તાત્કાલિક તમામને ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. મન અને મંત્ર બંને ભાઈઓને વધુ સારવાર માટે અન્ય ખાનગી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન શૈલેષભાઈનું પણ ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું હતું. કૃપાબેન મૃતક શૈલેષભાઈના પત્ની હાલ ગંભીર ઈજાઓ સાથે હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ટ્રેક્ટર ચાલકે બેદરકારીપૂર્વક ઓવરબ્રિજ પર ટ્રેક્ટર ઊભું રાખી દીધું

આ મામલે મૃતક શૈલેષભાઈના કાકા નાનજીભાઈ ગોગનભાઈ માયાણીએ અશ્વિનીકુમાર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ટ્રેક્ટર ચાલકે બેદરકારીપૂર્વક ઓવરબ્રિજ પર કોઈ પણ સુરક્ષા ચિહ્નો રાખ્યા વગર વાહન ઉભું રાખી બીજાની જિંદગી જોખમમાં મૂકી છે. પોલીસે ગુનો નોંધીને ફરાર ટ્રેક્ટર ચાલકની શોધખોળ અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પરિવાર પાસેથી મળતી માહિતી પ્રમાણે, મૃતક શૈલેષભાઈ ના ભાઈ વિજયભાઈ ના સાસુનું અવસાન થઈ ગયું હોવાથી વરાછા ઉમિયાધામ ખાતે પરિવાર સાથે આવ્યા હતા. ત્યારબાદ શૈલેષભાઈ ની બાઈક પર પત્ની કૃપા પુત્ર મન અને ભાઈનો પુત્ર મંત્ર ને લઈને ઘરે પરત ફરી રહ્યા હતા. દરમિયાન અકસ્માત નડ્યો હતો અને એક જ પરિવારના ત્રણ લોકો એ જીવ ગુમાવ્યા હતા.

# સુરતના ઉધના રેલવે સ્ટેશન પર માનવ મહેરામણ ઉભરાયું

### હોળી પર 18,000થી વધુ પરપ્રાંતીયો 5 સ્પેશિયલ ટ્રેનમાં વતન રવાના

• સુરત

હીરાનગરી અને ટેક્સટાઈલ હબ તરીકે જાણીતું સુરત શહેર આજે ફરી એકવાર મિની ભારતનો નઝારો રજૂ કરી રહ્યું છે. હોળી અને ધુળેટીના પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે સુરતમાં રોજગારી અર્થે વસતા પરપ્રાંતીય શ્રમિકો અને કારીગરોમાં પોતાના વતન પહોંચવાનો અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ઉત્તર પ્રદેશ અને બિહાર તરફ જતા મુસાફરોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને રેલવે તંત્ર દ્વારા અભૂતપૂર્વ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. આજે 1 માર્ચને રવિવારના વહેલી સવારથી જ ઉધના રેલવે સ્ટેશન 'મિની બિહાર'માં ફેરવાઈ ગયું હતું. હજારોની સંખ્યામાં લોકો પોતાના પરિવાર અને સામાન સાથે વતન જવા માટે સ્ટેશન પર ઉમટી પડ્યા હતા.

શ્રમિક વર્ગ માટે આશીર્વાદ સમાન ગણાતી 'અંત્યોદય એક્સપ્રેસ'માં આજે સૌથી વધુ ભીડ જોવા મળી હતી. આ સંપૂર્ણ જનરલ કોચ ધરાવતી ટ્રેનમાં



પગ મૂકવાની પણ જગ્યા નહોતી. તેવી જ રીતે, આધુનિક સુવિધાઓથી સજ્જ 'અમૃત ભારત' ટ્રેનમાં પણ મુસાફરોનો ભારે ધસારો રહ્યો હતો. રેલવે સુરક્ષા દળ અને જીઆરપીના જવાનોએ શાંતિપૂર્ણ રીતે લોકોને ટ્રેનમાં બેસાડવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

ડી.આર.એમ. પંકજ સિંહે વધુમાં ઉમેર્યું હતું કે, અમે પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છીએ. જો મુસાફરોની સંખ્યા હજુ વધશે, તો અમારી પાસે વધારાના કોચ (રેક) મેન્ટેનન્સ સાથે સ્ટેન્ડબાય રાખવામાં આવ્યા છે. જરૂર પડ્યે તાત્કાલિક ધોરણે વધારાની સ્પેશિયલ ટ્રેનો પણ દોડાવવામાં આવશે.સાંજના સમયે રક્સૌલથી આવતી ટ્રેનો જે અહીંથી પરત ફરવાની છે, તેમાં પણ મુસાફરોને વતન મોકલવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. ઉધના સ્ટેશન પર પીવાના પાણી, પ્રાથમિક આરોગ્ય અને હેલ્પ ડેસ્ક જેવી સુવિધાઓ કાર્યરત કરવામાં આવી છે જેથી કરીને આ કાળઝાળ ગરમીમાં મુસાફરોને હાલાકી ન ભોગવવી પડે.

# રાજકોટના જામનગર રોડ પર 10 સોસાયટીનો રસ્તો ગામડા જેવો:સ્ટ્રીટ લાઈટ પણ નથી

### સિટિબસ સહિતની સુવિધાની સ્થાનિકોની માંગ; ચૂંટણી બહિષ્કારની ચીમકી

• રાજકોટ

સ્માર્ટ સિટી તરીકે ઉભરી રહેલા રાજકોટમાં હજુ પણ કેટલાક વિસ્તારો પાયાની સુવિધાઓથી પણ વંચિત છે. જેમાં જામનગર રોડ પર આવેલી અમી હાઈટ્સ તેમજ તેની આસપાસની 10 જેટલી સોસાયટીઓમાં જવા માટે રસ્તો ગામડા જેવો છે. તેમજ સ્ટ્રીટ લાઈટ જેવી સગવડ પણ નહીં હોવાને કારણે સિટિબસ અને એમ્બ્યુલન્સ પણ સમયસર આવતી નથી. લાંબા સમયથી પ્રાથમિક સુવિધાઓનાં અભાવ વચ્ચે જીવતા સ્થાનિકોએ આજે રસ્તા, સ્ટ્રીટ લાઈટ અને સફાઈની સમસ્યાઓને લઈને રોષ વ્યક્ત કર્યો હતો. અનેક રજૂઆતો છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં ન આવતા તેઓએ આગામી ચૂંટણીના બહિષ્કારની ચીમકી ઉચ્ચારી છે.

પ્રાપ્ત વિગત મુજબ જામનગર રોડ પર આવેલી અમી હાઈટ્સ અને તેની આસપાસની 10 સોસાયટીઓના રસ્તાઓની હાલત ગામડાના કાચા રસ્તા જેવી થઈ ગઈ છે. સ્થાનિકોનું કહેવું છે કે, ચોમાસામાં તો આ રસ્તાઓ પર ચાલવું પણ મુશ્કેલ બની જાય છે. ખાડાઓ અને કાદવ-કીચડને કારણે વારંવાર અકસ્માતો સર્જાય છે.આ ઉપરાંત, સ્ટ્રીટ લાઈટના અભાવે રાત્રિના સમયે અંધારપટ છવાયેલો રહે છે, જેના કારણે મહિલાઓ અને બાળકોમાં ભયનો માહોલ રહે છે. સફાઈ કામદારો પણ નિયમિત આવતા નથી, જેના કારણે ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે. સિટિબસની સુવિધા પણ આ વિસ્તારમાં ન હોવાથી લોકોને અવરજવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ વિસ્તારના લોકોનું કહેવું છે કે, અમે નિયમિત વેરો ભરીએ છીએ, છતાં અમને પાયાની સુવિધાઓ કેમ મળતી નથી?રશ્મિબેન ભટ્ટ નામનાં મહિલાએ જણાવ્યું હતું કે, અમે જામનગર રોડ પર અમી હાઈટ્સ પાસે રહીએ છીએ. અહીં છેલ્લા 10 વર્ષથી રોડ-રસ્તાની વિકટ સમસ્યા છે. રસ્તાઓ સાવ બિસ્માર હાલતમાં છે, જાણે કોઈ અંતરિયાળ ગામડામાં રહેતા હોય તેવો અનુભવ થાય છે. રાત્રે સ્ટ્રીટ લાઈટ ન હોવાને કારણે અંધારપટ છવાયેલો રહે છે.

# બેંકચોરની મેજિક ટ્રિક ને કડક નોટોનાં બંડલનો ખેલ:કેશિયરને ઉલ્લુ બનાવી બે ભેજાબાજ કંઇ આપ્યા વિના જ બેંકદીઠ 20 હજારની રોકડી કરતા

• રાજકોટ


રાજકોટમાં એક અઠવાડિયામાં અલગ-અલગ પાંચ બેંકમાંથી બે ભેજાબાજે કેશિયરને ચકમો આપીને ૭૦ હજારની ચોરી કરી. આરોપીઓ માત્ર બેન્કને જ ટાર્ગેટ બનાવી રોકડ રૂપિયાની ચોરી કરતા હતા. તેઓ બુદ્ધિપૂર્વક ચોરી કરી ચાલ્યા જતા હતા. બેન્કકર્મીને શંકા પણ ન જાય એવી મોડેસઓપરેન્ડીથી આ ભેજાબાજોએ ચોરીનો પ્લાન ઘડ્યો હતો, જોકે એ ડિવિઝન પોલીસે CCTV અને હ્યુમન સોર્સિસની મદદથી તપાસ કરીને આરોપીઓની ધરપકડ કરી, ચોરીની રકમ કબજે કરી છે. આ બેંકચોરીની માહિતી આપતાં પોલીસે જણાવ્યું હતું કે રાજકોટમાં બેંક કેશિયરને ચકમો આપીને નોટોના હાથફેરાથી ચોરી કરતી મધ્યપ્રદેશની બે આરોપીની ગેંગનો પર્દાફાશ થયો છે. આરોપી મહેશ દેવીલાલ ગુર્જર અને સૌરભ કુશવાહા (ભોપાલના વતની) એક અઠવાડિયામાં અલગ-અલગ પાંચ બેંકોને ટાર્ગેટ બનાવી કુલ ૭૦,000 રૂપિયાની રોકડ સેરવી લીધી હતી.આરોપી મહેશ ગુર્જર અને સૌરભ કુશવાહા સાથે બેંકમાં જતા હતા અને બાદમાં બેન્કની બહાર સૌરભ વાહન લઈ ઊભો રહેતો હતો. જ્યારે ચોરી કરવા માટે મહેશ બેંકમાં અંદર જતો હતો. મહેશ પોતે રૂ.200નું 100 નોટનું બંડલ એટલે કુલ 20,000 લઈને બેન્કના કેશિયરને આપી તેમની પાસેથી રૂ.500ની નોટના બાધા માગતો હતો.

### ધૂળેટીમાં ગુલાલ સિલિન્ડર, છત્રી, ફરસી, ત્રિશૂલ, હથોડીની પિચકારી

# વર્ષે ભાવમાં 10%નો વધારો, ફ્રુટની સુગંધના હર્બલ કલર, બાળકોમાં કાર્ટૂનવાળી પિચકારીની ડિમાન્ડ

• રાજકોટ

રંગોના પર્વ ધૂળેટીના પર્વને ઉજવવા માટે લોકોમાં થનગનાટ છે, ત્યારે રાજકોટની સદર બજારમાં પિચકારી અને કલર તેમજ બલૂન્સની ખરીદીમાં રોનક જોવા મળી રહી છે. હોળી અને ધૂળેટીના તહેવારમાં આ વખતે ગુલાલ સિલિન્ડર અને ઈલેક્ટ્રિક પિચકારી ધૂમ મચાવી રહી છે. આ ઉપરાંત છત્રી, ફરસી, તલવાર, ભાલા, ગદા, હથોડી તેમજ બાળકો માટેની કાર્ટૂન કેરેક્ટરની પિચકારીની ડિમાન્ડ છે. જ્યારે અલગ-અલગ ફ્લેવર્સના હર્બલ કલર પણ બજારમાં આવી ચૂક્યા છે. અહીં રૂ.20થી રૂ.4000 સુધીની અવનવી પિચકારી ઉપલબ્ધ છે.



જ્યારે રૂ.20થી 550ના કલર છે, તો રૂ.200થી રૂ.2000 સુધીના ગુલાલ સિલિન્ડર પણ છે. દર વર્ષની જેમ આ વખતે પણ ભાવમાં 10% જેટલો વધારો નોંધાયો છે. રાજકોટની સદર બજારના વેપારી હિતેશ ઓઝાએ જણાવ્યુ હતુ કે, બજારમાં હર્બલ કલર ઉપલબ્ધ છે, જેનાથી બાળકો કે મોટા લોકોની સ્કિનને કોઈ નુકસાન થતુ નથી. આ ફ્રુટ કલર છે, જેમાં ફળોની સુગંધ આવે છે. લોકોએ હર્બલ કલરથી જ ધૂળેટી રમવી જોઈએ. આ સાથે જ ગદા, તલવાર, ફરસી, ત્રિશૂલ, ગન અને ટેન્કની ખૂબ જ ડિમાન્ડ જોવા મળે છે.

રાજકોટની સદર બજારના વેપારી હિતેશ ઓઝાએ જણાવ્યુ હતુ કે, બજારમાં હર્બલ કલર ઉપલબ્ધ છે, જેનાથી બાળકો કે મોટા લોકોની સ્કિનને કોઈ નુકસાન થતુ નથી. આ ફ્રુટ કલર છે, જેમાં ફળોની સુગંધ આવે છે. લોકોએ હર્બલ કલરથી જ ધૂળેટી રમવી જોઈએ. આ સાથે જ ગદા, તલવાર, ફરસી, ત્રિશૂલ, ગન અને ટેન્કની ખૂબ જ ડિમાન્ડ જોવા મળે છે.

**મ્યુઝિકલ ફાઉન્ટેન શો** કાંકરિયામાં બાળકો માટે કેન્ડી વર્લ્ડ, બાલવાટિકામાં અવનવી રાઇડ્સ ને ફોટોગ્રાફીનું નવું નજરાણું


# દુબઈની જેમ અમદાવાદીઓ નિહાળશે લાઈટ એન્ડ મ્યુઝિકલ ફાઉન્ટેન શો

## વર્લ્ડ હેરિટેજ સિટીની ઓળખ ધરાવતા રાજ્યના સૌથી મોટા એવા અમદાવાદમાં પ્રવાસન સ્થળો વિકસાવવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે

• અમદાવાદ

વર્લ્ડ હેરિટેજ સિટીની ઓળખ ધરાવતા રાજ્યના સૌથી મોટા એવા અમદાવાદમાં પ્રવાસન સ્થળો વિકસાવવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરના ફરવા લાયક સ્થળોમાં કાંકરિયા તળવા સૌથી જાણીતું છે, ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દુબઈમાં યોજાતા ફાઉન્ટેન શોની જેમ કાંકરિયા ખાતે લાઈટ એન્ડ મ્યુઝિકલ ફાઉન્ટેન શો શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કાંકરિયા તળાવમાં દરરોજ સાંજના 7 વાગ્યા બાદ 15-15 મિનિટના ચાર સ્લોટમાં આ શો યોજવામાં આવશે. આ ઉપરાંત બાળકો માટે 4133 ચો.મી. વિસ્તારમાં કેન્ડી મ્યુઝિક વર્લ્ડ બનાવવામાં આવશે. હેરિટેજ કમિટી સાથે મળીને શહેરમાં આવેલા પ્રવાસન સ્થળોને પર્યટકો માટે ફરવા લાયક બનાવવા માટે તેના વિકાસના કાર્યો થાય તે માટેના બજેટની મંજૂરી આપવામાં આવી છે. જે અંતર્ગત આ પ્રવાસન સ્થળોની એક યાદી બનાવી તેને ડેવલોપ કરી પર્યટકો ઉપયોગમાં લે તે માટે કમિટીએ બહાલી આપી છે.આ સ્થળોને ડેવલોપ કરવાના તમામ ખર્ચ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને રાજ્ય સરકાર દ્વારા બજેટ મંજૂર કરાયું છે. રાજ્યમાં પ્રવાસન સ્થળોને વેગ મળે તે માટે AMCના કાંકરિયા તળાવ, અટલ બ્રિજ, સાબરમતી રિવરફ્રન્ટ, જગન્નાથ મંદિર અને સ્વામિનારાયણ મંદિર જેવા સ્થળોને ડેવલોપ કરવામાં આવે તે માટેની કમિટીએ મંજૂરી આપી છે.

'લાઈટ એન્ડ મ્યુઝિકલ મલ્ટીમીડિયા ફાઉન્ટેન શો યોજાશે' સ્ટેન્ડિંગ ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે કાંકરિયાનું ડેવલોપમેન્ટ



કરવામાં આવ્યું હતું. ગત વર્ષે બાળકો માટે ખાસ બાલવાટિકા ઊભી કરવામાં આવી હતી. આગામી સમયમાં કાંકરિયાની અંદર અલગ અલગ પ્રકારની રાઈડ્સ મૂકવામાં આવશે. કાંકરિયા લેકફ્રન્ટ પરિસરમાં હેરિટેજ અને આધુનિક ટેકનોલોજીના સંગમરૂપ લાઈટ એન્ડ મ્યુઝિકલ મલ્ટીમીડિયા ફાઉન્ટેન શો યોજવામાં આવશે. સાંજે 7 વાગ્યા બાદ 15-15 મિનિટે ચાર શો નિહાળી શકાશે AMC દ્વારા રૂપિયા 5.54 કરોડના ખર્ચે ફાઉન્ટેન વિકસાવવામાં આશે. જે અંતર્ગત પાણીના ફુવારા, સંગીત, લાઈટિંગ અને દૃશ્ય પ્રોજેક્ટશનના સંકલનથી તૈયાર થનારા આ વિશિષ્ટ ઝોનમાં પાણીના પડદા પર દૃશ્યાવલિ રજૂ કરવામાં આવશે. જેમાં 15-15 મિનિટના ચાર જુદા જુદા થીમ આધારિત શો સાંજે 7 વાગ્યા બાદ નિહાળી શકાશે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ખાસ બાળકો માટે રૂપિયા 10 કરોડના ખર્ચે કેન્ડી મ્યુઝિમ બનાવવાની મંજૂરી આપી દેવામાં આવી છે. તેમાંથી 35 ટકા રેવન્યૂ કોર્પોરેશનને પ્રાપ્ત થશે. અંદાજે એક વર્ષમાં કેન્ડી વર્લ્ડ નામનું થીમ આધારિત મનોરંજન પાર્ક બનશે. જે ખાસ કરીને બાળકો અને પરિવારજનો માટે નવી મજા અને યાદગાર અનુભવ બનશે.

AMC દ્વારા 4133 ચો.મી. વિસ્તારમાં કેન્ડી વર્લ્ડ વિકસાવવામાં આવશે. જેમાં થીમ આધારિત પ્રવેશ દ્વારા, ટિકિટ ઝોન, ફૂડ ઝોન સહિતની સુવિધાઓ ઊભી કરવામાં આશે. મુલાકાતીઓ માટે અલગ પ્રવેશ દ્વારા અને બહાર નીકળવાના સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવશે.

અંદાજે 12થી 15 કરોડના ખર્ચે બનનારો આ પ્રોજેક્ટ બાળકો અને ફરવા આવતા શહેરીજનો માટે બનવા જઈ રહ્યો છે. જેનું કામ ખાનગી એજન્સીને સોંપવામાં આવશે. એજન્સી દ્વારા AMCને પ્રતિ વર્ષ પ્રતિ સ્ક્વેર મીટર મુજબ 187 રૂપિયા ભાડું એટલે કે, 7.72 લાખ મળશે. પ્રોજેક્ટમાંથી મળનારી કુલ આવકમાંથી 35 ટકા રેવન્યુ શેરિંગ પણ થશે. AMCને સ્થિર આવકનો સ્ત્રોત પણ ઉલબ્ધ થશે અને આર્થિક લાભ પણ મળશે. કાંકરિયા ખાતે ફોટોગ્રાફીનું આ નવું નજરાણું બનાવવાનું કામ ટૂંક સમયમાં શરૂ થશે.

અમદાવાદ શહેરના પ્રવાસનને વધુ વેગ આપવા માટે અમદાવાદ ડિસ્ટ્રિક્ટ ટુરીઝમ ડેવલપમેન્ટ સોસાયટી નામનું ટ્રસ્ટ બનાવવા માટે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજૂર અપાઈ છે. આ કમિટી દ્વારા શહેરમાં જોવાલાયક સ્થળોની યાદી બનાવી ત્યાં વધુમાં વધુ પ્રવાસીઓ કેવી રીતે આવે તે માટેનું યોગ્ય આયોજન કરવામાં આવશે. જોવાલાયક સ્થળો ઉપર બ્યૂટિફિકેશન, સ્વચ્છતા, ટ્રાફિક, પાર્કિંગ, પાણી અને ટોયલેટ સહિતની અલગ અલગ વ્યવસ્થાઓ પણ જોશે. મ્યુનિસિપલ કમિશનર આ ટ્રસ્ટના ચેરમેન રહેશે.

હેરિટેજ કમિટી સાથે મળીને શહેરમાં આવેલા પ્રવાસન સ્થળોને પર્યટકો માટે ફરવા લાયક બનાવવા માટે તેના વિકાસના કાર્યો થાય તે માટેના બજેટની મંજૂરી આપવામાં આવી છે. જે અંતર્ગત આ પ્રવાસન સ્થળોની એક યાદી બનાવી તેને ડેવલોપ કરી પર્યટકો ઉપયોગમાં લે તે માટે કમિટીએ બહાલી આપી છે.આ સ્થળોને ડેવલોપ કરવાના તમામ ખર્ચ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને રાજ્ય સરકાર દ્વારા બજેટ મંજૂર કરાયું છે. રાજ્યમાં પ્રવાસન સ્થળોને વેગ મળે તે માટે AMCના કાંકરિયા તળાવ, અટલ બ્રિજ, સાબરમતી રિવરફ્રન્ટ, જગન્નાથ મંદિર અને સ્વામિનારાયણ મંદિર જેવા સ્થળોને ડેવલોપ કરવામાં આવે તે માટેની કમિટીએ મંજૂરી આપી છે.


માતાજી તમારા પર દુઃખ દૂર કરશે કહી ધુણવા લાગતી

# બ્યુટી પાર્લરમાં માતાજી આવ્યાનું નાટક કરી છેતરતી બે મહિલા ઝડપાઈ

**આરોપીઓની અટકાયત** ધાર્મિક વિધિના નામે સોનાના દાગીના અને રોકડા પડાવતી

• અમદાવાદ

અમદાવાદના નરોડા વિસ્તારમાં બ્યુટી પાર્લરના બહાને મહિલાઓને અંધશ્રદ્ધાની જાળમાં ફસાવી દાગીના અને રોકડની ઠગાઈ કરતી બે ઠગબાજ મહિલાઓની પોલીસે ધરપકડ કરી છે. આ ટોળકી ગ્રાહક બની પાર્લરમાં જતી અને વાતોવાતોમાં ભોળવીને માતાજી આવે છે તેમ કહી ધૂણવાનું નાટક કરી ધાર્મિક વિધિના નામે સોનાના દાગીના પડાવી લેતી હતી. નરોડા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે ગાંધીનગર અને કપડવંજની બે મહિલા આરોપીઓની અટકાયત કરી તેમની પાસેથી 18 ગ્રામ સોનાની રણી કબજે કરી છે.તપાસમાં ખૂલ્યું છે કે,પકડાયેલી આરોપી મીનાબેન વિરુદ્ધ અગાઉ પણ રાજ્યભરમાં 10થી વધુ ગુના નોંધાયેલા છે, જ્યારે ચોરીનો માલ ખરીદનાર




સોની વેપારીને પણ આ કેસમાં આરોપી બનાવવામાં આવ્યો છે.મળતી માહિતી મુજબ શહેરના નરોડા વિસ્તારમાં બ્યુટી પાર્લરનું કામ કરતાં એક મહિલાના ત્યાં બે અજાણી મહિલાઓ આવી હતી અને તેમણે બ્યુટી પાર્લરનું કામ કરાવવાની વાત કરી હતી. જે બાદ વાતચીત કરવાના બહાને તેમની પાસેથી નજર ચૂકવીને સોનાના દાગીનાની ચોરી કરી લીધી હતી. જે ફરિયાદના આધારે નરોડા પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ તપાસ કર્યા હતા, જે ફૂટેજમાં મહિલાઓ અવરજવર કરતી જોવા મળી હતી. CCTVમાં દેખાયેલી મહિલાઓ અંગેની તપાસ કરી નરોડા પોલીસે મીનાબેન ઉર્ફે ટીના વાદી ( ઉ. વ. 40, રહે. બહિયલ,ગાંધીનગર ) અને રૂપલબેન વાદી ( ઉ. વ. 40, રહે. દણાદરા, કપડવંજ )ની ધરપકડ કરી હતી.નરોડા પોલીસ સ્ટેશનના PI પી.વી ગોહિલે જણાવ્યું હતું કે, બંને મહિલાઓની ધરપકડ કરી પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, બંને બ્યુટી પાર્લરની દુકાનમાં જતી હતી અને બ્યુટી પાર્લરના કામની વાતોમાં ભોળવી અને રૂપલબેન મીનાબેનને માતાજી આવે છે તેમ કહી દુઃખ દૂર કરશે એમ કહેતા હતા. જેથી મીનાબેન ધૂણવા લાગતા હતા અને લોકોને માતાજીના નામે અંધશ્રદ્ધામાં ભોળવી અને દુઃખ દૂર કરવા માટે ધાર્મિક વિધિ કરવી પડશે તેવું કહી સોનાના દાગીના અથવા રોકડા રૂપિયા પડાવી લેતા હતા અને નજર ચૂકવીને ચોરી પણ કરી લેતા હતા. જે સોનાના દાગીના તેઓ અમદાવાદના હળદર વાસના ધીરેનભાઈ સોનીના ત્યાં વેચી દેતા હતા.પોલીસે તેમની પાસેથી 18 ગ્રામ જેટલી સોનાની રણીઓ પણ કબજે કરી છે. આરોપી તરીકે ધીરેનભાઈ સોનીને પણ બતાવવામાં આવ્યા છે. આરોપી મીનાબેન વિરુદ્ધ અગાઉ પણ શહેરના અને રાજ્યના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં 10થી વધારે ગુનાઓ નોંધાયેલા છે. હાલ પોલીસે અન્ય કોઈ જગ્યા ઉપર ધાર્મિક વિધિના નામે અંધશ્રદ્ધામાં ભોળવીને છેતરપિંડી કરી છે કે કેમ તે અંગેની વધુ તપાસ શરૂ કરી છે.

# NRI દંપતીને 36 કલાક ડિજિટલ એરેસ્ટ કર્યા:FD તોડી 15 લાખ આપવા તૈયાર થયા ને છેલ્લી ઘડીએ પોલીસે બચાવ્યા

## દંપતીને એક્સિસ બેંકમાં મોકલીને 15 લાખ રૂપિયાની FD તોડાવવા મજબૂર કર્યા

• અમદાવાદ

અમદાવાદના સેટેલાઈટમાં રહેતા અને મૂળ NRI દંપત્તિ ડિજિટલ એરેસ્ટનો ભોગ બન્યા હતા.આ દંપત્તિને નરેશ ગોયલ ઠગાઈ કેસમાં તેમના આધાર કાર્ડનો ઉપયોગ થયો હોવાનું કહીને ગઠિયાઓ ડરાવ્યા હતા.આ દંપતી પાસે પૈસાની માંગણી કરતા દંપતીએ 15 લાખની FD તોડાવી પૈસા આપવા તૈયાર થયા હતા પરંતુ, એક વકીલ મિત્રને જાણ કરતા વકીલ મિત્રએ તાત્કાલિક પોલીસનો સંપર્ક કર્યો હતો અને પોલીસે દંપતીને સમજાવી તેમના 15 લાખ રૂપિયા બચાવ્યા હતા.



સેટેલાઈટ વિસ્તારમાં રહેતા અને અમેરિકન નાગરિકતા ધરાવતા સિનિયર સિટીઝન દંપતીને 25 ફેબ્રુઆરીએ અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો. ફોન કરનારે પોતાને ED, CBI અને મુંબઈ પોલીસના અધિકારી હોવાની ઓળખ આપીને નરેશ ગોયલ મની લોન્ડરિંગ કેસમાં નામ ખુલ્યું હોવાનું જણાવ્યું હતુ. આધાર કાર્ડનો દુરુપયોગ અને મુંબઈની બેંકમાં કરોડોના ટ્રાન્ઝેક્શનની ખોટી માહિતી આપી દંપતીને ડરાવ્યા હતા. દંપતીને ડરાવી ગઠિયાઓએ ડિજિટલ એરેસ્ટ દરમિયાન દંપતીને કોઈ સાથે વાત કરવા દેવામાં આવી ન હતી અને ભોજન માટે પણ મનાઈ કરી હતી. ગઠિયાઓએ દિવસ-રાત મોબાઈલ ચાલુ રાખવા મજબૂર કર્યા હતા.

દંપતીને એક્સિસ બેંકમાં મોકલીને 15 લાખ રૂપિયાની FD તોડાવવા મજબૂર કર્યા હતા. જોકે, દંપતી નેટ બેંકિંગ અને ક્રેડિટ કાર્ડનો ઉપયોગ ન કરતા હોવાથી પૈસા તાત્કાલિક ટ્રાન્સફર થઈ શક્યા નહોતા. આ દરમિયાન સિનિયર સિટીઝને હિંમત કરીને પોતાના વકીલ મિત્રને સમગ્ર ઘટના જણાવી હતી. જે બાદ તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવાની સલાહ મળતા પાંચ જ મિનિટમાં સેટેલાઈટ પોલીસ સ્ટેશનની ટીમ દંપતીના ઘરે પહોંચી હતી.પોલીસે પહેલા દંપતીના મોબાઈલ બંધ કરાવ્યા અને બેંક એકાઉન્ટ ફ્રીઝ કરાવી દીધું હતું.પરિણામે 15 લાખની FD ટ્રાન્સફર થતી અટકી હતી.પોલીસ તપાસમાં સામે આવ્યું કે શરૂઆતમાં માફિયાઓ 60 લાખ રૂપિયા ઉપાડવાની માગ કરી રહ્યા હતા.

# ઈઝરાયલ-ઈરાન તણાવ વચ્ચે અમદાવાદના લોકો સાઉદી એરપોર્ટ પર ફસાયા

## ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ તમામ લોકોની સુરક્ષાને લઈ ચિંતા વ્યક્ત કરી

• અમદાવાદ

ઈઝરાયલ-અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધ્યો છે. ત્યારે અમદાવાદના જમાલપુર-ખાડીયા વિસ્તારમાંથી ગલ્ફ કન્ટ્રીમાં ગયેલા કેટલાક યાત્રાળુઓ સાઉદી એરપોર્ટ પર ફસાયા હોવાનું સામે આવ્યું છે. ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ ત્યાં ફસાયેલા લોકોની સુરક્ષા માટે યોગ્ય કાર્યવાહી કરવા સરકારને અપીલ કરી છે. જમાલપુરના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ કહ્યું હતું કે, અમદાવાદ અને ગુજરાતના અન્ય શહેરોમાંથી રમઝાન ઉમરાહ માટે ગયેલા યાત્રીકો જેદાહ એરપોર્ટ પર ફસાયેલા છે. જેઓને પરત લાવવા માટે સરકાર દ્વારા વ્યવસ્થા કરવામાં આવે. પીએમને હું વિનંતી કરું છું કે,તમે તાત્કાલીક વિદેશ મંત્રાલયનો સંપર્ક કરી તેઓને ભારત લાવવાની વ્યવસ્થા કરવામાં આવે. ત્યાં ફસાયેલા લોકો અને અહં તેના પરિવારજનો ચિંતિત છે. આજે 28 ફેબ્રુઆરીને શનિવારે સવારે (ભારતીય સમય મુજબ) ઈઝરાયલે ઈરાનની રાજધાની તેહરાન સહિત અનેક શહેરો પર હુમલો કર્યો. જેના વળતા જવાબમાં, ઈરાને ઈઝરાયલ પર બદલો લેવા માટે કતાર, બહેરીન અને કુવૈત જેવા સાત દેશો પર આશરે 400 મિસાઈલો છોડી હતી. બહેરીનમાં હાલ તણાવપૂર્ણ સ્થિતિ જોવા મળી રહી છે. બહેરીનની રાજધાની મનામા અને તેની આસપાસના વિસ્તારોમાં થયેલા શ્રેણીબદ્ધ બ્લાસ્ટને કારણે ત્યાં રહેતા ગુજરાતીઓમાં ફફડાટ ફેલાયો છે.સુરતથી માત્ર 15 દિવસ પહેલા જ રોજગારી માટે બહેરીન ગયેલા નરેશ માધવિયાએ સાથેની ખાસ વાતચીતમાં ત્યાંની ગ્રાઉન્ડ રિયાલિટી વર્ણવી હતી.

# પૂર્વ મહિલા પ્રિન્સિપાલે 67 વર્ષીય પતિ પાસે ભરણપોષણ માગ્યું

• અમદાવાદ

અમદાવાદની ફેમિલી કોર્ટમાં વર્ષ 2022માં 64 વર્ષીય પત્ની દ્વારા પોતાના 67 વર્ષીય પતિ સામે મંથલી રૂપિયા 15 હજારના ભરણપોષણનો દાવો દાખલ કર્યો હતો. જેને કોર્ટે નકારી નાખ્યો છે. કેસને વિગતે જોતાં બંનેના વર્ષ 1977માં પ્રેમ લગ્ન થયા હતા. લગ્નથી તેમને ત્રણ દીકરા થયા હતા. તે ત્રણેય દીકરા હાલ વિદેશમાં સેટલ છે. પત્નીના આક્ષેપ મુજબ પતિ સાસરીયાઓની કાનભંભેરણીમાં આવીને પત્નીને છોડીને જતો રહ્યો હતો. વળી તેના ઘરેણા લઈને ગીરવે મૂકી દીધા હતા. પત્ની 9 વર્ષ પિયરમાં રહીને નોકરી કરી અને બાળકોને ભણાવ્યા હતા. પતિએ તેને શારીરિક અને માનસિક ત્રાસ આપ્યો હતો. બંને પાછા ભેગા થયા, પરંતુ મનમેળ ન આવતા અમદાવાદ સ્થિત પોતાના દીકરાઓના ત્યાં અલગ અલગ વિસ્તારમાં રહેવા જતા રહ્યા હતા. જેમાં પત્ની અમદાવાદમાં નાના દીકરાના ઘરે અને પતિ મોટા દીકરાના ઘરે રહે છે. પત્નીનું કહેવું હતું કે, તેના પતિએ એક પતિ તરીકે કે પિતા તરીકેની કોઈ ફરજ અદા કરી નથી. તે પોતે PTC ભણેલી છે. પતિ કપડાના હોલસેલના વ્યવસાય સાથે સંકળાયેલો છે. તે મહિને 25 હજાર કમાય છે. જેથી તેને મહિને રૂપિયા 15,000નું ભરણપોષણ પત્નીએ આપવું જોઈએ. પતિ તરફથી એડવોકેટ રાહુલ.વી. મોદીએ દલીલ કરી હતી કે તેનો પતિ તેને ક્યારેય છોડીને ગયો નથી. પત્ની તામસી સ્વભાવની હોવાથી પત્નીએ પતિને ઘરમાંથી કાઢી મૂક્યો હતો. પતિ મોટા દીકરાને ઘરે રહે છે. પત્ની કંપનીમાં નોકરી કરતી હતી. ત્યાર બાદ તે સ્કૂલની પ્રિન્સિપાલ રહી ચૂકી હતી અને તેડાગર તરીકે પણ તેણે નોકરી કરી હતી. તે પોતાનું ભરણપોષણ કરવા સક્ષમ છે.

**હવે ટાલિયાપણું અસાધ્ય નથી!, 34 વર્ષીય મહિલાના વાળ પરત આવ્યાં**

# ગાંધીનગરની 'સ્ટેટ મોડલ આયુર્વેદ હોસ્પિટલ'માં 6 મહિનાની સારવાર બાદ કુદરતી રીતે વાળ ઉગવાનું શરૂ

• ગાંધીનગર

આજના આધુનિક યુગમાં પ્રદૂષણ, ખોટી જીવનશૈલી અને માનસિક તણાવને કારણે વાળ ખરવા અને નાની ઉંમરે ટાલ પડી જવી એ એક ગંભીર સામાજિક સમસ્યા બની ગઈ છે. બજારમાં મળતી મોંઘી પ્રોડક્ટ્સ અને ટ્રીટમેન્ટ્સ છતાં ઘણા લોકોને ધાર્યું પરિણામ મળતું નથી. આવી સ્થિતિમાં ગાંધીનગરના કોલાવડા સ્થિત 'સ્ટેટ મોડલ આયુર્વેદ હોસ્પિટલ' દ્વારા આયુર્વેદની શક્તિથી ગંભીર ટાલિયાપણાનો સચોટ ઈલાજ શોધી કાઢવામાં આવ્યો છે. એક 34 વર્ષીય મહિલા, જેમના માથાના વાળ લગભગ સંપૂર્ણપણે ખરી ગયા હતા, તેમને આયુર્વેદિક પદ્ધતિથી ફરી કુદરતી વાળ મેળવવામાં સફળતા મળી છે.

દાહોદ જિલ્લાની આ મહિલા વર્ષોથી વાળ ખરવાની ગંભીર બીમારીથી પીડાતી હતી. અનેક નિષ્ણાત તબીબોની મોંઘી સલાહ અને વિવિધ સારવાર પદ્ધતિઓ અપનાવવા છતાં કોઈ સુધારો જોવા મળ્યો નહોતો. આ લાંબા ગાળાની સમસ્યાને કારણે મહિલા ભારે માનસિક તણાવ અને સામાજિક સંકોચ અનુભવતી હતી. અંતે, નિરાશ થઈને તેમણે ગાંધીનગરની આ સરકારી આયુર્વેદ હોસ્પિટલમાં આશરો લીધો, જ્યાં તેમને 'ઈન્ડોર પેશન્ટ' તરીકે દાખલ કરી વિશેષ સારવાર શરૂ કરવામાં આવી હતી.

શાલક્ય તંત્ર વિભાગના વડા પ્રોફેસર કિરણ રાજની સીધી દેખરેખ હેઠળ આ કેસનું સંચાલન કરવામાં આવ્યું હતું. પ્રોફેસર રાજે આયુર્વેદના શાસ્ત્રીય સિદ્ધાંતો મુજબ દર્દીની શારીરિક પ્રકૃતિનું વિશ્લેષણ કરી, તેમના માટે ખાસ કસ્ટમાઈઝ્ડ સારવાર પદ્ધતિ અમલમાં મૂકી હતી. લગભગ 6 મહિના સુધી ચાલેલી આ સઘન અને મક્કમ ચિકિત્સાના પરિણામે જે ભાગમાં સંપૂર્ણ ટાલ હતી, ત્યાં કુદરતી રીતે નવા વાળ ઉગવાનું શરૂ થયું. આ સફળતા આધુનિક યુગમાં આયુર્વેદ પ્રત્યે લોકોના વિશ્વાસને મજબૂત કરનારી સાબિત થઈ છે.આયુર્વેદ પ્રોફેસર કિરણ રાજે આ અંગે મહત્વની સલાહ આપતા જણાવ્યું હતું કે, જો વ્યવસ્થિત અને ચોકસાઈપૂર્વક આયુર્વેદિક ચિકિત્સા પદ્ધતિ અપનાવવામાં આવે, તો વર્ષો જૂની અને હઠીલી સમસ્યાઓમાં પણ કાયમી અને સચોટ પરિણામ મેળવી શકાય છે.

આ સફળતા એ વાતનું પ્રમાણ છે કે, આયુર્વેદ માત્ર ઉપરછલ્લો ઉપચાર નથી, પરંતુ મૂળમાંથી રોગને મટાડવાની શક્તિ ધરાવે છે.ગાંધીનગરની આ હોસ્પિટલમાં મળેલી સફળતા દર્શાવે છે કે, જટિલ અને અસાધ્ય ગણાતા રોગોના નિવારણ માટે હવે સામાન્ય માણસે મોંઘા ખર્ચ કરવાની જરૂર નથી. જનમાનસમાં આયુર્વેદ પ્રત્યે જાગેલો આ વિશ્વાસ આગામી સમયમાં સ્વાસ્થ્ય ક્ષેત્રે ક્રાંતિ લાવશે.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# IPL 2026માં ધોની CSK માટે કેટલીક મેચ રમશે:રિપોર્ટમાં દાવો

## બધી મેચ રમશે કે નહી તે ટુર્નામેન્ટના સમયે નક્કી કરાશે



મહેન્દ્ર સિંહ ધોની IPL 2026ની સીઝનમાં ચેન્નઈ સુપર કિંગ્સ માટે રમતા જોવા મળશે. ધોની આ વર્ષે જુલાઈમાં 45 વર્ષનો થશે. CSKના મેનેજમેન્ટે તેની ઉપલબ્ધતાની પુષ્ટિ કરી દીધી છે, પરંતુ વર્કલોડ મેનેજમેન્ટને ધ્યાનમાં રાખીને તે કેટલીક મેચમાંથી બ્રેક લઈ શકે છે. CSKના એક ટોચના સૂત્રના હવાલાથી ન્યૂઝ એજન્સી PTIએ જણાવ્યું કે, 'અમે તેની પુષ્ટિ કરી શકીએ છીએ કે ધોની ચેન્નઈ આવી રહ્યા છે અને તેમણે આ સીઝન માટે પોતાની ઉપલબ્ધતા સ્પષ્ટ કરી દીધી છે. તેઓ બધી મેચ રમશે કે નહીં, તે હાલ કહેવું મુશ્કેલ છે.'

આ વખતે ચેન્નઈ સુપર કિંગ્સના સ્ક્વોડમાં સંજુ સેમસનની એન્ટ્રી થઈ છે. સેમસનના આગમનથી ટીમ પાસે વિકેટકીપિંગના મજબૂત વિકલ્પો ઉપલબ્ધ છે. મેનેજમેન્ટની યોજના છે કે જે મેચમાં ધોનીને આરામ આપવામાં આવશે, ત્યાં સેમસન ગ્લવ્ઝ સંભાળશે. ધોની છેલ્લા કેટલાક સમયથી ઘૂંટણ અને પીઠની સમસ્યાથી ઝઝૂમી રહ્યો છે. આવી સ્થિતિમાં, 45 વર્ષની ઉંમરે દરેક મેચમાં વિકેટકીપિંગ કરવું તેના શરીર માટે પડકારજનક બની શકે છે. સંજુ ઉપરાંત, ટીમમાં ઉર્વિલ પટેલ અને કાર્તિક શર્મા વિકેટકીપર તરીકે સામેલ છે. કાર્તિકને CSKએ 14.20 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. તેને શિવમ દુબે સાથે ફિનિશર તરીકે તૈયાર કરવામાં આવી રહ્યો છે.ગયા સીઝનની જેમ આ વખતે પણ ધોની ઈમ્પેક્ટ પ્લેયર તરીકે જોવા મળી શકે છે. તે નીચલા ક્રમમાં આવીને ફિનિશરની ભૂમિકા ભજવતો રહ્યો છે. ફિટ રહેવા માટે તેણે પોતાની બેટિંગને અમુક ખાસ ઓવરો સુધી જ સીમિત રાખી છે. ટીમ મેનેજમેન્ટ ઈચ્છે છે કે ધોની મેદાન પર રહે, ભલે પછી તે માત્ર છેલ્લાની અમુક ઓવરોમાં બેટિંગ કરે અથવા મેન્ટરની જેમ ટીમને ગાઈડ કરે. ધોનીનો ચેન્નઈના ચેપોક સ્ટેડિયમ અને ત્યાંના ચાહકો સાથે એક ભાવનાત્મક સંબંધ છે. સૂત્રોનું કહેવું છે કે ધોની પ્રયાસ કરશે કે તે ચેન્નઈમાં થનારી બધી હોમ મેચ ચોક્કસ રમે. ચાહકો વચ્ચે તેની લોકપ્રિયતા આજે પણ તેવી જ છે અને તેના મેદાન પર પગ મૂકતા જ આખું સ્ટેડિયમ 'ધોની-ધોની'ના નારાઓથી ગુંજી ઉઠે છે. ટીમમાં ઉર્વીલ પટેલ અને કાર્તિક શર્મા જેવા યુવા વિકેટકીપર પણ સામેલ છે, જે બેકઅપ તરીકે તૈયાર રહેશે. છેલ્લી IPL સીઝનમાં જ્યારે તેના માતા-પિતા સ્ટેડિયમમાં મેચ જોવા પહોંચ્યા ત્યારે તેની નિવૃત્તિની અટકળો લગાવવામાં આવી રહી હતી. માતા-પિતા સાથે તેની પત્ની સાક્ષી અને પુત્રી ઝીવા પણ હતી. મેચ પછી CSKના કોચ સ્ટીફન ફ્લેમિંગે કહ્યું હતું કે તેને ધોનીની નિવૃત્તિ વિશે કોઈ જાણકારી નથી. ધોનીના માતા-પિતા 20 વર્ષ પછી તેમની કોઈ મેચ જોવા પહોંચ્યા હતા.ધોનીએ 2004માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું. 2007માં કેપ્ટન બનીને તેણે ભારતને T20 વર્લ્ડ કપ જીતાડ્યો.

### ન્યૂઝીલેન્ડ સેમિફાઈનલમાં પહોંચ્યું

અંતિમ મુકાબલામાં શ્રીલંકાને 5 રનથી હરાવ્યું હતું, પરંતુ ટોપ 4માં સ્થાન મેળવવામાં નિષ્ફળ ગયું

# પાકિસ્તાન જીતીને પણ T20 વર્લ્ડ કપમાંથી બહાર

# શ્રીલંકાને માત્ર 5 રને હરાવ્યું, ફરહાનની સદી એળે ગઈ

## ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધા બાદ પાકિસ્તાની ટીમે 20 ઓવરમાં 8 વિકેટે 212 રન બનાવ્યા હતા

• કેન્ડી

પાકિસ્તાન T20 વર્લ્ડ કપમાંથી બહાર થઈ ગયું છે. શનિવારે સુપર 8ના પોતાના અંતિમ મુકાબલામાં શ્રીલંકાને 5 રનથી હરાવ્યું હતું, પરંતુ ટોપ 4માં સ્થાન મેળવવામાં નિષ્ફળ ગયું. આ પરિણામથી ન્યૂઝીલેન્ડ સેમિફાઈનલમાં પહોંચી ગયું છે. કેન્ડીના પલ્લેકેલે ક્રિકેટ સ્ટેડિયમ ખાતે સેમિફાઈનલમાં ક્વોલિફાય થવા માટે પાકિસ્તાનને શ્રીલંકાને ઓછામાં ઓછા 65 રનથી હરાવવાની જરૂર હતી. 213ના ટાર્ગેટને ચેઝ કરતા તેમણે શ્રીલંકાને 147 રન સુધી રોકવાનું હતું. જોકે શ્રીલંકાએ 16મી ઓવરમાં જ 150 રનનો આંકડો પાર કર્યો.ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધા બાદ પાકિસ્તાની ટીમે 20 ઓવરમાં 8 વિકેટે 212 રન બનાવ્યા હતા. જવાબમાં, શ્રીલંકાની ટીમ 20 ઓવરમાં 6 વિકેટે 207 રન જ બનાવી શકી. 15મી ઓવરમાં પવન રત્નાયકે શાદાબ ખાનના બોલ પર બે છગ્ગા ફટકાર્યા. તેણે ચોથા અને છઠ્ઠા બોલ પર છગ્ગા ફટકાર્યા શ્રીલંકાના ઈનિંગની 14મી ઓવરમાં 14 રન મળ્યા. મોહમ્મદ નવાઝના ઓવરના ચોથા બોલ પર દાસુન શનાકાએ સિક્સર ફટકારી. ત્યારબાદ, પવન રત્નાયકે છેલ્લા બોલ પર ફોર ફટકારી. શ્રીલંકાએ 13મી ઓવરમાં ફક્ત 5 રન બનાવ્યા. ઉસ્માન તારીકની ઓવરમાં કોઈ બાઉન્ડ્રી આવી ન હતી. બધા રન સિંગલ્સ અને ડબલ્સ દ્વારા આવ્યા હતા. શ્રીલંકાએ 12મી ઓવરના છેલ્લા બોલ પર પાંચમી વિકેટ ગુમાવી દીધી. મોહમ્મદ નવાઝે જાનિથ લિયાનાગેને બોલ્ડ કર્યો. લિયાનાગે 5 રન બનાવીને આઉટ થયો નવમા ઓવરના પાંચમા બોલ પર શ્રીલંકાએ પોતાની ત્રીજી વિકેટ ગુમાવી દીધી. અબરાર અહેમદે ચારિથ અસલંકાને બોલ્ડ કર્યો. અસલંકા 25 રન બનાવીને આઉટ થયો. શ્રીલંકાના ખેલાડીઓએ 7મી ઓવરમાં 50 રનનો આંકડો પાર કર્યો. અબરાર અહેમદે ઓવરના બીજા બોલ પર વાઈડ ફેંક્યો, જે ટીમનો 50મો રન હતો. 212 રનના ટાર્ગેટ ચેઝ કરતા, શ્રીલંકાની શરૂઆત ખરાબ રહી. પાવરપ્લેમાં તેઓએ 49 રન બનાવીને પોતાની બે વિકેટ ગુમાવી દીધી. કામિલ મિશારા 26 અને પથુમ નિસાન્કા 3 રન બનાવીને આઉટ થયા. અબરાર એહમદે પાંચમી ઓવરના પહેલા બોલ પર કામિલ મિશારા (26 રન)ને બોલ્ડ કર્યો. આ ઓવર પછી શ્રીલંકાનો સ્કોર 37/2 શાહીન શાહે ત્રીજી ઓવરમાં 15 રન આપ્યા. કામિલ મિશારાએ તેના બીજા બોલ પર સિક્સર ફટકારી. ત્યારબાદ તેણે ત્રીજા બોલ પર ફોર અને પાંચમા બોલ પર ફોર ફટકારી. શ્રીલંકાએ બીજી ઓવરના ત્રીજા બોલ પર પોતાની પહેલી વિકેટ ગુમાવી. પથુમ નિસાન્કા 3 રન બનાવીને આઉટ થયો. તે નસીમ શાહના બોલ પર મોહમ્મદ નવાઝના હાથે કેચ આઉટ થયો. પાકિસ્તાની ઓપનર સાહિબજાદા ફરહાનને 15મી ઓવરમાં જીવનદાન મળ્યું. દાસુન શનાકાની ઓવરના છેલ્લા બોલ પર ડેનિથ વેલ્લાગે લોંગ-ઓન બાઉન્ડ્રી પર કેચ છોડ્યો. ફરહાન 75 રને બેટિંગ કરી રહ્યો છે.15મી ઓવરના પહેલા બોલ પર સાહિબજાદા ફરહાન અને ફખર ઝમાને T20 વર્લ્ડ કપમાં પાકિસ્તાની ઓપનર દ્વારા સૌથી વધુ ભાગીદારીનો રેકોર્ડ તોડ્યો. દાસુન શનાકાની ઈનિંગના પહેલા બોલ પર ફરહાને ચોગ્ગો ફટકાર્યો. એક્સ્ટ્રા કવર પર બોલને પકડવાનો પ્રયાસ કરતા જાનિથ લિયાનાગે બોલને બાઉન્ડ્રી તરફ લઈ ગયો હતો. T20 વર્લ્ડ કપમાં પાકિસ્તાની ઓપનર દ્વારા સૌથી વધુ ભાગીદારીનો અગાઉનો રેકોર્ડ 152 રનનો હતો, જે બાબર આઝમ અને મોહમ્મદ રિઝવાન દ્વારા બનાવવામાં આવ્યો હતો. પાકિસ્તાને 10મી ઓવરમાં 100 રનનો આંકડો પાર કર્યો. ફખર ઝમાને ડુનિથ વેલ્લાગેના બીજા બોલ પર બે રન લઈને ટીમને ત્રણ આંકડામાં પહોંચાડી દીધી. સાહિબઝાદા ફરહાને 9મી ઓવરના પહેલા બોલ પર બે રન બનાવીને પોતાની અડધી સદી પૂરી કરી. તેણે 32 બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી. આ ટુર્નામેન્ટમાં ફરહાનની ચોથી અડધી સદી છે.




### પાકિસ્તાની કેપ્ટન સલમાનની થશે હકાલપટ્ટી!

# ક્રિકેટ બોર્ડ T-20 વર્લ્ડકપમાં પ્રદર્શનથી નારાજ ઘણા સિનિયર્સની આ છેલ્લી ટુર્નામેન્ટ હશે

## PCBના સૂત્રોએ જણાવ્યું કે પસંદગીકારો અને ટીમ મેનેજમેન્ટે ટુર્નામેન્ટ પહેલા ખાતરી આપી હતી કે ટીમ આ વખતે સારું પ્રદર્શન

• કરાચી

પાકિસ્તાનના કેપ્ટન સલમાન અલી આગાને પાકિસ્તાની ટીમની કેપ્ટનશીપ પરથી હટાવવામાં આવી શકે છે. ન્યૂઝ એજન્સી PTIએ દાવો કર્યો છે કે ઘણા પાકિસ્તાની સિનિયર ખેલાડીઓ માટે આ છેલ્લી ટુર્નામેન્ટ સાબિત થઈ શકે છે. ટી-20 વર્લ્ડ કપમાં ખરાબ પ્રદર્શનને કારણે સલમાનને કેપ્ટનશીપ પરથી હટાવવામાં આવશે. એજન્સીએ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના સૂત્રોને ટાંકીને દાવો કર્યો છે કે ચેરમેન મોહસિન નકવી ટીમના વર્તમાન પ્રદર્શનથી બિલકુલ ખુશ નથી. પાકિસ્તાનની ટીમ 28 ફેબ્રુઆરીએ શ્રીલંકા સામે પોતાની છેલ્લી સુપર-8 મેચ રમવાની છે. જો ટીમ આ મેચ હારશે તો વર્લ્ડકપમાંથી બહાર થઈ જશે. પાકિસ્તાન વર્લ્ડ કપ લીગ મેચમાં ભારત અને સુપર 8 મુકાબલામાં ઈંગ્લેન્ડ સામે હારી ચૂક્યું છે. વર્લ્ડ કપમાં ભારતે પાકિસ્તાનને 9 મેચોમાં 8 વખત હરાવ્યું છે. PCBના સૂત્રોએ જણાવ્યું કે પસંદગીકારો અને ટીમ મેનેજમેન્ટે ટુર્નામેન્ટ પહેલા ખાતરી આપી હતી કે ટીમ આ વખતે સારું પ્રદર્શન કરશે, પરંતુ પરિણામો અપેક્ષા મુજબના રહ્યા નથી. રિપોર્ટ અનુસાર, ટીમનું આગળનું પ્રદર્શન ભલે ગમે તેવું હોય, કેપ્ટનશીપમાં ફેરફાર લગભગ નિશ્ચિત માનવામાં આવે છે. આ સૂચવે છે કે બોર્ડની ટોચની નેતાગીરી લાંબા ગાળાની વ્યૂહરચના પર કામ કરવા માંગે છે.T20 વર્લ્ડ કપ-2024માંથી બહાર થયા બાદ બાબર આઝમે 1 ઓક્ટોબર 2024ના રોજ કેપ્ટનશીપ છોડી દીધી હતી. PCBએ 2020માં બાબર આઝમને તમામ ફોર્મેટનો કેપ્ટન બનાવ્યો હતો. બાબરની કેપ્ટનશીપ હેઠળ ટીમ T20 વર્લ્ડ કપ 2021ની સેમિફાઈનલ અને 2022ની ફાઈનલમાં પહોંચી હતી. ત્યારબાદ વનડે વર્લ્ડ કપ 2023માં ટીમના ખરાબ પ્રદર્શન બાદ તેણે કેપ્ટનશીપ પદ પરથી રાજીનામું આપી દીધું હતું.

જોકે, બોર્ડે T20 વર્લ્ડ કપ 2024 પહેલા બાબર આઝમને ફરીથી વ્હાઈટ-બોલ ક્રિકેટની કેપ્ટનશીપ સોંપી હતી, પરંતુ ટીમનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું. પાકિસ્તાન ભારત અને અમેરિકા સામેની મેચ હારીને ગ્રુપ સ્ટેજ રાઉન્ડ પછી જ બહાર થઈ ગયું હતું. ટીમ બાંગ્લાદેશ સામેની ટેસ્ટ શ્રેણીમાં પણ ખાસ પ્રદર્શન કરી શકી ન હતી. બાંગ્લાદેશે ગયા મહિને ટેસ્ટ શ્રેણીમાં પાકિસ્તાનને 2-0થી હરાવ્યું હતું.




# ઈન્ડિયાની હાર પાછળ કોણ જવાબદાર?

# અક્ષરની જગ્યાએ સુંદરને તક આપવી ભારે પડી

• અમદાવાદ

અમદાવાદમાં ભારત 2023 પછી પહેલીવાર કોઈ ICC ઈવેન્ટમાં મેચ હારી ગયું. T20 વર્લ્ડ કપના સુપર-8 સ્ટેજમાં સાઉથ આફ્રિકાએ ટીમ ઈન્ડિયાને 76 રનથી હરાવીને તેની 12 મેચની જીતની સિરીઝ પર બ્રેક લગાવી દીધી. આ હાર રનના હિસાબે T20 ઈન્ટરનેશનલમાં ભારતની બીજી સૌથી મોટી હાર પણ છે.શરૂઆતમાં સાઉથ આફ્રિકાની ત્રણ વિકેટ ઝડપથી પાડીને મેચ પર પકડ મજબૂત કર્યા પછી, ઈન્ડિયન બોલર્સ એ દબાણને જાળવી રાખવામાં નિષ્ફળ રહ્યા. બુમરાહ અને અર્શદીપ સિવાય કોઈ બોલર ચાલ્યો નહીં. બીજી તરફ, ભારતીય બેટર્સના 'ઈન્ટેન્ટ' અને પીચને સમજ્યા વગર મોટા શોટ રમવાની જીદે ટીમને મુશ્કેલીમાં મૂકી દીધી. ઓપનિંગ જોડીનું સતત ફ્લોપ થવું અને હોમગ્રાઉન્ડ પર ઈનફોર્મ અક્ષર પટેલને ટીમમાંથી બહાર રાખવો ભારે પડ્યું.

સાઉથ આફ્રિકાની શરૂઆત સારી રહી નહોતી. ટીમે 20 રન પર પોતાની ટૉપ-3 વિકેટ ગુમાવી દીધી હતી. ક્વિન્ટન ડી કોક 6, એડન માર્કરમ 4 અને રિયાન રિકેલ્ટન 7 રન બનાવીને પેવેલિયન પરત ફર્યા હતા. પાવરપ્લેમાં ટીમનો સ્કોર 41/3 હતો. અહીંથી ડેવિડ મિલરે ડેવાલ્ડ બ્રેવિસ સાથે મળીને માત્ર 50 બોલમાં 97 રન જોડ્યા અને રન રેટને લગભગ 10 રન પ્રતિ ઓવર સુધી પહોંચાડી દીધો. આ ભાગીદારીના જોરે સાઉથ આફ્રિકાએ ભારતને 188 રનનો ટાર્ગેટ આપ્યો. આ મેચમાં સાઉથ આફ્રિકાએ ભારતીય સ્પિનર્સને ટાર્ગેટ કર્યા. ઈન્ડિયન ટીમનો ટ્રમ્પ કાર્ડ રહેલો વરુણ ચક્રવર્તી મોંઘો સાબિત થયો. તેણે 4 ઓવરમાં 47 રન આપી દીધા. જ્યારે સુંદરને 2 ઓવરમાં 17 રન પડ્યા. સ્પિનર્સના ખાતામાં માત્ર 1 વિકેટ જ આવી. હાર્દિકે છેલ્લી ઓવરમાં 20 રન લૂંટાવી દીધા. એક સમયે લાગતું હતું કે ભારત સાઉથ આફ્રિકાને 175ની અંદર રોકી દેશે, પરંતુ હાર્દિકની આ ઓવરથી ટાર્ગેટ 188 પહોંચી ગયો. આ કારણે ભારતીય બેટર્સ પર માનસિક દબાણ બનાવ્યું.ભારતીય ટીમના બેટર્સ ફેલ રહ્યા. સતત ચોથી મેચમાં ટીમનો કોઈ ઓપનર ઝીરો પર આઉટ થયો. આ વખતે ઈશાન કિશન ખાતું ખોલાવી શક્યો નહીં. તેના પછી તિલક વર્મા એક રન બનાવીને પેવેલિયન પરત ફર્યો. ત્યાર બાદ પાંચમી ઓવરના ત્રીજા બોલ પર અભિષેક શર્મા 15 રન બનાવીને આઉટ થયો.



# શ્રીલંકા સામે હાર બાદ પાકિસ્તાની કેપ્ટનનું દર્દ છલકાયું, 'ટ્રમ્પ કાર્ડ'ને જ વિલન ગણાવી દીધો

ટી-20 વર્લ્ડ કપ 2026ના સુપર-8 રાઉન્ડમાં પાકિસ્તાન અને શ્રીલંકા વચ્ચે રમાયેલી હાઈ-વોલ્ટેજ મેચમાં પાકિસ્તાને 5 રને રોમાંચક જીત મેળવી છે. જોકે, આ જીત છતાં પાકિસ્તાન માટે સેમીફાઈનલના દરવાજા લગભગ બંધ થઈ ગયા છે, કારણ કે તેમને શ્રીલંકાને 147 રન પર રોકવાનું હતું જે સમીકરણમાં ટીમ નિષ્ફળ રહી છે.

પ્રથમ બેટિંગ કરતા પાકિસ્તાને નિર્ધારિત 20 ઓવરમાં 212/8નો મજબૂત સ્કોર ખડક્યો હતો. સાહિબઝાદા ફરહાને ફરી એકવાર શાનદાર બેટિંગ કરી વિરાટ કોહલીનો 12 વર્ષ જૂનો રેકોર્ડ તોડી ઈતિહાસ રચ્યો હતો. જવાબમાં શ્રીલંકાની ટીમે વળતી લડત આપી હતી અને અંતિમ ઓવર સુધી મેચ જીવંત રાખી હતી, પરંતુ તેઓ 207/6 રન સુધી જ પહોંચી શક્યા હતા.

પાકિસ્તાનના કેપ્ટન સલમાન અલી આગાએ મેચ બાદ કબૂલ્યું હતું કે ઝાકળ (Dew) ફેક્ટરને કારણે બોલરોને મુશ્કેલી પડી હતી. ખાસ કરીને સ્પિનર ઉસ્માન તારિક માટે આજનો દિવસ ખરાબ રહ્યો, તેણે 4 ઓવરમાં વિકેટ વગર 43 રન આપ્યા હતા. તો બીજી તરફ પાકિસ્તાનના પ્રીમિયમ ફાસ્ટ બોલર શાહીન શાહ આફ્રિદીએ પણ નિરાશ કર્યા હતા. શાહીને છેલ્લી ઓવરમાં 22 રન આપ્યા અને કુલ 4 ઓવરમાં 48 રન ખર્ચી માત્ર 1 વિકેટ ઝડપી હતી. ઉલ્લેખનીય છે કે સલમાન અલી આગા ઉસ્માન તારિકને પોતાનો ટ્રમ્પ કાર્ડ ગણાવતા રહ્યા છે. સલમાન અલી આગાએ જણાવ્યું કે સમગ્ર વર્લ્ડ કપ દરમિયાન ટીમની બેટિંગ ચિંતાનો વિષય રહી છે. સાહિબઝાદા ફરહાનને બીજા છેડેથી યોગ્ય સાથ મળ્યો નથી. કેપ્ટને સ્પષ્ટ કર્યું કે મિડલ ઓર્ડરની સમસ્યા વર્ષોથી ચાલી આવે છે અને હવે તેના પર ગંભીરતાથી કામ કરવાની જરૂર છે. આ વર્લ્ડ કપ બાદ પાકિસ્તાની ટીમમાં મોટા ફેરબદલના સંકેતો પણ મળી રહ્યા છે. શ્રીલંકાના કેપ્ટન દાસુન શનાકાએ હાર માટે મુખ્ય ખેલાડીઓની ઈજાને જવાબદાર ગણાવી હતી. વાનિન્દુ હસરંગા અને મથીશા પથિરાનાની ગેરહાજરી ટીમને ભારે પડી છે. જોકે, તેમણે પવન રત્નાયકે અને દુનિથ વેલાલગે જેવી યુવા પ્રતિભાઓના પ્રદર્શનના વખાણ કર્યા હતા અને ચાહકોની માફી માંગતા મજબૂત વાપસીનો વિશ્વાસ અપાવ્યો હતો.

## T20 વર્લ્ડ કપથી બહાર ફેંકાતા જ શ્રીલંકન દિગ્ગજ જયસૂર્યા દુઃખી- કોચ પદ છોડવાના સંકેત આપ્યા

ICC T20 વર્લ્ડ કપ 2026માં શ્રીલંકન ટીમના નિરાશાજનક પ્રદર્શન બાદ સનથ જયસૂર્યાએ પોતાના ભવિષ્ય અંગે એક મોટો સંકેત આપ્યો છે. શ્રીલંકાના હેડ કોચ જયસૂર્યાએ સ્પષ્ટ કર્યું છે કે, 'હું હાલમાં પદ નથી છોડી રહ્યો, પરંતુ જો શ્રીલંકા ક્રિકેટ (SLC) ને યોગ્ય વિકલ્પ મળે તો હું જવાબદારી સોંપવા માટે તૈયાર છું.' જયસૂર્યાના નિવેદનથી એ સંકેત મળે છે કે હેડ કોચ તરીકેનો તેમનો કાર્યકાળ હવે નિર્ણાયક મોડ પર પહોંચી ગયો છે.

પાકિસ્તાન સામે 5 રનથી મળેલી હાર નજીકની બાદ એક પ્રેસ કોન્ફરન્સમાં સનથ જયસૂર્યાએ કહ્યું કે, 'મારા ભવિષ્ય અંગે હજુ કોઈ અંતિમ નિર્ણય લેવામાં નથી આવ્યો.' તેમનો વર્તમાન કોન્ટ્રાક્ટ જૂન 2026 સુધી છે. હવે શ્રીલંકાની આ જ મહિને અફઘાનિસ્તાન સામે મર્યાદિત ઓવરની સીરિઝ યોજાવાની છે, તો આવી સ્થિતિમાં બોર્ડ હાલ માટે સ્થિરતા જાળવી રાખવાના પક્ષમાં હોઈ શકે છે. સનથ જયસૂર્યાએ કહ્યું કે, 'મેં વિચાર્યું હતું કે, હું આ જવાબદારી બીજા કોઈને સોંપી દઉં. ઈંગ્લેન્ડ સીરિઝ દરમિયાન બે મહિના પહેલા પણ મેં કહ્યું હતું કે મારી અહીં લાંબા સમય સુધી રહેવાની યોજના નથી. જે રીતે વર્લ્ડ કપ સમાપ્ત થયો તેનો મને અફસોસ છે. છેલ્લા દોઢ વર્ષમાં અમે અમારા રેન્કિંગમાં સુધારો કર્યો છે અને ટીમને વધુ સારી સ્થિતિમાં પહોંચાડી છે. મારો કોન્ટ્રાક્ટ જૂનમાં સમાપ્ત થઈ રહ્યો છે. મેં હજુ સુધી સત્તાવાર રીતે બોર્ડને મારો નિર્ણય નથી જણાવ્યો.'

### જમ્મુ-કાશ્મીર માટે આકિબ નબી ડારે પહેલી ઈનિંગમાં પાંચ વિકેટ લીધી હતી

# ૯૧ વર્ષના ઈતિહાસમાં પહેલી વખત ચેમ્પિયન બન્યું જમ્મુ-કાશ્મીર, કર્ણાટકને ઈનિંગ્સ લીડથી હરાવ્યું



જમ્મુ-કાશ્મીરે રણજી ટ્રોફીનો ખિતાબ પોતાને નામ કરી ઈતિહાસ રચ્યો છે. જમ્મુ-કાશ્મીરે કર્ણાટક સામેની આ મેચ પ્રથમ ઈનિંગની લીડના આધારે જીતી હતી. જેમાં જમ્મુ-કાશ્મીરે પહેલી ઈનિંગમાં 291 રનની લીડ મેળવી હતી. જેમાં પાંચમા દિવસે જમ્મુ-કાશ્મીરે બીજી ઈનિંગમાં ચાર વિકેટ પર 342 રન કર્યા અને તેની કુલ લીડ 633 રન થઈ ગઈ હતી. જમ્મુ-કાશ્મીરના કેપ્ટન પારસ ડોગરાએ ઈનિંગ્સ ડિકલેર કરવાનો નિર્ણય લીધો. ત્યારબાદ બંને ટીમના કેપ્ટન દિવસની રમત સમાપ્ત કરવા સંમત થયા, જેના પરિણામે મેચ ડ્રો થઈ. આમ, જમ્મુ-કાશ્મીરે ઐતિહાસિક જીત મેળવી હતી.

આ મેચમાં જમ્મુ-કાશ્મીર માટે આકિબ નબી ડારે પહેલી ઈનિંગમાં પાંચ વિકેટ લીધી હતી. જ્યારે બીજી ઈનિંગમાં બેટર કામરાન ઈકબાલ અને સાહિલ લોટરાએ શાનદાર પ્રદર્શન કર્યું. બંને બેટ્સમેનોએ પાંચમી વિકેટ માટે અણનમ 197 રનની ભાગીદારી નોંધાવી હતી. ઈકબાલે 311 બોલમાં 16 ચોગ્ગા અને 3 છગ્ગાની મદદથી 160 રન બનાવ્યા હતા. જ્યારે સાહિલે 226 બોલમાં 8 ચોગ્ગા અને 3 છગ્ગા ફટકારીને 101 રન કર્યા હતા.

જમ્મુ-કાશ્મીરે પાંચમા દિવસે બીજી ઈનિંગ ચાર વિકેટ પર 186 રનથી આગળ રહી હતી. જમ્મુ-કાશ્મીર અને કર્ણાટકની મેચમાં ઈકબાલ અને સાહિલએ અંત સુધી શાનદાર પ્રદર્શન કર્યું. જેમાં કર્ણાટકના બોલર્સ બંનેની ભાગીદારી તોડી શક્યા ન હતા. અંતે મેચ ડ્રો થાય છે. કર્ણાટક તરફથી પ્રસિદ્ધ કૃષ્ણાએ બે વિકેટ, વિજયકુમાર વિશાક અને શ્રેયસ ગોપાલે એક-એક સફળતા મળી હતી. જમ્મુ-કાશ્મીરની પહેલી ઈનિંગના 584 રનના જવાબમાં કર્ણાટક 293 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. પહેલી ઈનિંગમાં 291 રનની લીડ હોવા છતાં જમ્મુ-કાશ્મીરે ફોલો-ઓન લાગુ ન કરવાનો નિર્ણય લીધો હતો.

### 3 અઠવાડિયા સુધી લાશ અંતિમ સંસ્કારની રાહ જોતી રહી

# કૉ-એક્ટ્રેસને બચાવવા હીરોએ છાતી પર ગોળી ઝીલી!:ચોરના વેશમાં આવેલા શખસો કાળ બનીને એક્ટરને ભરખી ગયા

**જોનીને તાત્કાલીક નજીકની હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, પરંતુ ત્યાં સુધીમાં તેનું મૃત્યુ થઈ ચૂક્યું હતું. મહત્ત્વની વાત એ છે કે, જોનીના મૃત્યુના ત્રણ અઠવાડિયા પછી તેના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા**

ની વાત છે, જ્યારે અમેરિકન એક્ટર જોની વેક્ટર પોતાનું શૂટિંગ પૂરું કરીને કૉ-એક્ટ્રેસ સાથે ઘરે પરત ફરી રહ્યો હતો. બંને જેવા લોસ એન્જલસના ડાઉનટાઉન પહોંચ્યા, તેવા ચાર લોકો અચાનક તેમની પાસે આવી ગયા અને તેમની કારમાં ચોરી કરવાનો પ્રયાસ કરવા લાગ્યા. શરૂઆતમાં જોની કંઈ સમજી શક્યો નહીં કે આખરે શું થઈ રહ્યું છે? પરંતુ જ્યારે તેને ખબર પડી કે, તેની કારમાં ચોરી થઈ રહી છે, તો તેણે પોતાની કૉ-એક્ટ્રેસને બચાવવાનો પ્રયાસ કર્યો. તેણે પોતાની સાથીને પોતાના શરીરથી ઢાંકી દીધી. ત્યારે ગુસ્સે ભરાયેલા ચોરોએ ગોળી ચલાવી દીધી, જે સીધી જોનીને વાગી. જોનીને તાત્કાલીક નજીકની હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, પરંતુ ત્યાં સુધીમાં તેનું મૃત્યુ થઈ ચૂક્યું હતું. મહત્ત્વની વાત એ છે કે, જોનીના મૃત્યુના ત્રણ અઠવાડિયા પછી તેના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. આ ઘટનાએ લોકોના મનમાં ઘણા પ્રશ્નો ઊભા કર્યા. શું જોનીની હત્યા માત્ર ચોરીની ઘટના હેઠળ થઈ કે તેની પાછળ કોઈ અન્ય ષડયંત્ર હતું? અને બીજો પ્રશ્ન એ કે આખરે જોનીના મૃત્યુના ત્રણ અઠવાડિયા પછી તેના અંતિમ સંસ્કાર શા માટે કરવામાં આવ્યા? આજે વણકહી વાર્તાના 3 ચેપ્ટરમાં વાંચો અમેરિકન એક્ટર જોની વેક્ટરના મોતની સંપૂર્ણ વાર્તા જોની વેક્ટરનો જન્મ 31 ઓગસ્ટ 1986ના રોજ અમેરિકાના સાઉથ કેરોલિનામાં થયો હતો. તેના બે ભાઈઓ લાન્સ અને ગ્રાન્ટ છે. જોનીનું બાળપણ અહીં જ વીત્યું અને તેણે 2004માં પોતાનો શાળાકીય અભ્યાસ પૂરો કર્યો. ત્યારબાદ તેણે બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં બેચલર ઓફ સાયન્સ (B.S.) અને સ્પેનિશમાં બેચલર ઓફ આર્ટ્સ (B.A.)ની ડિગ્રી મેળવી. જોની દેખાવમાં ખૂબ જ સ્માર્ટ અને આત્મવિશ્વાસુ હતો. અભ્યાસની સાથે-સાથે તેનો ઝુકાવ એક્સ્ટ્રા કરિક્યુલર પ્રવૃત્તિઓ તરફ વધુ હતો. તે હંમેશા કંઈક અલગ કરવા માંગતો હતો. તેના મનમાં એક્ટિંગની દુનિયામાં પગ મૂકવાની ઈચ્છા સતત મજબૂત થતી ગઈ. આખરે તેણે પોતાના દિલની વાત સાંભળી અને એક્ટિંગમાં કારકિર્દી બનાવવા માટે લોસ એન્જલસનો રસ્તો પકડ્યો.



જોકે, આ સફર બિલકુલ સરળ નહોતી. પહેલો મોટો મોકો મળતા પહેલા તેને ઘણો સંઘર્ષ કરવો પડ્યો. લોસ એન્જલસ પહોંચ્યા પછી તેની પાસે કોઈ કામ નહોતું, તેથી પોતાનો ખર્ચ ચલાવવા માટે તેને રેસ્ટોરન્ટ અને બારમાં નોકરી કરવી પડી. નોકરીની સાથે-સાથે તે સતત ઓડિશન આપતો રહ્યો અને આ દરમિયાન ઘણી વાર રિજેક્શનનો સામનો પણ કર્યો. આખરે, 2007માં તેને તેની કારકિર્દીનો પહેલો મોટો બ્રેક મળ્યો. તેણે ટીવી શો 'આર્મી વાઈવ્સ'થી ડેબ્યુ કર્યું. આ શો તેની કારકિર્દી માટે એક સીમાચિહ્નરૂપ સાબિત થયો, કારણ કે આના દ્વારા તેને તે ઓળખ મળવાની શરૂઆત થઈ, જેની દરેક કલાકારને ઈચ્છા હોય છે.આ પછી તેની કારકિર્દીએ ગતિ પકડી. 2020થી 2022 સુધી તેણે લોકપ્રિય સિરીઝ 'જનરલ હૉસ્પિટલ'માં બ્રાન્ડો કોર્બિનની ભૂમિકા ભજવી, જેનાથી તેને વધુ મોટી ઓળખ મળી. આ ઉપરાંત, તેણે 'સાઈબિરીયા' સિરીઝમાં પણ અભિનય કર્યો. જોનીએ ટીવીની સાથે ફિલ્મી દુનિયામાં પણ પગ મૂક્યો અને ત્યાં પણ પોતાની અલગ ઓળખ બનાવી.

જ્યારે જોનીને ઈન્ડસ્ટ્રીમાં ઓળખ મળવા લાગી, તે જ દરમિયાન તેની મુલાકાત એક્ટ્રેસ અને ડિરેક્ટર ટીસા સાથે થઈ. પહેલા બંને સારા મિત્રો બન્યા અને પછી ધીમે ધીમે એકબીજાને ડેટ કરવા લાગ્યા. વર્ષ 2010માં બંને રિલેશનશિપમાં આવ્યા, પરંતુ આ સંબંધ લાંબો સમય ટકી શક્યો નહીં અને 2013માં બંને અલગ થઈ ગયા. જોકે, જોનીએ પોતાની પર્સનલ લાઈફને ક્યારેય પોતાની પ્રોફેશનલ લાઈફ પર હાવી થવા દીધી નહીં અને તે સતત પોતાના કામ પર ધ્યાન કેન્દ્રિત કરતો રહ્યો.

પછી 25 મે, 2024 આવી. આ તે તારીખ અને વર્ષ હતું, જેમાં જોને કલ્પના પણ નહીં કરી હોય કે તેને પોતાની આ ઝાકઝમાળ ભરેલી દુનિયા છોડવી પડશે. ખરેખર, તે રાત્રે જોને પોતાનું શૂટિંગ પૂરું કર્યું અને પછી તે સેટ પરથી નીકળી ગયો. તેની સાથે તેની કૉ-સ્ટાર પણ હતી. બંને લોસ એન્જલસના ડાઉનટાઉનમાં પિકો બુલેવર્ડ અને હોપ સ્ટ્રીટના ખૂણા પર પહોંચ્યા જ હતા કે, તરત જ ત્યાં અચાનક ત્રણ લોકો આવી ગયા.

શરૂઆતમાં જોનને લાગ્યું કે કદાચ તેની કારને ઉઠાવીને લઈ જવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. પરંતુ જ્યારે જોનને ખબર પડી કે તેની 'ટોયોટા પ્રિયસ' કારમાંથી કેટાલિટીક કન્વર્ટર ચોરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, ત્યારે સૌથી પહેલા તેણે પરિસ્થિતિને સમજતા પોતાની કૉ-સ્ટારનો જીવ બચાવવાનો પ્રયાસ કર્યો અને તેને પોતાના શરીરથી ઢાંકવાનો પ્રયાસ કર્યો. પરંતુ ચોરને ખબર પડી ગઈ હતી કે, જોનને તેમના વિશે જાણ થઈ ગઈ છે, તેથી તેમણે જોન પર ગોળી ચલાવી દીધી, જેનાથી તેનું મોત નીપજ્યું.ઘટના બાદ ત્રણ આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા. જ્યારે જોનને તાત્કાલિક હૉસ્પિટલમાં લાવવામાં આવ્યો, પરંતુ ત્યાં સુધીમાં તેનું મૃત્યુ થઈ ગયું હતું. જોનના મૃત્યુના લગભગ ત્રણ અઠવાડિયા પછી એટલે કે 16 જૂન 2024ના રોજ તેના અંતિમ સંસ્કાર સમરવિલ બેપ્ટિસ્ટ ચર્ચમાં કરવામાં આવ્યા. આ ત્રણ અઠવાડિયાના અંતર પાછળ ઘણા કારણો હતા. સૌ પ્રથમ, હત્યાની ઘટનાની પોલીસ તપાસ અને પોસ્ટમોર્ટમની પ્રક્રિયા પૂર્ણ કરવી જરૂરી હતી, જેથી તમામ કાનૂની કાગળની કાર્યવાહી પૂરી થઈ શકે.આ ઉપરાંત, તેનો પરિવાર અને નજીકના સંબંધીઓ ઘણા અલગ-અલગ શહેરો અને રાજ્યોમાં રહેતા હતા, તેથી તેમને અંતિમ સંસ્કારમાં હાજર રહેવા માટે સમય આપવામાં આવ્યો.

### સુરક્ષિત ભારત પાછા ફરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસે મદદ માંગી

# ઈરાનના હુમલાઓ વચ્ચે દુબઈમાં ફસાઈ સોનલ ચૌહાણ: સહયોગની અપેક્ષા રાખું છું



એક્ટ્રેસ સોનલ ચૌહાણ હાલમાં દુબઈમાં ફસાયેલી છે. તાજેતરમાં ઈરાને વિશ્વના 8 દેશો પર હુમલો કર્યો છે, જેમાં દુબઈ પણ સામેલ છે. આ સ્થિતિમાં દુબઈની તમામ ફ્લાઈટ્સ રદ કરી દેવામાં આવી છે, જેના કારણે એક્ટ્રેસ ભારત પરત ફરી શકતી નથી. હવે એક્ટ્રેસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભારત પાછા ફરવા માટે મદદની અપીલ કરી છે.'જન્નત' ફેમ સોનલ ચૌહાણે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી દ્વારા જણાવ્યું છે કે તે દુબઈમાં અસુરક્ષિત અનુભવી રહી છે અને જલ્દી ભારત પાછા ફરવા માંગે છે. સોનલે લખ્યું છે,માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી, હું હાલમાં ચાલી રહેલા સંકટ વચ્ચે દુબઈમાં ફસાયેલી છું. ફ્લાઈટ્સ રદ થઈ ગઈ છે અને ભારત પાછા ફરવાનો કોઈ સ્પષ્ટ રસ્તો નથી. હું સુરક્ષિત ઘરે પાછા ફરવા માટે સરકાર પાસેથી માર્ગદર્શન અને સહયોગની અપેક્ષા રાખું છું. કોઈપણ મદદ માટે હું હૃદયપૂર્વક આભારી રહીશ. સોનલ ચૌહાણ દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ફસાયેલા ઘણા મુસાફરોમાં સામેલ છે. અચાનક ફ્લાઈટ્સ રદ થવાથી મુસાફરો મૂંઝવણભરી સ્થિતિમાં છે અને સત્તાવાર ઘોષણાઓની રાહ જોઈ રહ્યા છે. સોશિયલ મીડિયા પર શેર કરાયેલા વીડિયોમાં એરપોર્ટ ટર્મિનલ પર ભારે ભીડ અને ચિંતિત મુસાફરોને જોઈ શકાય છે.આ સંકટ પશ્ચિમ એશિયામાં તણાવ વધ્યા પછી શરૂ થયું છે. ઈઝરાયેલ અને અમેરિકા દ્વારા ઈરાનના સૈન્ય અને પરમાણુ ઠેકાણાઓ પર સંયુક્ત હુમલાઓ પછી સ્થિતિ વધુ વણસી ગઈ. તેના જવાબમાં, ઈરાન અને ઈરાક સહિતના ઘણા દેશોએ તેમના હવાઈ ક્ષેત્રો બંધ કરી દીધા છે, જેનાથી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પર વ્યાપક અસર પડી છે.ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ વચ્ચે દુબઈના બુર્જ ખલીફાને ખાલી કરાવવામાં આવ્યું છે. આખી બિલ્ડિંગની લાઈટો પણ બંધ કરી દેવામાં આવી છે. ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ વચ્ચે દુબઈના બુર્જ ખલીફાને ખાલી કરાવવામાં આવ્યું છે. આખી બિલ્ડિંગની લાઈટો પણ બંધ કરી દેવામાં આવી છે. એર ઈન્ડિયા અને ઈન્ડિગો જેવી એરલાઈન્સ કંપનીઓએ જણાવ્યું છે કે તેઓ ઉડ્ડયન સત્તાવાળાઓના સતત સંપર્કમાં છે અને સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. એરલાઈન્સે મુસાફરોને સત્તાવાર ચેનલો દ્વારા અપડેટ્સ મેળવતા રહેવાની અપીલ કરી છે. સુરક્ષિત ઉડ્ડયન માર્ગ ઉપલબ્ધ થતાં જ સેવાઓ ફરીથી શરૂ કરવામાં આવશે.


સોનલ ચૌહાણ દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ફસાયેલા ઘણા મુસાફરોમાં સામેલ છે. અચાનક ફ્લાઈટ્સ રદ થવાથી મુસાફરો મૂંઝવણભરી સ્થિતિમાં છે અને સત્તાવાર ઘોષણાઓની રાહ જોઈ રહ્યા છે. સોશિયલ મીડિયા પર શેર કરાયેલા વીડિયોમાં એરપોર્ટ ટર્મિનલ પર ભારે ભીડ અને ચિંતિત મુસાફરોને જોઈ શકાય છે.આ સંકટ પશ્ચિમ એશિયામાં તણાવ વધ્યા પછી શરૂ થયું છે. ઈઝરાયેલ અને અમેરિકા દ્વારા ઈરાનના સૈન્ય અને પરમાણુ ઠેકાણાઓ પર સંયુક્ત હુમલાઓ પછી સ્થિતિ વધુ વણસી ગઈ. તેના જવાબમાં, ઈરાન અને ઈરાક સહિતના ઘણા દેશોએ તેમના હવાઈ ક્ષેત્રો બંધ કરી દીધા છે, જેનાથી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પર વ્યાપક અસર પડી છે.ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ વચ્ચે દુબઈના બુર્જ ખલીફાને ખાલી કરાવવામાં આવ્યું છે. આખી બિલ્ડિંગની લાઈટો પણ બંધ કરી દેવામાં આવી છે. ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ વચ્ચે દુબઈના બુર્જ ખલીફાને ખાલી કરાવવામાં આવ્યું છે. આખી બિલ્ડિંગની લાઈટો પણ બંધ કરી દેવામાં આવી છે. એર ઈન્ડિયા અને ઈન્ડિગો જેવી એરલાઈન્સ કંપનીઓએ જણાવ્યું છે કે તેઓ ઉડ્ડયન સત્તાવાળાઓના સતત સંપર્કમાં છે અને સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. એરલાઈન્સે મુસાફરોને સત્તાવાર ચેનલો દ્વારા અપડેટ્સ મેળવતા રહેવાની અપીલ કરી છે. સુરક્ષિત ઉડ્ડયન માર્ગ ઉપલબ્ધ થતાં જ સેવાઓ ફરીથી શરૂ કરવામાં આવશે.

### લગ્ન બાદ પતિ વિજયના બાહુપાશમાં રશ્મિકા વીંટળાઈ!

# 'રણબાલી'ના નવા ગીતમાં જોવા મળી નવદંપતીની અદભુત કેમિસ્ટ્રી, 7 વર્ષ બાદ VIROSHનું કમબેક

નેશનલ ક્રશ રશ્મિકા મંદાના અને સાઉથ સ્ટાર વિજય દેવરકોંડા સાત જન્મો માટે બંધનમાં બંધાઈ ગયાં છે. આ ક્યૂટ કપલે 26 ફેબ્રુઆરી 2026ના રોજ પરંપરાગત વિધિથી લગ્ન કર્યાં છે. ત્યારે લગ્નના બે દિવસ બાદ જ બંને સ્ટાર્સે તેમના ચાહકોને સરપ્રાઈઝ આપ્યું છે. VIROSHની આગામી ફિલ્મ 'રણબાલી'નું ગીત રિલીઝ કરાયું છે, જેમાં બંને વચ્ચે રોમાંસ જોવા મળી રહ્યો છે. વાસ્તવમાં માઈથ્રી મૂવી મેકર્સે રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડા સ્ટારર ફિલ્મ 'રણબાલી'નું ગીત 'ઓ મેરે સાજન' રિલીઝ કર્યું છે. ગીતમાં વિજય રણબાલી અને રશ્મિકા જાયમ્માના પાત્રમાં ખૂબ જ સુંદર લાગી રહ્યા છે. ગીતમાં પણ નવદંપતિની વાત રજૂ કરવામાં આવી છે.

ગીતની શરૂઆતમાં રણબાલી અને જાયમ્મા (વિજય અને રશ્મિકા)ના લગ્નની વિધિ દર્શાવવામાં આવી છે. બાદમાં રણબાલી ગાડામાં તેની પત્ની જાયમ્માને લઈને ઘરે પહોંચે છે. બંને પરંપરાગત દક્ષિણ ભારતીય પોષાકમાં જોવા મળે છે. નવી વહુનો ગૃહપ્રવેશ થાય છે.બાદમાં જાયમ્મા બારણાની આડમાં પતિને જુએ છે, તેની સુંદરતાને જોઈ તે શરમાઈ જાય છે અને પોતાના કામમાં મશગૂલ થવાનો પ્રયત્ન કરે છે, પરંતુ રણબાલીનું આકર્ષણ ફરી ફરીને તેને જોવા માટે આકર્ષિત કરે છે. સાથે જ રણબાલી પણ ચૂપકે ચૂપકે પત્ની જાયમ્માને જોઈ લે છે. એક દ્રશ્યમાં રશ્મિકા વિજયની બાહોમાં વીંટળાયેલી



જોવા મળે છે, તો બીજા દ્રશ્યમાં હિંડોળે હીંચકતા સમયની પ્રેમાળ પળોને કેદ કરવામાં આવી છે. ગીત રિલીઝ કરવાની સાથે જ મેકર્સે રશ્મિકા અને વિજયને લગ્નની શુભેચ્છાઓ પણ પાઠવી છે.રાહુલ સંકૃત્યાનના ડિરેક્શનમાં બનેલી આ ફિલ્મે રિલીઝ પહેલાં જ દર્શકોમાં ઉત્સુકતા જગાવી છે. ફિલ્મમાં વિજય દેવરકોંડા બ્રિટિશ રાજના સમયના એક રફ એન્ડ ટફ અંદાજમાં જોવા મળી રહ્યો છે અને રશ્મિકા સુંદર ગૃહિણીના રૂપમાં દેખાઈ રહી છે. આ ફિલ્મ 19મી સદી પર આધારિત રણબાલી અને 1854થી 1878 વચ્ચે થયેલી સત્યઘટનાઓથી પ્રેરિત છે. આ ફિલ્મ વિદ્રોહ, ન્યાય અને બદલાની મહાગાથાને રજૂ કરશે.આ ફિલ્મને માઈથ્રી મૂવી મેકર્સના કે વાઈ. રવિ શંકર અને નવીન યેરનેનીએ ટી-સિરીઝ સાથે મળીને પ્રોડ્યુસ કરી છે. ફિલ્મમાં હોલીવુડ એક્ટર અર્નોલ્ડ વોસ્લુ સહિતના ઘણા ઉત્તમ કલાકારો મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. ફિલ્મ 'રણબાલી' 11 સપ્ટેમ્બર 2026ના રોજ થિયેટરમાં રિલીઝ થશે.વિજય અને રશ્મિકાએ 'ગીતા ગોવિંદમ' ફિલ્મમાં પહેલીવાર સાથે કામ કર્યું હતું. બાદમાં બંને 2019માં રિલીઝ થયેલી ફિલ્મ 'ડિયર કોમરેડ'માં સાથે જોવા મળ્યાં હતાં.તાજેતરમાં જ બંનેએ એકબીજાને અસલી જીવનમાં પણ પ્રભૂતામાં પગલાં માંડ્યાં છે ત્યારે બંનેને મોટા પડદે સાત વર્ષ બાદ સાથે જોવા માટે ચાહકો પણ ખૂબ જ ઉત્સુક છે. 'રણબાલી' ઉપરાંત રશ્મિકા ક્રિતી સેનન અને શાહીદ કપૂર સાથે 'કોકટેલ 2'માં પણ જોવા મળશે.

### કાન્યે વેસ્ટ પણ ભારત ધૂમ મચાવશે


# 19 વર્ષ પછી ભારતમાં ગુંજશે 'વક્કા વક્કા' એપ્રિલમાં દિલ્હી-મુંબઈમાં શકીરાનો લાઈવ કોન્સર્ટ યોજાશે



2010નો ફીફા વર્લ્ડ કપ ઘણી રીતે યાદ કરવામાં આવે છે. તેનું એક મોટું કારણ શકીરાનું ગીત 'વક્કા વક્કા' પણ છે. એ જ ગીત જેણે સ્ટેડિયમથી લઈને ભારતીય ટીવી સ્ક્રીન સુધી ધૂમ મચાવી દીધી હતી, હવે આ જ લોકપ્રિય ગીત 19 વર્ષ પછી ભારતમાં ફરીથી લાઈવ ગુંજવાનું છે.કોલમ્બિયન પોપ સ્ટાર શકીરા એપ્રિલ 2026માં મુંબઈ અને દિલ્હીમાં પરફોર્મ કરશે. 10 અને 15 એપ્રિલે યોજાનારા તેમના શો 'ફીડિંગ ઈન્ડિયા કોન્સર્ટ 2026' નો ભાગ હશે. ફક્ત શકીરા જ નહીં, આગામી કેટલાક મહિનાઓમાં ઘણા મોટા ગ્લોબલ આર્ટિસ્ટ પરફોર્મ કરશે. 29 માર્ચ 2026 ના રોજ અમેરિકી રેપર કાન્યે વેસ્ટ દિલ્હીના જવાહરલાલ નેહરુ સ્ટેડિયમમાં પોતાનો પહેલો ભારત કોન્સર્ટ કરશે. 24 વખત ગ્રેમી વિજેતાનો આ ડેબ્યૂ હિપ-હોપ ચાહકો માટે એક મોટી ક્ષણ માનવામાં આવી રહી છે. 18 એપ્રિલે મુંબઈમાં ઓસ્કર-નોમિનેટેડ કમ્પોઝર મેક્સ રિક્ટર પોતાનો પહેલો ભારતીય લાઈવ શો આપશે. તે હોલિવૂડ ફિલ્મો માટે બેકગ્રાઉન્ડ સ્કોર પણ આપી ચૂક્યા છે. તેવી જ રીતે 27 માર્ચે મુંબઈમાં બર્લિન બેઝ્ડ કલેક્ટિવ કાઈનેમ્યુઝિક પણ પરફોર્મ કરશે. લગભગ બે દાયકા પછી જર્મનીનો રોક બેન્ડ સ્કોર્પિયન્સ પણ ભારત પાછો ફરી રહ્યો છે. 21 થી 30 એપ્રિલની વચ્ચે શિલોંગ, ગુરુગ્રામ, બેંગલુરુ અને મુંબઈમાં તેમના શો યોજાશે. છેલ્લી વાર આ બેન્ડે ડિસેમ્બર 2007માં ભારતમાં પોતાનો કોન્સર્ટ કર્યો હતો. આ બેન્ડ 80ના દાયકાથી હિટ છે.

### 'ધુરંધર 2 અસાધારણથી પણ ચડિયાતી છે'

# યામી ગૌતમે રિલીઝ પહેલા જ ફિલ્મનો રિવ્યૂ આપ્યો, પતિ આદિત્ય ધરના ખોબલે ખોબલે વખાણ કર્યાં



રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર' સુપરહિટ સાબિત થઈ, ત્યારથી જ દર્શકોને ફિલ્મના બીજા ભાગની આતુરતાથી રાહ છે, જે 19 માર્ચે રિલીઝ થશે. આ દરમિયાન ફિલ્મના ડિરેક્ટર આદિત્ય ધરની પત્ની અને એક્ટ્રેસ યામી ગૌતમે ફિલ્મને લઈને ઉત્સાહ વધુ વધારી દીધો, જ્યારે તેણે જણાવ્યું કે, તે 'ધુરંધર 2' જોઈ ચૂકી છે. યામી ગૌતમે કહ્યું, 'મારા પતિએ 'ઉરી' જેવી ઘણી શ્રેષ્ઠ ફિલ્મો બનાવી છે. તાજેતરમાં તેમણે 'ધુરંધર' બનાવી છે. 'ધુરંધર' જેવી ફિલ્મ બનાવવા માટે તેમનામાં અદભુત જુસ્સો છે, નહીં તો આ શક્ય ન બનત.' જ્યારે એક્ટ્રેસને પૂછવામાં આવ્યું કે, 'શું તેમની કોઈ ફિલ્મ 19 માર્ચે રિલીઝ થઈ રહી છે?' તો તેણે જવાબ આપ્યો, 'જુઓ, 'ધુરંધર' સંબંધિત કોઈ પણ માહિતી આદિત્ય જ આપશે. બાકી બધાની જેમ મારે પણ તે દિવસે સિનેમા હોલમાં એક જરૂરી એપોઈન્ટમેન્ટ છે, તો તમારા બધા સાથે ત્યાં જ મુલાકાત થશે.' યામી ગૌતમે આગળ જણાવ્યું કે, તેણે 'ધુરંધર 2' જોઈ લીધી છે. એક્ટ્રેસે કહ્યું, 'મેં 'ધુરંધર 2' જોઈ લીધી છે. આ અસાધારણથી પણ ચડિયાતી છે. હું ખૂબ ભાવુક થઈ ગઈ હતી. તે દિવસે મારે ફ્લાઈટ પકડવાની હતી, તેથી હું આદિત્યને કંઈ કહી શકી નહીં. પછી પણ હું કંઈ કરી શકી નહીં. મારે સ્ક્રિપ્ટ વાંચવી હતી, પણ વાંચી શકી નહીં, કંઈક જોવું હતું, પણ જોઈ પણ શકી નહીં. 'ધુરંધર 2' દર્શકો માટે એક એવો અનુભવ હશે, જેને તેઓ ક્યારેય ભૂલી શકશે નહીં.'નોંધનીય છે કે, 'ધુરંધર 2' 19 માર્ચે સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ ફિલ્મનો ક્લેશ યશની ફિલ્મ 'ટોક્સિક' સાથે થશે. ફિલ્મમાં રણવીર સિંહ લીડ રોલમાં છે. તેમની સાથે આર માધવન, અર્જુન રામપાલ અને સંજય દત્ત જેવા કલાકારો પણ જોવા મળશે.યામી ગૌતમે કહ્યું, 'મારા પતિએ 'ઉરી' જેવી ઘણી શ્રેષ્ઠ ફિલ્મો બનાવી છે. તાજેતરમાં

તેમણે 'ધુરંધર' બનાવી છે. 'ધુરંધર' જેવી ફિલ્મ બનાવવા માટે તેમનામાં અદભુત જુસ્સો છે, નહીં તો આ શક્ય ન બનત.' જ્યારે એક્ટ્રેસને પૂછવામાં આવ્યું કે, 'શું તેમની કોઈ ફિલ્મ 19 માર્ચે રિલીઝ થઈ રહી છે?' તો તેણે જવાબ આપ્યો, 'જુઓ, 'ધુરંધર' સંબંધિત કોઈ પણ માહિતી આદિત્ય જ આપશે. બાકી બધાની જેમ મારે પણ તે દિવસે સિનેમા હોલમાં એક જરૂરી એપોઈન્ટમેન્ટ છે, તો તમારા બધા સાથે ત્યાં જ મુલાકાત થશે.' યામી ગૌતમે આગળ જણાવ્યું કે, તેણે 'ધુરંધર 2' જોઈ લીધી છે. એક્ટ્રેસે કહ્યું, 'મેં 'ધુરંધર 2' જોઈ લીધી છે. આ અસાધારણથી પણ ચડિયાતી છે. હું ખૂબ ભાવુક થઈ ગઈ હતી. તે દિવસે મારે ફ્લાઈટ પકડવાની હતી, તેથી હું આદિત્યને કંઈ કહી શકી નહીં. પછી પણ હું કંઈ કરી શકી નહીં. મારે સ્ક્રિપ્ટ વાંચવી હતી, પણ વાંચી શકી નહીં, કંઈક જોવું હતું, પણ જોઈ પણ શકી નહીં. 'ધુરંધર 2' દર્શકો માટે એક એવો અનુભવ હશે, જેને તેઓ ક્યારેય ભૂલી શકશે નહીં.'નોંધનીય છે કે, 'ધુરંધર 2' 19 માર્ચે સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ ફિલ્મનો ક્લેશ યશની ફિલ્મ 'ટોક્સિક' સાથે થશે. ફિલ્મમાં રણવીર સિંહ લીડ રોલમાં છે. તેમની સાથે આર માધવન, અર્જુન રામપાલ અને સંજય દત્ત જેવા કલાકારો પણ જોવા મળશે.